અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ એપ્રિલ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૪ | અંક : ૨૮૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગુજરાતના સરકારી કર્મચારીઓ-પેન્શનરો માટે ખુશખબર

## સરકારી કર્મચારીઓના DAમાં ૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય

### પહેલી જાન્યુઆરીથી તફાવતની રકમ એપ્રિલ મહિનાના પગારમાં ચૂકવવામાં આવશે : રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાત સરકારે ફરી એકવાર સરકારી કર્મચારીઓને આનંદના સમાચાર આપ્યા છે. આજે મળેલી કેબિનેટમાં રાજ્યના સરકારી કર્મચારીઓના DAમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. સરકારી કર્મચારીઓના DAમા ૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામા આવ્યો છે.

કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૫મા કેન્દ્ર સરકારના કર્મચારીઓને વધારો આપ્યો હતો, ત્યારથી તેઓ રાહ જોઈ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે હાલ રાજ્ય સરકારના કર્મચારીઓને ૫૩% ડીએ મળે છે. આજની કેબિનેટ બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.

જોકે, આ વધારેલું ડીએ ક્યારેથી લાગુ થશે તે અંગે હજુ માહિતી સામે આવી નથી. રાજ્યના સરકારી કર્મચારીઓને માટે એક આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ માટે એક મોટો નિર્ણય લીધો છે, જે અંતર્ગત હવે કર્મચારીઓના ડીએમાં વધારો કરવામાં આવ્યો છે.

આ સાથે જ રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓના ડ્ઢછમાં વધારો કરશે. રાજ્ય સરકારના કર્મચારીઓને હાલ ૫૩% ડીએ મળે છે, હવેથી ૫૩ના બદલે હવે રાજ્યના કર્મચારીઓને ૫૫ ટકા ડ્ઢછ મળશે. જોકે, વધારેલું DA ક્યારથી લાગુ થશે તે અંગે સત્તાવાર જાહેરાતમાં ખબર પડશે. ૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ ૨% ડીએમાં વધારો કર્યો તે રાજ્ય સરકારે તાત્કાલિક ૧૫ દિવસમાં અમલ કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારને પગલે હવે રાજ્ય સરકારે પણ ૨% ડીએમાં વધારો કર્યો છે. પહેલી જાન્યુઆરીથી તફાવતની રકમ એપ્રિલ મહિનાના પગારમાં ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે. કુલ નવ લાખ કર્મચારી અને પેન્શનરોનું લાભ રહેશે. આ નિર્ણય રાજ્ય સરકારના કર્મચારીઓ માટે છે. બોર્ડ નિગમના કર્મચારીઓનો લાભ નહીં મળે. આ નિર્ણય સરકાર હવે પછી લેશે. રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું કે, સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવવામાં આવશે.

**રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે**

**આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૮ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૧ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. એટલું જ નહિ, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૯૪૬ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે થશે. રાજ્ય મંત્રીમંડળની બેઠકે કરેલા આ નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.**

**ભારતીય રૂપિયો ૮૫.૬૮ પ્રતિ ડોલર પર બંધ**

## સતત બીજા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

આજના ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી પર ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, ટ્રેન્ટ, ઓએનજીસી, એશિયન પેઈન્ટ્સના શેરો ટોપ ગેયરમાં જોવા મળ્યા હતા. જ્યારે મારુતિ સુઝુકી, હિન્ડાલ્કો, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, ટાટા મોટર્સના શેર ટોચના ઘટાડાની યાદીમાં સામેલ થયા હતા. BSE પર સેન્સેક્સ ૩૦૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૦૪૪.૬૫ પર બંધ થયો હતો. NSE પર નિફ્ટી ૦.૪૫ ટકાના વધારા સાથે ૨૩,૪૩૩.૬૫ પર બંધ થયો હતો. IT, ઓટો સિવાય, અન્ય તમામ સૂચકાંકો લીલા નિશાન પર ટ્રેડ થયા હતા. જેમાં મીડિયા, PSU બેંકો, તેલ અને ગેસ કંપનીઓના શેર ૧-૨ ટકા વધ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. બુધવારે ભારતીય રૂપિયો ૮૫.૬૮ પ્રતિ ડોલર પર બંધ થયો હતો. જે મંગળવારના ૮૫.૭૭ના બંધ થયો હતો.

### ન્યૂઝ બ્રિફ

#### મુર્શિદાબાદની નાની હિંસાને મોટું રૂપ અપાયું : મમતા

। (એજન્સી) કોલકાતા, તા.૧૬ ।

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનરજીએ કોલકાતામાં વક્ફ કાયદા મુદ્દે વિશાળ ઈમામ સંમેલનનું આયોજન કર્યું હતું. જેમાં વક્ફ કાયદાનો વિરોધ કરવાની સાથે નાયડૂ અને નીતિશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા. વક્ફની જમીન પર હિન્દુઓ પર રહેતાં હોવાનું નિવેદન આપતાં મુર્શિદાબાદમાં થયેલી હિંસાને વધારી-ચડાવીને લોકો સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનો આક્ષેપ પણ મૂક્યો હતો. મમતા બેનરજીએ જણાવ્યું કે, હિન્દુઓએ સામાજિક કલ્યાણ માટે વક્ફને સંપત્તિ દાન કરી હતી. આજે અનેક સ્થળો પર વક્ફ સંપત્તિઓ પર હિન્દુ પરિવાર વસી રહ્યા છે. ભાજપે સ્ટેટ વક્ફ બોર્ડ તોડવા અને તેનું નિયંત્રણ પોતાના હાથમાં લીધુ છે. દેશમાં તમારી પાસે સંપૂર્ણ બહુમત નથી. તેમ છતાં તમે પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યા છે.

#### ચીન પર ટેરિફ વધારીને ૨૪૫ ટકા કરી દેવાયો

। વોશિંગ્ટન, તા.૧૬ ।

ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડવૉરની સ્થિતિ સતત વણસી રહી છે. ચીને નમતું ન મૂકતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ડ્રેગન પર વિફર્યા છે. તેમણે ચીનમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર ટેરિફ ૧૪૫ ટકાથી વધારી ૨૪૫ ટકા કર્યો છે. આ પગલાં સાથે બંને દેશો વચ્ચે ચાલી રહેલો ટ્રેડવૉર ભયાવહ બન્યો છે. વ્હાઈટ હાઉસે ચીનની બદલાની ભાવનાને ધ્યાનમાં લેતાં ટેરિફ ૧૦૦ ટકા વધારી ૨૪૫ ટકા કર્યો હોવાની જાહેરાત કરી હતી. અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની જાહેરાત સાથે જ ચીને સામે વળતો પ્રહાર કરવાનું શરૂ કર્યો હતો. અમેરિકા અને ચીન વારાફરતી એકબીજા પર ટેરિફનો દર વધારી રહ્યા છે. અગાઉ અમેરિકાએ ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, તો સામે ચીને અમેરિકા પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.

### મમતા બેનર્જીનું મોટું એલાન; ઈમામો સાથે બેઠક કરી

## બીજેપી સરકાર હટતા જ વક્ફ કાયદો રદ કરી દઈશું

### મમતા બેનરજીએ કહ્યું કે બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે, જ્યાં હિંસા થઈ, ત્યાં કોંગ્રેસની બેઠક છે

। (એજન્સી) કોલકાતા, તા.૧૬ ।

વક્ફ કાયદા વિરુદ્ધ શેરીઓથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી લડાઈ ચાલી રહી છે. મમતા બેનર્જીના પશ્ચિમ બંગાળમાં સૌથી મોટો સંઘર્ષ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ વક્ફ એક્ટ સામે મોરચો ખોલ્યો છે. સીએમ મમતા આજે કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ પહોંચ્યા જ્યાં તેમણે મુસ્લિમ ધાર્મિક નેતાઓ અને ઈમામોને મળ્યા.

આ દરમિયાન તેમણે વક્ફ કાયદા અંગે ઈમામોને સંબોધ્યા. મમતાએ કહ્યું કે બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે. જ્યાં હિંસા થઈ, ત્યાં કોંગ્રેસની બેઠક છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી સત્તા



પરથી હટતાંની સાથે જ વક્ફ સુધારો કાયદો રદ કરવામાં આવશે.

મમતા બેનર્જીએ કહ્યું કે યુપી અને બિહારના વીડિયો બતાવીને બંગાળને બદનામ કરવામાં આવી રહ્યું છે. ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. ભાજપ ખોટા વીડિયો બતાવીને બદનામ કરી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે સરહદ સુરક્ષા બીએસએફની જવાબદારી છે. જો તમારે બંગાળ વિશે વાત કરવી હોય તો મારી સામે બોલો. બંગાળને બદનામ કરવા માટે બનાવટી મીડિયા રિપોર્ટ્સ અમે પકડી પાડ્યા છે. હું બધા ઈમામો અને પુરોહિતોનો આદર કરું છું. અમે રવીન્દ્રનાથ ટાગોરની વિચારધારામાં માનીએ છીએ. બંગાળમાં હિંસા ભડકાવવાના ભાજપના કાવતરામાં ન પડો. મમતાએ વક્ફ કાયદા અંગે ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરવા માટે ઈમામો સાથે બેઠક યોજી હતી, જેમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ સૈફુલ્લાહ રહેમાની, AIMPLBના મહાસચિવ ફઝલુર રહીમ મુજદ્દીદી અને કોલકાતાના મેયર ફિરહાદ હકીમ સહિત ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓ અને ઈમામો હાજર રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદા વિરુદ્ધ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ અંગે મુસ્લિમ સમુદાયના લોકો રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હકીકતમાં, મુસ્લિમ સમુદાય વક્ફને શરિયાનો ભાગ ગણાવી રહ્યો છે અને તેથી તેમાં કોઈ દખલગીરી સ્વીકારી રહ્યો નથી. ઉલ્લેખનીય છે કે મમતા બેનર્જીની પાર્ટીએ સંસદમાં પણ આ બિલનો વિરોધ કર્યો હતો અને જ્યારે બિલ પસાર થયું અને રાષ્ટ્રપતિની મંજૂરી મળી, ત્યારે મમતા બેનર્જીએ કહ્યું હતું કે તેઓ આ કાયદાને પશ્ચિમ બંગાળમાં લાગુ થવા દેશે નહીં.

**વક્ફ બાય યુઝર સંપત્તિઓને ડિનોટિફાઈ કરવા મુદ્દે સરકારની ટીકા**

## નવા વક્ફ કાયદા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

નવા વક્ફ કાયદા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ. કોર્ટમાં ૭૩ અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાંથી આજે દસ અરજીઓ પર સુનાવણી થવાની વાત કહેવામાં આવી હતી. વક્ફ સુધારા કાયદાની માન્યતાને કોર્ટમાં પડકારવામાં આવી છે. અરજીઓમાં દાવો કરવામાં આવ્યો હતો કે સુધારેલા કાયદા હેઠળ વક્ફ મિલકતોનું સંચાલન અસામાન્ય રીતે કરવામાં આવશે અને આ કાયદો મુસ્લિમોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. તાજેતરમાં, કેન્દ્ર સરકારે વક્ફ કાયદામાં સુધારો કર્યો હતો, જેનો અમલ કરવામાં આવ્યો છે. આ અંગે કેટલીક જગ્યાએ વિરોધ પ્રદર્શનો થયા છે અને ઘણી જગ્યાએ હિંસક ઘટનાઓ પણ નોંધાઈ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તાક્ષર બાદ ૫ એપ્રિલે સંસદમાં ચર્ચા દરમિયાન આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આ મામલે નોંધ લીધી છે કે, આ મુદ્દે સર્જાયેલી હિંસા એ ખૂબ જ હેરાન કરનારો મામલો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે વધુ સુનાવણી આવતીકાલે ગુરૂવારે બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કર્યો છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે, સામાન્ય રીતે, જ્યારે કાયદો પસાર થાય છે ત્યારે અમે હસ્તક્ષેપ કરતા નથી, પરંતુ આ કાયદામાં અપવાદો ઘણા છે. અહીં વક્ફ બાય યુઝરના કિસ્સામાં ઘણી ગંભીર સમસ્યાઓ સર્જાશે. વક્ફ બાય યુઝર ૧૯૪૦થી લાગુ છે. સુપ્રીમ કોર્ટે આ સુનાવણીમાં કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી. કેન્દ્ર સરકાર દ્વારા વક્ફ બાય યુઝરની સંપત્તિઓને રદ કરવાની કવાયત પર આકરા સવાલો પૂછ્યા હતાં. CJIએ સ્પષ્ટપણે કહ્યું કે, જો આ સંપત્તિઓને ડિનોટિફાઈ (રદ કરવામાં આવશે, તો તે એક મોટો મુદ્દો બની શકે છે. સરકાર તરફથી દલીલ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને CJIએ પૂછ્યું કે, તમે હજી પણ મારા સવાલનો જવાબ આપી રહ્યા નથી. શું વક્ફ બાય યુઝરની માન્યતા રદ કરવામાં આવશે કે નહીં? જેના જવાબમાં એસજી મહેતાએ કહ્યું કે, જો સંપત્તિ રજિસ્ટર્ડ છે, તો તે વક્ફ ગણાશે. જેના પર CJIએ કહ્યું કે, વક્ફ બાય યુઝર સંપત્તિઓને રદ કરવામાં આવી તો તે ગંભીર મુદ્દો બનશે. સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે, વક્ફ સંશોધન બિલ પર વિચાર વિમર્શ માટે જેપીસીની રચના કરવામાં આવી હતી.

### રાહુલ ગાંધી પર ચાર્જશીટ મુદ્દે અખિલેશનું નિવેદન

## કોંગ્રેસે જ ED બનાવી અને પોતે જ પરેશાન : અખિલેશ

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે રાહુલ અને સોનિયા ગાંધી સંબંધિત ચાર્જશીટ કેસ પર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, કોંગ્રેસે ઈઙ્ઘ બનાવ્યું હતું અને આજે ઈઙ્ઘના કારણે તેઓ જ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ED જેવા વિભાગને ખતમ કરી દેવા જોઈએ ઓડિશાના ભુવનેશ્વર ખાતે પહોંચેલા અખિલેશ યાદવે કહ્યું કે, આમ તો હું ઘણીવાર ઓડિશા આવી ચૂક્યો છું, પરંતુ હમણાં ઘણા સમય પછી આવવાનું થયું છે. સમાજવાદી પાર્ટીની કોશિશ છે કે, ઓડિશામાં પાર્ટી બને અને તેને આગળ વધારવામાં આવે. અખિલેશ યાદવે બુધવારે ઈટાવાના ચંબલના કોતરોમાં મોટા પાયે ગેરકાયદેસર ખાણકામ અને પર્યાવરણીય વિનાશનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશ સરકારના અધિકારીઓ પર આખે આખા પહાડો ગાયબ કરવામાં મદદ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર કડક શબ્દોમાં લખવામાં આવેલી પોસ્ટમાં યાદવે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શું ઈટાવામાં સુમેર સિંહ કિલ્લા નજીકના નાના- મોટા પહાડો શું નાના- મોટા અધિકારીઓ સાથે બસ્તી-ગોરખપુરમાં ટ્રાન્સફર કરી દીધા છે?

### ૧૪મી મેના રોજ લેશે શપથ

## ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈ બનશે ભારતના આગામી CJI

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સંજીવ ખન્નાએ અધિકૃત રીતે ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈને પોતાના ઉત્તરાધિકારી બનાવવાની ભલામણ કરી છે અને તેમના નામને મંજૂરી માટે કેન્દ્રીય કાયદા મંત્રાલયને મોકલી દીધુ છે. આ ભલામણથી હવે ન્યાયમૂર્તિ ગવઈ ભારતના ૫૨માં મુખ્ય ન્યાયાધીશ બનશે એ નક્કી થઈ ગયું છે. જસ્ટિસ ગવઈનો જન્મ ૨૩ નવેમ્બર ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં થયો હતો. તેમના પિતા આરએસ ગવઈ એક જાણીતા રાજનેતા હતા. જે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (RPI)ના નેતા, સાંસદ અને બિહાર, સિક્કિમ તથા કેરળના રાજ્યપાલ રહી ચૂક્યા છે. જસ્ટિસ ગવઈએ ૧૬ માર્ચ ૧૯૮૫ના રોજ વકીલ તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શરૂઆતમાં તેમણે જાણીતા પૂર્વ વકીલ અને હાઈકોર્ટના જજ રાજા એસ ભોંસલે સાથે કામ કર્યું. ૧૯૮૭ થી ૧૯૯૦ સુધી તેમણે મુંબઈ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી અને પછી નાગપુર બેન્ચમાં બંધારણીય અને પ્રશાસનિક કાનૂનના કેસોમાં કામ કર્યું. તેઓ નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન, અમરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમરાવતી યુનિવર્સિટીના સ્ટેન્ડિંગ કાઉન્સિલ રહ્યા.

**કૃષિ ક્ષેત્ર માટે શુભ સમાચાર**

## આ વર્ષે વર્ષા ૧૦૫ ટકાથી વધુ થશે, અલ-નીનોની આ વર્ષે અસર નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વર્ષ શબ્દ જ વર્ષા ઉપરથી આવ્યો છે. ભારત વર્ષા આધારિત દેશ છે માટે તો સંપૂર્ણ નામ ભારત-વર્ષ છે. આનંદની વાત તે છે કે ભારતીય મૌસમ વિજ્ઞાન વિભાગ (આઈએમડી) એ આગાહી કરી છે કે આ વર્ષે વરસાદની સીઝનમાં જોરદાર વરસાદની સંભાવના છે. આ સમાચાર ભારતનાં કૃષિ ક્ષેત્ર તેમજ અર્થતંત્ર માટે સૌથી સારા છે. કારણ કે ભારતમાં સકળ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં કૃષિ ક્ષેત્રનું ૧૮ ટકા જેટલું પ્રદાન છે. વળી આ ક્ષેત્ર સૌથી વધુ રોજગાર આપે છે. દેશની ૪૫ ટકાથી વધુ વસ્તી કૃષિ આધારિત છે. ભારતનાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના મંત્રી એમ રવિચંદ્રને કહ્યું હતું કે આ વર્ષે, દીર્ઘકાલીન મોસમ પુર્વાનુમાન પ્રમાણેનું દેશમાં સરેરાશ ૧૦૫ ટકાથી પણ થોડી વધુ વર્ષા થવા સંભવ છે. આ સાથે મોસમ વિભાગે અલ નીનોની અસર નહીં થાય તેમ પણ કહ્યું છે. ભારતીય મોસમ વિજ્ઞાન વિભાગ (આઈએમડી) ના વડા મૃત્યુંજય મહાપાત્રાએ નવી દિલ્હીમાં એક સંવાદદાતા સંમેલનમાં કહ્યું, ભારતમાં ચાર મહિનાની (જૂન થી સપ્ટે) વર્ષાઋતુમાં સામાન્ય કરતાં વધુ વર્ષા થવાની સંભાવના છે. કુલ દીર્ઘકાલીન વર્ષાની સરેરાશની ગણતરી મુકતા આ વર્ષે સરેરાશ વર્ષા ૧૦૫ ટકા જેટલી એટલે કે ૮૭ સેમી (૩૨-૩૩ ઈંચ) થી વધુ રહેવાની સંભાવના છે.

## ભાજપ-AIADMKના ગઠબંધનમાં ચાર જ દિવસમાં તિરાડ પડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અન્નાદ્રમુક (છૈંછડ્ઢસ્દ્ભ) અને ભાજપ વચ્ચે ચાર દિવસ પહેલા ગઠબંધન થયું હતું. ગયા અઠવાડિયે બંને પક્ષોએ ૨૦૨૬ની તમિલનાડુ ચૂંટણી માટે હાથ મિલાવ્યા હતા, પરંતુ અન્નાદ્રમુકના નેતા ઈ.કે.પલાનીસ્વામીના તાજેતરના નિવેદનથી ગઠબંધનમાં તિરાડ પડી રહી હોય તેવું લાગી રહ્યું છે. તેમણે કહ્યું કે, બંને પાર્ટીઓનું ગઠબંધન માત્ર ચૂંટણી માટે છે અને તેઓ ગઠબંધન સરકાર બનાવશે નહીં. તેમના નિવેદનથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે અને ભાજપની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. પલાનીસ્વામીના નિવેદ પરથી લાગી રહ્યું છે કે, તેમનો પક્ષ ગઠબંધન સરકાર સ્વીકારશે નહીં. તેમનું કહેવું છે કે, ભાજપ સાથે માત્ર ચૂંટણી માટે ગઠબંધન કરાયું છે.

**સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો**

## ઉર્દૂ ભાષાનો જન્મ ભારતમાં થયો, મુસ્લિમ ધર્મ સાથે જોડવું ખોટું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે મહારાષ્ટ્રના અકોલા જિલ્લાની પાતુર નગર નિગમના સાઈનબોર્ડ પર ઉર્દૂ ભાષાના ઉપયોગને મંજૂરી આપતાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો. કોર્ટે કહ્યું ભાષા સંસ્કૃતિનો હિસ્સો છે અને તેનો ઉપયોગ લોકોને વિભાજિત કરવા માટે ન કરવો જોઈએ. ઉર્દૂ ગંગા-જમુની તહેજીબનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અને આ ભાષાનો જન્મ ભારતમાં જ થયો છે. જસ્ટિસ સુધાંશુ ધૂલિયા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે પાતુર નગર નિગમના પૂર્વ કાઉન્સિલર વર્ષાતાઈ સંજય બાંગડેની અરજી ફગાવી દીધી હતી. અરજદારે સાઈનબોર્ડ પર ઉર્દૂ ભાષાના ઉપયોગને પડકાર્યો હતો અને દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર સ્થાનિક ઑથોરિટી (સત્તાવાર ભાષા) ઍક્ટ, ૨૦૨૨ હેઠળ ફક્ત મરાઠીનો ઉપયોગ થવો જોઈએ. તેની સામે સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે ભાષા કોઈ ધર્મની ન હોઈ શકે, તે કોઈ સમુદાય કે ક્ષેત્ર અને લોકોની હોય છે.જસ્ટિસ ધૂલિયાએ તેમના ચુકાદામાં કહ્યું કે ઉર્દૂ ભાષાનો જન્મ ભારતમાં થયો છે અને તેને કોઈ ધર્મ સાથે જોડવી એ યોગ્ય નથી. આ ગંગા-જમુની તહેજીબનું પ્રતીક છે જે ઉત્તર અને મધ્ય ભારતના સમન્વિત સાંસ્કૃતિક વારસાને દર્શાવે છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઉર્દૂ અને મરાઠી બંનેને બંધારણ હેઠળ સમાન દરજ્જો છે.

## ન્યૂઝ બ્રિફ

### દેશના વિકાસ-પ્રગતિનું સારી યુનિવર્સિટીઓ પણ એક માપદંડ

। (એજન્સી) આણંદ, તા.૧૬ ।

આણંદની એક યુનિવર્સિટીમાં આજે વિદેશમંત્રી એસ. જયશંકરનું ઈન્ટરેકટિવ સેશન યોજાયું હતું. જેમાં તેમણે કહ્યું કે, કોઈપણ દેશના વિકાસ અને પ્રગતિના માપદંડોમાં એક માપદંડ દેશની સારી યુનિવર્સિટીઓ પણ છે. જો દેશમાં સારી યુનિવર્સિટી ન હોય તો તે દેશ વિકસિત બની નથી શકતો. વિદેશમંત્રીએ પ ાકિસ્તાન મુદ્દે કહ્યું કે, પાકિસ્તાન હાલ IT (ઈન્ટરનેશનલ ટેરેરિઝમ) અને ભારત IT (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)થી ઓળખાય છે. ભારત સરકારના વિદેશ મંત્રી એસ.જયશંકરે મંગળવારે આણંદની ચારૂરેટ યુનિ.માં વકતવ્ય આપતા કહ્યું કે, દેશના વિકાસની-પ્રગતિની વાત કરવામા આવે ત્યારે વિવિધ માપદંડોમાંનું એક સારી યુનિવર્સિટી પણ છે. યુનિવર્સિટીઓ દેશની સાચી ઈકોનોમી, સાચી સોસાયટીનું પ્રતિબિંબ છે. જો સારી યુનિવર્સિટી દેશમાં હોય તો નક્કી થાય છે કે તે દેશ પ્રોગ્રેસિવ છે. વિદેશમંત્રીએ સરદાર પટેલના ચાઈના મુદ્દે તે સમયના વિચારો અને દેશને એક કરવા માટેની મહેનત સાથે તેમની લીડરશીપ-દેશભક્તિને પણ યાદ કરી હતી. દેશના યુવાનો વિદેશમાં જાય છે ત્યારે તે અંગે તેમણે કહ્યું કે, ઈન્ડિયા-વર્લ્ડ કનેકશન વધ્યું છે અને ગ્લોબલ વર્ક પ્લેટફોર્મ ભારતના યુવાનોના ટેલેન્ટ-સ્કિલ્સને લીધે તેમને આવકાર મળી રહ્યો છે. રૂપિયા, પાવર અને ટેક્નોલોજી-પોલિસી ધરાવતા જર્મની-અમેરિકા સહિતના ઘણાં દેશો ભારતના યુવાનોનું ટેલેન્ટ ઈચ્છે છે. પાકિસ્તાન મુદ્દે વિદેશમંત્રીએ કહ્યું કે, ભારત બદલાયુ છે અને પાકિસ્તાન પણ બદલાયુ હશે તેવુ માનીએ પરંતુ પાકિસ્તાનની ઘણી ખરાબ આદતો છે.

### વલસાડ બાંદ્રા ટ્રેન ફરીથી શરૂ કરવા માગ કરવામાં આવી

। (એજન્સી) વલસાડ, તા.૧૬ ।

દક્ષિણ ગુજરાતમાં વલસાડના મુસાફરો મુંબઈ તરફ જવા માટે વલસાડ બાંદ્રા ઈન્ટરસીટી ટ્રેનનો ઉપયોગ કરતા હતાં. આ ટ્રેનમાં મુસાફરોની ભારે ભીડ રહેતી હતી. ૨૦૨૦મા કોરોના કાળ શરૂ થતાં સરકારે આ ટ્રેન બંધ કરવાનો નિર્ણય લીધો હતો. કોરોના કાળથી ટ્રેન બંધ રહેલી ટ્રેનને ફરી શરૂ કરવા માટે વલસાડના ભાજપના સાંસદે રેલવે મંત્રીને પત્ર લખીને માગ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે લોકસભાના દંડક અને વલસાડના ભાજપના સાંસદ ધવલ પટેલે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, કોરનાકાળથી બંધ કરવામાં આવેલી વલસાડ બાંદ્રા ટ્રેન ફરીથી શરૂ કરવામાં આવે. કારણ કે નોકરી ધંધે જતા અથવા તો અભ્યાસ અર્થે જતા મુસાફરોનો સમય બચશે. તેમજ તેમના પ્રવાસમાં સરળતા રહેશે. તેમણે વલસાડ સ્ટેશન પર વંદે ભારત, શતાબ્દિ એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજ આપવા માટે પણ વિનંતી કરી હતી. વલસાડથી બાંદ્રા જવા માટે વલસાડ બાંદ્રા ઈન્ટરસીટી ટ્રેન લોકો માટે મહત્વની સાબિત થઈ હતી. પરંતુ કોરોના કાળમાં જ્યારે ટ્રેનો બંધ કરવામાં આવી ત્યારે આ ટ્રેન પણ બંધ કરાઈ હતી. પરંતુ હવે કોરોનાકાળ પૂર્ણ થયો છે અને જન જીવન રાબેતા મુજબ શરૂ થઈ ગયું છે. વલસાડથી લોકલ ટ્રેનનો કોઈ વિકલ્પ નહીં હોવાથી રોજ અવરજવર કરતા હજારો પ્રવાસીઓને ટ્રેનમા જનરલ કોચની સુવિધા મળતી નથી. જેથી પ્રવાસીઓને ભારે મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

# સિનિયર બની બેઠેલા નેતાઓ બુથ પણ જીતાડી શકતા નથી: રાહુલ ગાંધી

। મોડાસા, તા.૧૬ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર કહ્યું કે જો કોઈ ભાજપને હરાવી શકે છે તો તે ફક્ત કોંગ્રેસ પાર્ટી છે. જો આપણે દેશમાં RSS અને BJP ને હરાવવા હોય, તો તે રસ્તો ગુજરાતમાંથી પસાર થાય છે. ઉપરાંત, પાર્ટીની અંદરના ઝઘડાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે અમારા કેટલાક લોકો ભાજપ સાથે જોડાયેલા છે, તેમને ઓળખીને બહારનો રસ્તો બતાવવાની જરૂર છે.

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી હાલમાં ગુજરાતના પ્રવાસે છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કોંગ્રેસ કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું, દેશમાં ચાલી રહેલી લડાઈ ફક્ત રાજકીય લડાઈ નથી, પરંતુ ભાજપ-આરએસએસ અને કોંગ્રેસ વચ્ચેની વૈચારિક લડાઈ પણ છે. આખો દેશ જાણે છે કે જો કોઈ ભારતીય જનતા પાર્ટીને હરાવી શકે છે, તો તે ફક્ત કોંગ્રેસ પાર્ટી છે.



કાર્યકરોમાં વિજયની ભાવના જગાડતા રાહુલ ગાંધીએ કહ્યું, જો આપણે દેશમાં RSS અને BJP ને હરાવવા હોય, તો તે રસ્તો ગુજરાતમાંથી પસાર થાય છે. અમારી પાર્ટીની શરૂઆત ગુજરાતથી જ થઈ હતી. અમારા મહાન નેતાઓ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ આપ્યા, પરંતુ અમે લાંબા સમયથી ગુજરાતમાં નિરાશ છીએ.

તેમણે વધુમાં કહ્યું, હું તમારા જિલ્લાના ઘણા વરિષ્ઠ નેતાઓને મળ્યો, જેમણે મને કહ્યું કે અમારી વચ્ચેની સ્પર્ધા રચનાત્મક નહીં પણ વિનાશક છે. બીજું, સ્થાનિક ટિકિટ વિતરણમાં સ્થાનિક લોકોનો સમાવેશ થતો નથી. પોતાના સંબોધન દરમિયાન ઘોડાનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહ્યું, ''ત્રણ પ્રકારના ઘોડા હોય છે, એક લગ્નનો ઘોડો, બીજો રેસનો ઘોડો અને ત્રીજો લંગડો ઘોડો. રેસનો ઘોડો દોડશે જ્યારે લગ્નનો ઘોડો નાચશે.'' જિલ્લા રાજકારણને જિલ્લામાંથી ચલાવવા અંગે વાત કરતા કોંગ્રેસના નેતાએ કહ્યું, "ચર્ચાનો મુખ્ય મુદ્દો એ હતો કે જિલ્લો અમદાવાદથી ન ચલાવવો જોઈએ. જિલ્લો જિલ્લામાંથી ચલાવવો જોઈએ. જિલ્લાના નેતાઓને મજબૂત બનાવવું જોઈએ. જિલ્લા પ્રમુખને જવાબદારી અને સત્તા આપવી જોઈએ. અમે આ કામ હમણાંથી શરૂ કરી રહ્યા છીએ.

રાહુલ ગાંધીએ બની બેઠેલા સિનિયર નેતાઓ વિશે વાત કરતા કહ્યું કે, કોંગ્રેસમાં ઘણાં એવા નેતા છે, જે સિનિયર નેતા બની બેઠા છે પરંતુ બૂથ પણ નથી જીતાડી શકતાં. તેથી અમે એવા લોકોને તાકાત આપવા ઈચ્છીએ છીએ જેની પકડ બૂથ લેવલથી છે.

ગાંધીએ વધુમાં કહ્યું, પક્ષના જિલ્લા પ્રમુખ સમાધાનકારી ઉમેદવાર નહીં હોય. તેઓ તમારા લોકોની મદદથી જિલ્લાનું સંચાલન કરશે. જિલ્લા તેમના નિર્ણયો મુજબ ચાલશે. ઉમેદવારને ઉપરથી સૂચનાઓ મળશે નહીં. અમે ફક્ત એટલું જ ઈચ્છીએ છીએ કે સંગઠન અને ચૂંટણી લડનારાઓ વચ્ચે જોડાણ હોવું જોઈએ.

## અમદાવાદના રખિયાલમાં આતંક મચાવનાર અસામાજિક તત્ત્વોનું પોલીસે સરઘસ કાઢ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ૧૪ એપ્રિલ, સોમવારની રાત્રે તલવાર, દંડા સહિતના ઘાતક હથિયારો સાથે આતંક મચાવનાર અસામાજિક તત્ત્વોનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી હતી અને અસામાજિક તત્ત્વોને ઝડપી પાડ્યા હતા અને જાહેર સઘરસ કાઢ્યું હતું. ભયનો માહોલ ઉભો કરનાર ૧. અંજુમ સિદ્દિકી, ૨. અસરફ અદાદતખાન પઠાણ, ૩. અમ્મર અંજુમ સિદ્દિકી, ૪. કાલિમ તોફીક સિદ્દિકી, ૫. અજીમ તોફીક સિદ્દિકી અને ૬. પઠાણ જાવેદ આલમ નિયાસ ખાન સહિતના તમામ આરોપીએ જાહેરમાં માફી માંગી હતી. ૧૪ એપ્રિલ, સોમવારની રાત્રે અમદાવાદના અજિત મિલ ચાર રસ્તા પાસે આવેલી રહેણાક મકાનમાં ૭થી ૮ લોકોનું ટોળું તલવાર, લાકડી, ધોકા અને પાઈપો સહિતના ઘાતકી હથિયારો સાથે આવી પહોંચ્યું હતું અને રીતસરનો ઉત્પાત મચાવ્યો હતો.

## સોલા બ્રિજ પર હિટ એન્ડ રનની ઘટના ઘટી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદમાં અવારનવાર માર્ગ અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે, જેમાં હિટ એન્ડ રનની ઘટનાઓ સૌથી વધારે હોય છે. ત્યારે મંગળવારે સાંજે શહેરના સોલા ઓવરબ્રિજ પર એક અજાણ્યા ટુ-વ્હીલર સવારે એક્ટિવા સ્કૂટરને ટક્કર મારી હતી, ત્યારબાદ તે ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલક ૩૦ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ સગુફા આર. ખુનખર તરીકે થઈ છે, જે અમદાવાદના રાયચંદ ગેટ નજીક ખોખરાની રહેવાસી છે. આ અકસ્માતનો બનાવ સાંજે લગભગ ૬:૩૦ વાગ્યા આસપાસ બન્યો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, એક અજાણ્યા વાહન ચાલકે તેના વાહનને ટક્કર મારી હતી અને મદદ કર્યા વિના તરત જ ફરાર થઈ ગયો હતો. પસાર થતા લોકોએ ગંભીર રીતે ઘાયલ મહિલાને નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

### રિટેલ રોકાણકારો તરફથી અદાણીને મજબૂત સમર્થન

## ગ્લોબલ સેન્ટિમેન્ટના પગલે અદાણી જૂથમાં બમ્પર રોકાણ, GQGએ હિસ્સો વધાર્યો

। અમદાવાદ, તા.૧૬ ।

અમેરિકાના વ્હાઈટ કોલર કાયદાઓના વળતા પાણી થતાં જ અદાણી જૂથમાં રોકાણકારોનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. ગ્લોબલ સેન્ટિમેન્ટના પગલે અદાણીના સૌથી વફાદાર સમર્થકોમાંના એક ય્ઊૈ પાર્ટનર્સ ફરીથી મોટા પાયે રોકાણ કરી રહ્યા છે. NRI રાજીવ જૈનની આગેવાની હેઠળની ય્ઊૈ પાર્ટનર્સે અદાણી ગ્રુપની પાંચ કંપનીઓમાં પોતાનો હિસ્સો ઝડપથી વધાર્યો છે.

સૌથી મોટા આશ્ચર્યની વાત તો એ છે કે, ડિસેમ્બર ક્વાર્ટરમાં અદાણી પોર્ટ્સમાં અડધાથી વધુ હિસ્સો ઘટાડીને માત્ર ૧.૪૬% કર્યા બાદ GQG એ યુ-ટર્ન લીધો છે. ફરી એકવાર તેનું હોલ્ડિંગ ૨૪૭ બેસિસ પોઈન્ટથી વધારીને ૩.૯૩% કર્યું છે. રોકાણ માત્ર ત્યાં જ અટક્યું નથી. GQGએ પકડ મજબૂત કરતા અદાણી ગ્રીન એનર્જીમાં ૨૮ bps વધીને ૪.૪૯%, અદાણી એનર્જી સોલ્યુશન્સ ૧૩ bps વધીને ૫.૨૩%, અદાણી એન્ટરપ્રાઈઝ ૧૭ bps વધીને ૩.૮૪% અને અદાણી પાવર ૫.૧% સુધી વધાર્યુ હતું.

GQG નું પુનરાગમન $265 મિલિયન યુએસ લાંચ કૌભાંડની તપાસ સાથે સુસંગત છે. નવેમ્બરમાં યુએસ DOJ અને SEC એ આરોપ લગાવ્યો હતો કે અદાણીના અધિકારીઓએ સૌર કરાર મેળવવા માટે ભારતીય અધિકારીઓને લાખો ડોલરથી વધુ લાંચ આપી હતી. જો કે




અદાણી ગ્રુપે આ આરોપોને "પાયાવિહોણા" ગણાવીને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા.

ફેબ્રુઆરીમાં પરિસ્થિતિ બદલાવાની શરૂઆત ત્યારે થઈ જ્યારે નવા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અદાણીના આરોપો પાછળનો મુખ્ય આધાર ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA) હેઠળ કાર્યવાહી સ્થગિત કરવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. ઈ૧૨ટ્રિલિયન એસેટ્સનું સંચાલન કરતા યુએસ સ્થિત રોકાણકાર બ્લેકરોકે અદાણીમાં ૩-૫ વર્ષ માટે $750 મિલિયનના ખાનગી બોન્ડ ઈશ્યુનો ૧/૩ હિસ્સો લીધો હતો.

અમેરિકાની નિયમનકારી રાહત FII હોલ્ડિંગ્સમાં માલિકીનો લેન્ડસ્કેપ બદલી રહી છે. FII એ અદાણી ગ્રીન, અંબુજા સિમેન્ટ્સ અને ACC સહિત પાંચ અદાણી શેરોમાં રોકાણ ઘટાડ્યું છે, ત્યારે ભારતીય મ્યુચ્યુઅલ ફંડોએ અદાણી પોર્ટ્સ, ગ્રીન એનર્જી અને એનર્જી સોલ્યુશન્સ જેવી છ કંપનીમાં હિસ્સો વધાર્યો છે. અદાણીના સૌથી મોટા સંસ્થાકીય રોકાણકાર LIC એ પણ ACC, અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ અને અંબુજા સિમેન્ટ્સમાં તેનું હોલ્ડિંગ વધાર્યું છે.

દરમિયાન રિટેલ રોકાણકારોએ અદાણી પાવર અને અદાણી ટોટલ ગેસ સહિતના સાત ગ્રુપ શેરોમાં નફો બુક કરતા ટૂંકા ગાળાના વેચાણનું દબાણ વધ્યું હતુ.

આ તરફ જાણીતી બ્રોકરેજ ફર્મ વેન્ચુરા સિક્યોરિટીઝે અદાણી પાવર ખરીદવાની ભલામણ કરી છે, ૨૪ મહિનામાં તેનો લક્ષ્યાંક ભાવ રૂા. ૮૦૬ નક્કી કરવામાં આવ્યો છે. ભારતની સૌથી મોટી ખાનગી થર્મલ પાવર ઉત્પાદક કંપનીમાં વીજળીની માંગમાં વધારો થવાથી ફાયદો થવાની બ્રોકરેજને અપેક્ષા છે. આ તરફ જેફરીઝ માને છે કે આગામી મૂડીખર્ચમાં વધારો માંગ વૃદ્ધિને ૭% સુધી ખેંચી શકે છે.

અદાણી બાસ્કેટમાં અદાણી પોર્ટ્સને ૧૫ વિશ્લેષકો ખરીદવાની ભલામણ કરે છે. રૂા.૧,૫૫૧.૫ નો સરેરાશ લક્ષ્ય ભાવ ૨૮% ની સંભવિત વૃદ્ધિનો સંકેત આપે છે, જેમાં સૌથી વધુ તેજીનો લક્ષ્યાંક રૂા.૧,૮૭૦ છે. અદાણી ગ્રીન પાસે છ ખરીદી કોલ છે, જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ પાસે બે છે. જેમ જેમ યુએસ લાંચ કૌભાંડની તપાસનો આછાયો હટવા લાગ્યો તેમતેમ રોકાણકારો તરફથી અદાણી જૂથને ભારે સમર્થન સાંપડી રહ્યું છે.

## ધો. ૬થી ૮ના વિદ્યાર્થીઓની ઉત્તરવહી અને હોલ ટિકિટમાં બારકોડનો ઉપયોગ

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓમાં અત્યારથી જ બોર્ડની પરીક્ષાનો ડર કરવા માટે વરાછાની એક શાળા દ્વારા નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની પેર્ટન અત્યારથી જ ખબર પડે તે માટે આવતીકાલથી શરૂ થનારી પરીક્ષામાં ઉત્તરવહી અને હોલ ટિકિટમાં બારકોડનો ઉપયોગ કરવામા આવ્યો છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કેટલીક શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ફાયદો થાય તેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે. આવતીકાલથી ધોરણ ૬થી ૮ની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ રહી છે આ પરીક્ષામાં વરાછાની શાળા ક્રમાંક ૧૩૨ માં આ વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાની જેમ પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રકારના પ્રયોગ અંગે આચાર્ય હિતેશ મુંજાણી કહે છે, શાળામાં ઉત્તરવહીમાં બારકોડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બોર્ડની પરીક્ષામાં જે રીતે હોલ ટિકિટ આપવામાં આવે છે તે પ્રકારની હોલ ટિકિટ આપવામાં આવી છે. આ હોલ ટીકીટ પ્રમાણે જ તેઓને પરીક્ષાની બેઠક વ્યવસ્થા તથા અન્ય માહિતી મળી રહે છે. આ પ્રકારની પરીક્ષાના કારણે આ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે તે પધ્ધતિથી વાકેફ થાય અને બોર્ડની પરીક્ષાનો ડર પણ નિકળી શકે છે. આ પ્રકારની પરીક્ષા લેવાતી હોવાથી સમિતિના સભ્ય વિનોદ ગજેરા સ્થળ પર પહોંચ્યા હતા.

## ધરમપુરના મોટી કોરવડ ખાતે ખ્રિસ્તી ધર્મના ક્રોસને હટાવવાની કવાયતથી રોષ

। (એજન્સી) વલસાડ, તા.૧૬ ।

એક તરફ રાજ્યમાં આદિવાસી પટ્ટા પર ધર્માણતરણને વિવાદ વકર્યો છે, ત્યારે ધરમપુરના પ્રવાસન સ્થળ મોટી કોરવડ ખાતે ખ્રિસ્તી સમાજનું દેવળ સ્થળ આસ્થાનું પ્રતીક ક્રોસ નિશાન હટાવવાની ચળવળ વલસાડ વહીવટી તંત્ર દ્વારા શરુ થતા તેના વિરોધમાં આદિવાસી સમાજના નેતાઓની આગેવાનીમાં ધરમપુરમાં રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ધર્માણતરણના મુદ્દા પર RSS આદિવાસી સમાજમાં ભાગલા પાડવાની કામગીરી કરી રહ્યું છે. આદિવાસી સમાજમાં તમામ ધર્મના લોકો રહે છે, જેઓને ભડકાવીને ભાગલા પાડી રાજનીતિ કરાઈ રહી હોવાના આક્ષેપો પણ આદિવાસી સમાજના નેતાઓએ કર્યા હતા. ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. ભારત દેશમાં તમામ ધર્મના લોકો રહે છે. આદિવાસી સમાજના લોકો તમામ ધર્મને માને છે અને શાંતિ પ્રિય રહે છે. ધર્માંતરણના નામે આદિવાસીઓને જે બદનામ કરવામાં આવી રહ્યા છે તે તદ્દન ખોટી વાત છે. આરએસએસ દ્વારા આદિવાસી સમાજમાં બે ભાગલા પડવાની ચળવળ ચલાવવામાં આવી રહી છે. આદિવાસી સમાજમાં ભાગલા પાડી ધર્માંતરણનો મુદ્દો ઉઠાવી આદિવાસી સમાજ પર રાજકારણ રમવાની કામ જે છે એ આ સરકાર અને આર.એસ.એસ દ્વારા કરવામાં આવે રહ્યું છે તેવા આક્ષેપો આદિવાસી સમાજના નેતાઓ કર્યા હતા.

## સગીરાને હેરાન કરી મરવા માટે મજબુર કરનારને ૨૦ વર્ષની સજા

। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।

સગીરાનો પીછો કરી લગ્ન કરવા દબાણ કરી ઉપાડી લઈ જઈ ખૂન કરી દેવાની ધમકી આપી મરવા માટે મજબુર કરનાર જોટાણા તાલુકાના મોયણ ગામના આરોપીને મહેસાણાના સેશન્સ જજે ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૧.૭૫ લાખનો દંડ ફટકાર્યો હતો. જોટાણા તાલુકાના મોયણ ગામના ઠાકોર અજયજી મોડજીજી એક સગીરાનો વારંવાર પીછો કરી તેણીને લગ્ન કરવા દબાણ કરતો હતો. જો લગ્ન નહીં કરે તો ઘરેથી ઉપાડી જઈ ખૂન કરી નાખવાની ધમકીઓ આપી સતત માનસિક ત્રાસ આપતો હોઈ કંટાળી ગયેલી સગીરાને લાગી આવતાં તેણીએ તા.૨૬-૦૨-૨૨ના રોજ પોતાના ઘરે ફાઈટરિયા (ડિઝલ પમ્પ મશીન) માટે પડેલું ડિઝલ શરીરે છાંટીને આગ લગાવી સળગતાં તેણીનું મોત થયું હતું. જે અંગે કડી પોલીસ મથકે ઠાકોર અજયજી સામે દૂષ્પ્રેરણ, પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આ સ્પેશિયલ પોક્સો કેસમાં સરકારી વકીલ સી.બી.ચૌધરીએ ગુનો પુરવાર કરવા કોર્ટ સમક્ષ ૩૦ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા અને ૧૬ જેટલા સાહેદો તપાસીને દલીલો કરી હતી.

**વિશેષ** બાયપાસના કારણે ઓલપાડ ગામતળના બજાર વિસ્તારની ટ્રાફિક સમસ્યાનું નિવારણ થશે તથા ગામતળમાં થતા અકસ્માતો ઘટશે : વનમંત્રી મુકેશભાઈ પટેલ

# ઓલપાડના સેનાખાડી પર રૂ.૫.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત ફોરલેન બાયપાસ રોડને ખૂલ્લો મૂકતા વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

ઓલપાડના સેનાખાડી પર રૂ.૫.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત ફોરલેન બાયપાસ રોડનું લોકાર્પણ વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઓલપાડ બજારના ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઓલપાડ ટાઉનમાંથી બાયપાસ સાહોલ-કિમને સુરત સાથે જોડતા પુલનું સેના ખાડી પર નિર્માણ થતા મુખ્ય બજારમાં થતા ટ્રાફિકની સમસ્યા હવે ભૂતકાળ બનશે.

આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, નવો ઓલપાડ બાયપાસ બનવાથી ઓલપાડ શહેરમાંથી પસાર થતો હજીરા ઔદ્યોગિક વિસ્તારનો મોટા ભાગનો ટ્રાફિક આ બાયપાસ પરથી પસાર થશે. જેના લીધે ઓલપાડ ગામતળના બજાર વિસ્તારની ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે તથા ગામતળ વિસ્તાર થતા અકસ્માતો ઘટશે.



રોજિંદી અવર જવર કરતાં રાહદારીઓ તેમજ સ્થાનિક નગરજનોના સમય અને ઈંધણનો બચાવ થશે. મંત્રીશ્રીએ બાયપાસ નિર્માણ માટે આવેલી અડચણોનું નિરાકરણ લાવી બાયપાસ પૂર્ણ કરાયો છે એમ જણાવી ઉમેર્યું કે, કેટલાક કાયદાકીય પ્રક્રિયા, પાણીની લાઈન, ઈલેક્ટ્રિક લાઈન તેમજ ગેસ લાઈન શિફટીંગ જેવી સમસ્યાઓનું નિવારણ કરી કામ આગળ વધારવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ સહિત સંબંધિત વિભાગોના સંકલન અને સામૂહિક પ્રયાસોથી આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં સફળતા મળી હતી. તેમણે એમ પણ કહ્યું કે, અગાઉ ફોર લેન રસ્તાના નિર્માણ સમયે ઓલપાડ ટાઉનની મુખ્ય બજાર અને અહીથી પસાર થતા રસ્તામાં આવતી દુકાનો તોડવી પડે તેમ હતી, પરંતુ રાજ્ય સરકારે વ્યાપારીઓની લાગણી, વ્યાપાર અને રજૂઆતને ધ્યાને લઈ બાયપાસના નિર્માણનો નિર્ણય લઈ વ્યાપારીઓની દુકાનો બચાવી છે. મંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, રોડ કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં નહીં આવે. ઓલપાડ તાલુકાના રસ્તાઓ રાજ્ય સરકારની આ નીતિનું પ્રમાણ છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, આગામી દિવસોમાં ઓલપાડમાં ૧૦૦ બેડની નવી સરકારી હોસ્પિટલનું નિર્માણ કરાશે, જેના કારણે આરોગ્ય સુવિધાઓનો વ્યાપ વધશે. હજીરાથી દહેજ સુધી રૂ.૩૫૬ કરોડના ખર્ચે કોસ્ટલ હાઈવે રાજ્ય સરકાર દ્વારા ઝડપભેર નિર્માણ પામશે. કુદિયાણાથી ઓલપાડ સુધી ફોરલેન રોડ બનશે. સાયણના વિકાસ માટે રાજ્ય સરકારે રૂ.૨૨ કરોડ ફાળવ્યા છે. ઓલપાડ તાલુકામાં જળસંચય માટે ૧૫૦૦૦ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર બનાવવાનું આયોજન કર્યું છે. સ્ટ્રકચર દીઠ ૧૦ થી ૧૫ લાખ લીટર પાણીની બચત થશે એમ જણાવી મંત્રીશ્રીએ આ સંદર્ભે સાંસદ મુકેશભાઈ દલાલે સાંસદ તરીકેની ગ્રાન્ટમાંથી રૂ.બે કરોડ જળસંચય માટે ફાળવ્યા છે એ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ આ વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે પોતે રૂ.૧.૩૦ કરોડની ગ્રાન્ટ જળસંચયના સ્ટ્રકચરો બનાવવા માટે ફાળવી હોવાનું જણાવ્યું હતું. ઓલપાડ તાલુકાના ૧૦૮ ગામોને પ્લાસ્ટિકમુક્ત બનાવવા પ્રત્યેક ગામોમાં ઈકોફ્રેન્ડલી બેગ વેન્ડિંગ મશીનો મૂકવામાં આવશે. પ્રત્યેક મશીનોમાં ૧૦૦ બેગ ઉપલબ્ધ બનશે અને રૂ.૫ નો સિક્કો નાંખીને કાપડની બેગ મેળવી શકાશે એમ પણ મંત્રીશ્રીએ કહ્યું હતું. વનમંત્રીશ્રીએ કહ્યું કે, ઓલપાડ તાલુકામાં વસતા હળપતિ ભાઈઓનું મકાન કાચું ન રહે અને પી.એમ.આવાસ તેમજ હળપતિ આવાસ યોજના હેઠળ તેમના પાકા આવાસો બને એ જનપ્રતિનિધિ તરીકે પોતાની જવાબદારી છે અને આવનારા દિવસોમાં આ જવાબદારી ૧૦૦ ટકા નિભાવવાનો પોતાનો સંકલ્પ છે એમ તેમણે ઉમેર્યું હતું. ડો.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિના અવસરે બાયપાસ ખૂલ્લો મૂકાયો હોવાથી મંત્રીશ્રીએ આ બાયપાસને 'બાબાસાહેબ આંબેડકર બાયપાસ' નામ આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. સાંસદ મુકેશભાઈ દલાલે પ્રાસંગિક ઉદ્દબોધન કરી ઓલપાડ તાલુકો સર્વાંગી વિકાસની રાહ પર આગળ વધી રહ્યો છે. તાલુકામાં રોડ, આરોગ્ય, પાણી, સિંચાઈ, શિક્ષણ સહિત જરૂરી તમામ સુખસુવિધાઓ ઊભી થઈ છે એમ જણાવ્યું હતું. આ વેળાએ ONGCના સી.એસ.આર. ફંડમાંથી માળીફળિયા અસ્નાબાદ આંગણવાડીના રિનોવેશન માટે ONGCના પ્રતિનિધિઓએ મંત્રીશ્રીને રિનોવેશન ફંડ અર્પણ કર્યું હતું. આ પ્રસંગે જિ. પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, તા.પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, કાર્યપાલક ઈજનેર એન.એન.પટેલ, સુરત એસ. ટી. વિભાગીય નિયામક પી.વી. ગુર્જર, અગ્રણીઓ કુલદીપસિંહ, બ્રિજેશ પટેલ, માર્ગ અને મકાન વિભાગના અધિકારી-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## ૫૦થી વધુ ઘરોમાં આગ લાગતાં પાંચનાં મોત થયા

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૧૬ ।
બિહારનામુઝફ્ફરનગરજિલ્લામાં એક દલિત વિસ્તારમાં ૫૦ મકાનોમાં ભયાનક આગ લાગી છે. રામપુરમ ગામમાં લાગેલી આગમાં પાંચ માસૂમ બાળકોના મોત અને ૧૫ બાળકો ગુમ થયા છે. ભીષણ આગની ઘટનાએ આખા ગામને હચમચાવી નાખ્યું છે. બાળકોના મોતના કારણે ગામ ગમગીનીમાં છવાઈ ગયું છે. મળતા અહેવાલો મુજબ, આગ પહેલા એક મકાનમાં લાગી, ત્યારબાદ આસપાસના અનેક મકાનમાં ફેલાઈ હતી. આ ઘટનામાં ચાર બાળકો ફસાઈ ગયા હતા, પરંતુ તેમને બચાવી શકાયા નથી. મૃતક બાળકોમાં ત્રણ એક જ પરિવારના હોવાનું કહેવાય છે. ઘટના બાદ ગામમાં અફરા-તફરી મચી ગઈ છે. ગ્રામજનો તાત્કાલીક બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું.

## રીલના ચક્કરમાં ગંગામાં તણાઈ ગઈ એક મહિલા

। (એજન્સી) ઉત્તરકાશી, તા.૧૬ ।
ઉત્તરકાશીના મણિકર્ણિકા ઘાટ પર એક દુખદ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ૧૪ એપ્રિલની રોજ એક મહિલા ફોટો અથવા રીલ બનાવતી વખતે ગંગા નદીમાં તણાઈ ગઈ હતી. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, કેમેરા સામે જોતા જોતા ધીરે ધીરે નદીમાં આગળ વધી રહી હતી, ત્યારે અચાનક તેનો પગ લપસતાં ગંગા નદીના તેજ પ્રવાહમાં તણાઈ ગઈ હતી. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે નદીનો પ્રવાહ એટલો તેજ હતો કે, મહિલા પોતાની જાતને સંભાળી ન શકી. ઘટનાની માહિતી મળતા જ SDRF અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

## ભૂતપૂર્વ ક્રિકેટર ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેના ઘરે પારણું બંધાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેએ ચાહકો સાથે ગૂડ ન્યુઝ શેર કરી છે. ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેના ઘરે ૮ વર્ષે પારણું બંધાયું છે. બંને માતા-પિતા બની ગયા છે અને તેમણે બાળક સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. સાગરિકા ઘાટગેએ પુત્રને જન્મ આપ્યો છે અને તેમણે પોતાના દીકરાનું નામ પણ રિવીલ કર્યું છે. પહેલા ફોટામાં તમે જોઈ શકો છો કે ઝહીરે બાળકને ખોળામાં લીધું છે અને સાગરિકા ઝહીરને ગળે લગાવી રહી છે. બીજા ફોટામાં સાગરિકા અને ઝહીરે બાળકનો હાથ પકડ્યો છે.

### ટેરિફવોરના કારણે કિંમતી ધાતુમાં તેજી

# સોનું આજે ફરી ઓલટાઈમ હાઈ થયું, ચાંદી રૂપિયા ૪૦૦૦ મોંઘી થઈ

### સોનાનો ભાવ આજે વધુ રૂ. ૧૯૦૦ વધી રૂ. રૂ. ૯૭૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
વૈશ્વિક સ્તરે ટ્રેડવોર અને આર્થિક ગ્રોથ મુદ્દે વધી રહેલા તણાવ વચ્ચે કિંમતી ધાતુમાં તેજી આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોના-ચાંદીના ભાવોમાં વૃદ્ધિના સથવારે આજે સ્થાનિક બજારોમાં પણ સોનું રેકોર્ડ ઐતિહાસિક ટોચે પહોંચ્યું છે. એમસીએક્સ ગોલ્ડ પ્રથમ વખત રૂ. ૯૫૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું છે. જ્યારે અમદાવાદમાં પણ ૧૯૦૦નો ઉછાળો નોંધાવ્યો છે. અમદાવાદ બુલિયન માર્કેટમાં સોનાનો ભાવ આજે વધુ રૂ. ૧૯૦૦ વધી રૂ. રૂ. ૯૭૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું છે. જ્યારે ચાંદીનો ભાવ રૂ. ૨૦૦૦ના



ઉછાળા સાથે રૂ. ૯૭૦૦૦ પ્રતિ કિગ્રા નોંધાયો છે. ટેરિફવોરના ભય હેઠળ સેફહેવનની ડિમાન્ડ વધતાં સોનું એપ્રિલમાં રૂ. ૪૦૦૦ મોંઘુ થયુ છે. જે ૩૧ માર્ચના રોજ રૂ. ૯૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થઈ રહ્યું હતું. છેલ્લા ચાર વર્ષમાં એમસીએક્સ ગોલ્ડનો ભાવ બમણો થયો છે. જે મે, ૨૦૨૧માં રૂ. ૪૭૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. જે આજે નવી ૯૫૪૩૫ની રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો. સાંજે ૪.૪૬ વાગ્યે એમસીએક્સ ગોલ્ડ (૫ જૂન વાયદો) ૧૫૩૯ રૂપિયા ઉછાળે રૂ. ૯૪૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું હતું. ટેરિફના કારણે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ વણસી રહી છે. જેને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે કોમેક્સ સોનું ૩૩૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ પહોંચતાં સ્થાનિક સ્તરે એમસીએક્સ સોનું રૂ. ૯૫૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામનું ક્રોસ કરવામાં સફળ રહ્યું છે. વર્તમાન પરિબળોને ધ્યાનમાં રાખતાં એલકેપી સિક્યુરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ સોનું ૯૪૦૦૦-૯૫૫૦૦ની રેન્જમાં રહેવાનો અંદાજ આપ્યો છે.

### રેપ કેસમાં અલાહાબાદ હાઈકોર્ટના અવલોકન મુદ્દે સર્વોચ્ચ અદાલતની ટકોર

# જજોએ ટિપ્પણી કરતી વખતે અત્યંત સાવચેતી રાખવી જોઈએ: સુપ્રીમ કોર્ટ

### ૭ માર્ચે રેપ કેસમાં હાઈકોર્ટે આપેલો હુકમ સંપૂર્ણ અસંવેદનશીલ અને અમાનવીય હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
અલાહાબાદ હાઈકોર્ટે તાજેતરમાં રેપ કેસની સુનાવણી દરમિયાન કરેલી ટિપ્પણીની સુપ્રીમ કોર્ટે ગંભીર નોંધ લીધી છે. રેપ કેસમાં જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, ફરિયાદીએ જાતે જ પોતાના માટે મુશ્કેલી ઊભી કરી છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, આ પ્રકારની ટિપ્પણીઓ બિનજરૂરી છે અને જજીસે આ પ્રકારના અવલોકનો કરતી વખતે અતિશય સાવચેતી રાખવી જોઈએ. જસ્ટિસ બી આર ગવાઈએ કહ્યું હતું કે, જામીન અરજી પર સુનાવણી દરમિયાન આ પ્રકારની ટિપ્પણી શા માટે કરાઈ? તે સમજાતું



નથી. હાઈકોર્ટે તાજેતરમાં રેપ કેસની સુનાવણી દરમિયાન અવલોકન કર્યું હતું કે, અરજદાર ફરિયાદીના ઘરે ગયા હતા અને સ્વેચ્છાએ દારૂ પીધો હતો. નશામાં તેમણે જાતે જ પોતાના માટે આફતને આમંત્રણ આપ્યુ હતું. સુપ્રીમ કોર્ટમાં અલાહાબાદ હાઈકોર્ટના અવલોકનની સુઓમોટો સુનાવણી હાથ ધરાઈ હતી. ૧૭ માર્ચે હાઈકોર્ટે પોતાના અલગ હુકમમાં ઠરાવ્યું હતું કે, છાતી પકડી લેવી અથવા મહિલાના પાયજામાનું નાડું ખોલીને નીચે કરવું તેને બળાત્કારનો પ્રયાસ કહી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, ૧૭ માર્ચે રેપ કેસમાં હાઈકોર્ટે આપેલો હુકમ સંપૂર્ણ અસંવેદનશીલ અને અમાનવીય હતો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાના ધ્યાન પર આ કેસ આવ્યા પછી સુપ્રીમ કોર્ટમાં સુઓમોટો દાખલ થઈ હતી. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, આ પ્રકારના અવલોકનો સામાન્ય માણસના મનમાં શું છાપ ઊભી કરે છે.



નવી દિલ્હીમાં વક્ફ સુધારા બિલ પર સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ના અધ્યક્ષ, જગદંબિકા પાલ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને મળ્યા.

## વક્ફની જમીન પરત લઈને ગરીબો માટે મકાન, શાળાઓ બનાવાશે: યોગી

### બંગાળ સળગી રહ્યું છે, પરંતુ ત્યાંના મુખ્યમંત્રીની સાથે-સાથે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ મૌન છે

। હરદોઈ, તા.૧૬ ।
વક્ફ સંશોધિત કાયદા અંગે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ સહિતના જિલ્લાઓમાં હિંસાની આગ પ્રસરી ગઈ છે. આ દરમિયાન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આકરું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, વક્ફની જમીનો પરત લેવાશે. તેના પર હોસ્પિટલો, ગરીબો માટે મકાનો, શાળાઓ તેમજ યુનિવર્સિટીઓ બનાવાશે. રોકાણ માટે લેન્ડ બેંક તૈયાર થશે. આ સાથે મુખ્યમંત્રી



યોગી આદિત્યનાથે એમ પણ કહ્યું કે, 'લાતો કે ભૂત બાતોં સે નહીં માનતે હૈં. હુલ્લડખોરો લાઠી જ માનશે. જેને બાંગ્લાદેશ પસંદ છે, એ બાંગ્લાદેશ જતા રહે.' યોગીએ વધુએ ઉમેર્યું કે, બંગાળ સળગી રહ્યું છે, પરંતુ ત્યાંના મુખ્યમંત્રીની સાથે-સાથે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પણ મૌન છે.

# પાકિસ્તાનીઓએ તલવારથી હુમલો કરી બે ભારતીયો મજૂરને મોતને ઘાટ ઉતાર્યા

। (એજન્સી) દુબઈ, તા.૧૬ ।
દુનિયામાં સૌથી સુરક્ષિત ગણાતા દુબઈમાં બે ભારતીયઓની હત્યાના સમાચાર આવીરહ્યા છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, દુબઈમાં તેલંગાણાના બેમજૂરોની પાકિસ્તાનીઓએ હત્યા કરી નાખી છે. બે પીડિત પરિવારોના સભ્યોએ મંગળવારે દાવો કર્યો કે, મુંબઈની દુબઈની એક બેકરીમાં એક પાકિસ્તાની નાગરિકે ધાર્મિક નારા લગાવતા હુમલો કર્યો. હુમલામાં તેલંગાણાના બે લોકોના મૃત્યુ થઈ ગયા અને ત્રીજો ઘાયલ થઈ ગયો. નિર્મલ જિલ્લાના સોન ગામના અષ્ટપુ પ્રેમસાગર (૩૫) ની ૧૧ એપ્રિલના રોજ તલવાર વડે હત્યા કરવામાં આવી હતી, એમ મૃતકોમાંથી એકના કાકા એ પોશેટ્ટીએ પીટીઆઈને જણાવ્યું હતું. આ કથિત ઘટના તે બેકરીમાં બની હતી જ્યાં પીડિતો કામ કરતા હતા. પોશેટ્ટીએ જણાવ્યું હતું કે પ્રેમસાગરના પરિવારમાં તેમની પત્ની અને બે બાળકો છે. તેમના પરિવારના સભ્યોને આ અંગે જાણ કરવામાં આવી નથી. તેમણે સરકારને તેમના મૃતદેહને ભારત લાવવામાં મદદ કરવા વિનંતી કરી. દરમિયાન, કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે બીજા મૃતકનું નામ શ્રીનિવાસ હતું, જે નિઝામાબાદ જિલ્લાનો રહેવાસી હતો. દરમિયાન, હુમલામાં ઘાયલ થયેલા વ્યક્તિની પત્ની ભવાનીએ નિઝામાબાદ જિલ્લામાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમના પતિ સાગરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, કેન્દ્રીય મંત્રી રેડ્ડીએ કહ્યું કે દુબઈમાં તેલંગાણાના બે તેલુગુ યુવાનો, નિર્મલ જિલ્લાના અષ્ટપુ પ્રેમસાગર અને નિઝામાબાદ જિલ્લાના શ્રીનિવાસની ક્રૂર હત્યાથી તેઓ ખૂબ જ આઘાત પામ્યા છે. આ બાબતે માનનીય વિદેશ મંત્રી એસ જયશંકર જી સાથે વાત કરી અને તેમણે શોકગ્રસ્ત પરિવારોને સંપૂર્ણ સહાય અને મૃતદેહોને તાત્કાલિક સ્વદેશ પરત મોકલવાની ખાતરી આપી છે.

### પંચવટી એક્સપ્રેસમાં લગાવાયું પહેલું મશીન

# હવે ચાલુ ટ્રેનમાં જ મળશે એટીએમની સુવિધા!

### એક માહિતી પ્રમાણે રેલવેએ ટ્રેનોમાં ATM એટલે કે ઓટોમેટેડ ટેલર મશીનનું પરીક્ષણ શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
પહેલાની તુલનાએ હવે ટ્રેનમાં આરામદાયક ખુરશીઓથી લઈને મોબાઈલ ફોન ચાર્જિંગ અને લેમ્પ જેવી કેટલીયે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. જોકે, રેલવેના વિકાસની આ પ્રક્રિયા હજુ અટકી નથી. હાલમાં મળતી એક માહિતી પ્રમાણે રેલવેએ ટ્રેનોમાં ATM એટલે કે ઓટોમેટેડ ટેલર મશીનનું પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે, આ ક્યારે અને વ્યાપક સ્તરે ક્યારે લાગુ કરવામાં આવશે. સેન્ટ્રલ રેલ્વેએ મુંબઈ-મનમાડ પંચવટી એક્સપ્રેસમાં પ્રાયોગિક ધોરણે ATM લગાવ્યું છે. અધિકારીઓએ



મંગળવારે આ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'આ એટીએમ એક ખાનગી બેંક દ્વારા આપવામાં આવ્યું છે અને તે આ દૈનિક એક્સપ્રેસ સેવાના એર-કન્ડિશન્ડ ચેર કાર કોચમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. તેમના કહેવા પ્રમાણે હવે ટૂંક સમયમાં મુસાફરો માટે આ સુવિધા ઉપલબ્ધ થઈ જશે. મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે, 'પંચવટી એક્સપ્રેસમાં પ્રાયોગિક ધોરણે ATM લગાવવામાં આવ્યું છે. આ એટીએમ કોચના પાછળના ભાગમાં એક ક્યુબિકલમાં લગાવવામાં આવ્યું છે, જ્યાં પહેલા એક કામચલાઉ પેન્ટ્રી હતી. ટ્રેન ચાલુ હોય ત્યારે સુરક્ષા અને પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે એક શટરવાળો દરવાજો પણ લગાવવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, મનમાડ રેલ્વે વર્કશોપમાં આ કોચમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા. પંચવટી એક્સપ્રેસ દરરોજ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને નાસિક જિલ્લામાં મનમાડ જંક્શન વચ્ચે દોડે છે.

### ફરિયાદ બાદ પોલીસ દોડતી થઈ

## ICUમાં વેન્ટિલેટર પર રહેલી એર હોસ્ટેસ સાથે હોસ્પિટલમાં ગંદુ કામ

### વેન્ટિલેટર પર સારવાર લઈ રહેલી એર હોસ્ટેસ દર્દી સાથે હોસ્પિટલ સ્ટાફના જ એક સભ્ય દ્વારા યૌન શોષણ

। (એજન્સી) ગુરુગ્રામ, તા.૧૬ ।
ગુરુગ્રામની એક નામાંકિત ખાનગી હોસ્પિટલમાં ICUમાં દાખલ ૪૬ વર્ષીય એર હોસ્ટેસનું યૌન શોષણ કરાયાનો ગંભીર આરોપ લાગ્યો છે. પીડિતા વેન્ટિલેટર પર હતી અને તેની તબિયત નાજુક હતી, તે દરમિયાન આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને લઈને ગુરુગ્રામના સદર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ સામે FIR દાખલ કરવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે. FIR અનુસાર, ૪૬ વર્ષીય આ મહિલા એક એરલાઈન કંપનીમાં એર હોસ્ટેસ તરીકે કામ કરે છે અને તે ગુરુગ્રામમાં તાલીમ માટે આવી હતી. તે એક હોટેલમાં રોકાઈ હતી. જ્યાં ૫ એપ્રિલે સ્વિમિંગ કરતા સમયે અચાનક તેની તબિયત લથડી હતી. તેને સૌપ્રથમ એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને બાદમાં ૬ એપ્રિલે તેના પતિએ તેને અન્ય ખાનગી



હોસ્પિટલમાં ખસેડી હતી. આ હોસ્પિટલના ICUમાં વેન્ટિલેટર પર હોવા દરમિયાન તેનું યૌન શોષણ થયું હોવાનો આરોપ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ પીડિતાના જણાવ્યા અનુસાર, તે ઘટના દરમિયાન અર્ધબેહોશીની સ્થિતિમાં હતી. તેણીએ એ પણ દાવો કર્યો છે કે ઘટના દરમિયાન બે નર્સ પણ હાજર હતી, પરંતુ તેમણે કોઈ પગલાં લીધાં નહીં. ૧૩ એપ્રિલે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ પીડિતાએ પોતાના પતિને આ ઘટના વિશે જણાવ્યું. ત્યારબાદ તેમણે ફરિયાદ દાખલ કરી હતી. આ ઘટનાને લઈને હોસ્પિટલ તરફથી એક ઔપચારિક નિવેદન જારી કરવામાં આવ્યું છે.

### જે.પી નડ્ડાના ઘરે દિગ્ગજ નેતાઓની બેઠક

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે કરી મુલાકાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
દેશમાં આ દિવસોમાં નવા વક્ફ કાયદાને લઈને ઘણો હોબાળો મચી ગયો છે. સંસદમાંથી પસાર થયેલા આ નવા કાયદાને લઈને વિરોધ પ્રદર્શનની આગમાં એક તરફ પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારો ભડકે બળી રહ્યા છે, તો બીજી તરફ આ કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી થવાની છે. આ દરમિયાન દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના અનેક દિગ્ગજ નેતાઓની તાજેતરની ગતિવિધિઓએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. અટકળો ચાલી રહી છે કે શું દેશમાં ફરી કંઈક મોટું થવાનું છે? શું આ બેઠકો કોઈ મોટા રાજકીય ફેરફારની તૈયારીનો ભાગ છે? ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના નિવાસસ્થાને ગઈ રાત્રે એક હાઈ-પ્રોફાઈલ બેઠકે રાજકીય વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને અશ્વિની વૈષ્ણવ જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. ભાજપના દિગ્ગજ નેતાઓની આ



બેઠક લગભગ અઢી કલાક સુધી ચાલી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ. અમિત શાહ અને રાજનાથ સિંહ જેવા નેતાઓની હાજરી એ દર્શાવે છે કે ચર્ચામાં રાષ્ટ્રીય સુરક્ષા અને રક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓ પણ સામેલ હોઈ શકે છે. આ ઉપરાંત, પીયૂષ ગોયલ અને અશ્વિની વૈષ્ણવની હાજરી આર્થિક અને માળખાગત મુદ્દાઓ તરફ ઈશારો કરે છે. કેટલાક જાણકારોનું માનવું છે કે આ બેઠક મંત્રીમંડળના વિસ્તરણ અથવા ફેરબદલની શક્યતાને પણ બળ આપે છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન પહોંચીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી. આ મુલાકાત પણ લગભગ એક કલાક સુધી ચાલી. જોકે, આ મુલાકાતનો સત્તાવાર એજન્ડા સામે આવ્યો નથી. પરંતુ રાજકીય વર્તુળોમાં તેને લઈને અનેક અટકળો ચાલી રહી છે. કેટલાકનું માનવું છે કે આ એક ઔપચારિક મુલાકાત હોઈ શકે છે, તો કેટલાક જે.પી નડ્ડાના નિવાસસ્થાને યોજાયેલી બેઠક સાથે તેને જોડી રહ્યા છે. શું આ મુલાકાત કોઈ મોટા બંધારણીય કે વહીવટી નિર્ણય સાથે જોડાયેલી છે? શું સરકાર કોઈ મોટું પગલું ભરવાની તૈયારીમાં છે? આ પ્રશ્નો સોશિયલ મીડિયા અને રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બન્યા છે. પીએમ મોદીની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને જે.પી નડ્ડાના નિવાસ સ્થાને બેઠકને લઈને સોશિયલ મીડિયા પર પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. ઘણા યૂઝર્સે આને 'કંઈક મોટું થવાનો' સંકેત ગણાવ્યો છે. એક યૂઝરે લખ્યું, 'મોદીજીની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને જે.પી નડ્ડાના ઘરે દિગ્ગજ નેતાઓની બેઠક- ચોક્કસ કંઈક મોટું થવાનું છે.' કેટલાકે આને મંત્રીમંડળના વિસ્તરણ સાથે જોડ્યું, તો કેટલાકે તેને તાજેતરના રાજકીય ઘટનાક્રમો, જેમ કે વિપક્ષી નેતાઓ પર EDની કાર્યવાહી, સાથે જોડીને જોયું.

### અંધારાનો ફાયદો ઉઠાવી ભીડે પથ્થરમારો કર્યો

# નાસિકમાં દબાણવાળી દરગાહ હટાવવા જતાં ભારે હોબાળો થયો

### રાતના સમયે ૫૦૦ પોલીસકર્મી તૈનાત હતા અને ભીડમાં ૪૦૦થી વધારે લોકો હતા : ભીડ દ્વારા પથ્થરમારો કરાયો

। (એજન્સી) નાસિક, તા. ૧૬ ।
મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલી દ્વારકાના કાઠે ગલી વિસ્તારમાં એક દરગાહના નિર્માણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ દરમ્યાન નગર નિગમ આ ગેરકાયદેસર ધાર્મિક સ્થળ પાડવા જઈ રહ્યું હતું. તેને લઈને આ વિસ્તારમાં ભારે પોલીસ ફોર્સ તૈનાત કરી હતી. નગર નિગમે ૧૫ દિવસ પહેલા નોટિસ પણ આપી હતી અને કહ્યું હતું કે, આ ધાર્મિક સ્થલ અનધિકૃત છે. ૧૫ દિવસની અંદર દબાણ હટાવી લો, નહીંતર નગર નિગમ કાર્યવાહી કરશે. તો વળી મંગળવારે અડધી રાતે આજુબાજુના વિસ્તારમાં ભારે હોબાળો થયો. રાતના સમયે વીજળી જવાથી ભીડે ફાયદો ઉઠાવ્યો અને ગેરકાયદેસર દરગાહને હટાવવા ગયેલી નગર નિગમની ટીમ તથા પોલીસ પર પથ્થરમારો કર્યો. તેમાં ૪ અધિકારી અને ૧૧ પોલીસકર્મી ઘાયલ થઈ ગયા. પાંચ વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું છે. વિસ્તારની વિવાદિત ધાર્મિક દરગાહને લઈને અફવા ફેલાવવાથી તણાવની સ્થિતિ ઊભી થઈ ગઈ. રાતના સમયે ૫૦૦ પોલીસકર્મી તૈનાત હતા અને ભીડમાં ૪૦૦થી વધારે લોકો હતા. ભીડ દ્વારા





પથ્થરમારો કર્યા બાદ પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા. ૨૨ ફેબ્રુઆરીના રોજ પણ મહાનગરપાલિકાએ અનધિકૃત ધાર્મિક સ્થળો પરથી અતિક્રમણ દૂર કર્યું હતું. આ પછી કોર્ટે ચુકાદો આપ્યો કે સમગ્ર ધાર્મિક સ્થળ અનધિકૃત છે, આજે અતિક્રમણ સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. કોર્ટના આદેશ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧ એપ્રિલના રોજ ગેરકાયદેસર દરગાહને નોટિસ ફટકારી હતી. નાસિક પોલીસે આ વિસ્તારમાં ટ્રાફિક રૂટ પણ બદલી નાખ્યો છે. અહીં ઉલ્લેખનિય છે કે, ફેબ્રુઆરીમાં સમગ્ર હિન્દુ સમાજે માંગ કરી હતી કે આ કથિત ગેરકાયદેસર ધાર્મિક સ્થળને તોડી પાડવામાં આવે અને તે જગ્યાએ બજરંગ બલીનું મંદિર બનાવવામાં આવે. આ અંગે, હિન્દુ કાર્યકરોએ શનિવારે (૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫) એક મોટા વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

## તંત્રી લેખ...

# ઔદ્યોગિક ક્ષેત્ર પર વધુ ધ્યાન આપવાની જરૂર

આજે વિશ્વમાં અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોર ચાલી રહી છે. આ સ્થિતિને ભારતના ઉદ્યોગ ક્ષેત્ર માટે અવસર રૂપે જોવાય છે, પરંતુ શું ભારતનું ઉદ્યોગ ક્ષેત્ર તેનો લાભ લેવા માટે તૈયાર છે? આ સવાલ એટલા માટે ઊઠી રહ્યો છે કે ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન ફેબ્રુઆરીમાં સુસ્ત પડીને છ મહિનાના નીચલા સ્તર ૨.૯ ટકા પર આવી ગયું છે. બ્લૂમબર્ગે ફેબ્રુઆરી માટે ૩.૬ ટકાની આઈઆઈપી ગ્રોથનું અનુમાન લગાવ્યું હતું, પરંતુ અસલ આંકડા તેનાથી ઘણા નીચે રહ્યા છે. સત્તાવાર આંકડા અનુસાર ઔદ્યોગિક ઉત્પાદનમાં સુસ્તી વિનિર્માણ, ખનન અને વીજળી ક્ષેત્રોના ખરાબ પ્રદર્શનને કારણે આવી છે. ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (આઈઆઈપી)ના સંદર્ભે માપવામાં આવતા ઔદ્યોગિક ઉત્પાદનમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં ૫.૬ ટકાનો વધારો થયો હતો. સરકારે જાન્યુઆરી, ૨૦૨૫ માટે ઔદ્યોગિક વૃદ્ધિના આંકડાને સંશોધિત કરીને ૫.૨ ટકા કરી દીધો છે. માર્ચા જારી આંકડામાં તેના પાંચ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કરાયું હતું. વિનિર્માણ ક્ષેત્રની ઉત્પાદન વૃદ્ધિ ફેબ્રુઆરીમાં સુસ્ત પડીને ૨.૯ ટકા રહી, જે એક વર્ષ પહેલાં આ જ મહિનામાં ૪.૯ ટકા હતી. ફેબ્રુઆરી ૨૦૨૫માં વીજળી ઉત્પાદનની વૃદ્ધિ પણ ધીમી થઈને ૩.૬ ટકા પર રહી જે એક વર્ષ પહેલાં આ જ મહિને ૭.૬ ટકા હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એપ્રિલ-ફેબ્રુઆરી દરમ્યાન આઈઆઈપીમાં ૪.૧ ટકાની વૃદ્ધિ થઈ જે એક વર્ષ પહેલાં આ જ અવધિમાં છ ટકા હતી. ટકાઉ ઉપભોક્તા સામાન (ઈલેક્ટ્રોનિક વસ્તુઓ)ની વૃદ્ધિ ફેબ્રુઆરીમાં માત્ર ૩.૮ ટકા રહી, જે ફેબ્રુઆરી, ૨૦૨૪માં ૧૨.૬ ટકા હતી. બુનિયાદી માળખા-નિર્માણના સામાનોની વૃદ્ધિ ફેબ્રુઆરી ૨૦૨૫માં ૬.૬ ટકા રહી, જે ગયા વર્ષે આ જ અવધિમાં ૮.૩ ટકા હતી. પ્રાથમિક વસ્તુઓના ઉત્પાદનમાં ફેબ્રુઆરીમાં ૨.૮ ટકાનો વધારો નોંધાયો.

# ડો. મનસુખ માંડવિયા આજે રાંચીમાં નવી વિકસિત ૨૨૦ બેડવાળી ESIC હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે



કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ઝારખંડનાં રાંચીનાં નામકુમમાં ઝારખંડના રાંચીમાં નવી વિકસિત ૨૨૦ બેડવાળી ESIC હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. આ અત્યાધુનિક સુવિધા ઝારખંડ રાજ્યમાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ (ઈએસઆઈ) યોજના હેઠળ હેલ્થકેર ડિલિવરીને મજબૂત કરવામાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી શ્રી સંજય શેઠ, સંસદ સભ્ય (રાજ્યસભા) શ્રી પ્રદિપ વર્મા, રાંચીનાં ખિજરીના ધારાસભ્ય શ્રી રાજેશ કછપ અને ઈએસઆઈસીના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ દરમિયાન ડો.માંડવિયા ઈએસઆઈના લાભાર્થીઓને રોકડ લાભ પ્રમાણપત્ર/મંજૂરી પત્રો એનાયત કરશે અને સન્માનિત કરશે. તેઓ હોસ્પિટલના નિર્માણમાં સામેલ બાંધકામ કામદારોનું પણ સન્માન કરશે.

મૂળભૂત રીતે ૧૯૮૭માં સ્થપાયેલી નામકુમમાં ઈએસઆઈસી હોસ્પિટલની સ્થાપના વીમાકૃત્ત કામદારો અને તેમના પરિવારોને સુલભ, વાજબી અને ગુણવત્તાયુક્ત હેલ્થકેર સેવાઓ પ્રદાન કરવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે કરવામાં આવી હતી. ચાર દાયકાથી વધુ સમયથી તેણે રાંચી અને તેની આસપાસના વિસ્તારોમાં ઔદ્યોગિક કામદારોની આરોગ્ય સેવાઓની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

પ્રદેશમાં આરોગ્ય સેવાઓને વધુ વેગ આપવા માટે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ઈએસઆઈસી)એ જૂન, ૨૦૧૮માં ૨૦૦-પથારીની હોસ્પિટલનાં નિર્માણને મંજૂરી આપી હતી. તેનું બાંધકામ ૩૧ મે, ૨૦૧૮નાં રોજ શરૂ થયું હતું અને ત્યાર પછી તેનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને હવે આ સુવિધાને અપગ્રેડ કરીને ૨૨૦ પથારી ધરાવતી હોસ્પિટલ બનાવવામાં આવી છે. એક નોંધપાત્ર વિકાસમાં, ઈએસઆઈ કોર્પોરેશને ઓક્ટોબર ૨૦૨૪ માં એમબીબીએસની ૫૦ બેઠકો સાથે મેડિકલ કોલેજની સ્થાપનાને પણ મંજૂરી આપી હતી, જેની કામગીરી નજીકના ભવિષ્યમાં શરૂ થવાની છે.

આ હોસ્પિટલ જનરલ મેડિસિન, સર્જરી, ગાયનેકોલોજી, ઓર્થોપેડિક્સ, ઓપ્થેલ્મોલોજી (આંખ) અને ડેન્ટલ જેવા આવશ્યક વિભાગોથી સજ્જ છે, તેમજ વિવિધ સપોર્ટ સેવાઓ પણ ધરાવે છે. તે આઉટપેશન્ટ (ઓપીડી) અને ઈનપેશન્ટ (આઈપીડી) એમ બંને પ્રકારની સંભાળ પૂરી પાડે છે. જે ઈએસઆઈ લાભાર્થીઓની તબીબી જરૂરિયાતોને અસરકારક રીતે પૂર્ણ કરે છે. અપગ્રેડેડ હોસ્પિટલ હવે સ્પેશિયાલિટી અને સુપર-સ્પેશિયાલિટી સારવાર પણ પ્રદાન કરશે, જે રાંચી અને પડોશી જિલ્લાઓનાં રહેવાસીઓ માટે અત્યાધુનિક હેલ્થકેર સેવાઓની સુલભતામાં મોટો સુધારો કરશે.

આધુનિક સુવિધાથી ૫ લાખથી વધારે વીમાકૃત વ્યક્તિઓ (આઈપી)ને અને તેમનાં આશ્રિતોને લાભ થશે એવી અપેક્ષા છે, જે શ્રેષ્ઠ માળખાગત સુવિધા અને વિસ્તૃત શ્રેણીની તબીબી સેવાઓ પ્રદાન કરશે. હોસ્પિટલ સંકુલમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ચાર વધારાના માળ છે, જે ૭.૯ એકરના કેમ્પસમાં ફેલાયેલા છે. ૯૯.૦૬ કરોડના ખર્ચે નવું મકાન બનાવવામાં આવ્યું છે અને ૧૭૫૫૯ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ ચાર માળની ઈમારત છે, જે ૦૩ આધુનિક ઓપરેશન થિયેટરો (ઓટી)થી સજ્જ છે અને એક વધારાના ઓપરેશન થિયેટર (ઓટી)ની જોગવાઈ ધરાવે છે. તેમાં ૩૪ વોર્ડ અને ૬ આઈસોલેશન વોર્ડ, ૪૦ ઓપીડી રૂમ અને તમામ ડોકટરો, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ માટે પૂરતી જગ્યા છે.

**આપણા ધર્મ સંભાળવા અને જે કંઇ કર્મ કરી રહ્યા છીએ તેનો મર્મ એટલે કે તે લાભદાયી છે**

# રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી..! એ પદમાં નરસિંહ કંઈ નિંદ્રા માંથી જાગવાનું કહે છે?



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પહેલા તો એ ધર્મ અનુસાર જો પરિવાર અનુસરે તો પરિવારના કલેશો બંધ થાય, જરાક આગળ વધીએ તો સમાજ આવે, સમાજમાં ધર્મને નામે કેટલા અખાડાઓ થઈ ગયા છે, અને દરેકે દરેક જો પોતાના ધર્મને અનુસરતા હોય, તો હજી પણ તકલીફ નથી, પરંતુ મારો ધર્મ શ્રેષ્ઠ એવું દેખાડવા, અને નિંદા ઈર્ષા અને અન્યને ઉતારી પાડવાની જે વાત આજે સમાજમાં વધી ગઈ છે.**



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નરસિંહની જાગૃતિને નજરમાં રાખીને જીવનને સકારાત્મક તરફ લઈ જવાની એક નેક કોશિશ કરવા રૂપે આત્મનિરીક્ષણના ઘાટે દિનચર્યાનું મૂલ્યાંકન કરી, જીવનમાં જ્યાં જ્યાં દોષ આપણાથી આવ્યા છે, તેને સુધારવાનો એક નમ્ર પ્રયાસ પણ કરવો રહ્યો. નાની નાની બાબતો માંથી જ કળિયુગ રૂપી કાળ કહો કે અસત્ય કહો, એ આપણામાં પ્રવેશી જાય છે, અને જીવ તેની નોંધ લેવાનું પણ ચૂકી જાય છે, અને એ ભૂલ સ્વના જાગરણ વગર સુધારવી શક્ય નથી, માટે હવે નરસિંહની જેમ રાતમાં પણ ચિંતન કરવાનું છે, તો આજે આપણે એની એક વધુ રચના વિશે ચિંતન કરીશું.

**નરસિંહ મહેતા:**

**રાત રહે જાહરે પાછલી ખટ ઘડી**
**સાધુ પુરુષને સૂઇ ન રહેવું;**
**નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ,**
**‘એક તું’ ‘એક તું’ એમ કહેવું**

કવિ રાતની પાછલી ખટઘડીની વાત કરે છે, એટલે કે બ્રહ્મમૂહુર્તમાં સાધુ પુરુષોએ સુઈ ન રહેવું, અને ઈશ્વરનું અનુસંધાન કેળવવા માટે ધ્યાન, સાધના, ઈત્યાદિ કરવી એમ કહે છે. દરેક પ્રકારની નિંદ્રાને ત્યજી અને ભગવાનનું સ્મરણ કરી,એક તું, એક તું, એમ કરી તેની સાથે અંનત યુગો સુધીનો નાતો બાંધવો. કેટલા સીધા સાદા શબ્દો અને છતાં કેટલી ઊંચી વાત કરી ગયાં. બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ભગવાન સાથે કે, પરમ કૃપાળુ પરમાત્મા સાથે અનુસંધાન કેળવવાથી આપણે પણ આપણી જાતને સાધુપુરુષ સિદ્ધ કરી શકીએ છીએ, સંસારી હોવાનો મતલબ એ નથી કે, આખો દિવસ સંસારમાં રચ્યાપચ્યા રહીએ, થોડીક ક્ષણો એની માટે પણ કાઢવી રહી. કહેવાતી પૂજા ન થાય તો પણ ચાલશે પરંતુ, આ રીતે તેનું અનુસંધાન કરવાથી જીવ માનવતાના ધર્મને અનુસરશે. ઉપરાંત સ્થૂળ શરીરતો નિંદ્રામાંથી બહાર આવશે જ, પરંતુ જેમ જેમ ઈશ્વર સમજાતો જશે, તેમ તેમ તમસ રુપી અંધકારની રાત્રી સમાપ્ત થશે, અને મોહનિંદ્રા માંથી જીવ બહાર આવી પણ શકે.

**જોગિયા હોય તેણે જોગ સંભાળવા,**
**ભોગિયા હોય તેણે ભોગ તજવા;**
**વેદિયા હોય તેણે વેદ વિચારવા,**
**વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા**

જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગને ત્યજવા, વેદ વેદાંતનો પાઠ કરવા વાળા હોય તેને વેદ વિશે વિચારવું એટલે કે ચિંતન કરવું, અને સીધાસાદા સંસારીઓ એટલે કે વૈષ્ણવોએ આવું કંઈ ન કરે તો પણ સાચી રીતે વૈષ્ણવ બની કૃષ્ણને ભજવા. નરસિંહ પોતે એક સંસારી હતા અને સંસારની મર્યાદાને સારી રીતે જાણતા હતાં, એટલે ભોગી માટે તો તે ભોગ ત્યજવાની વાત, અથવા તો ભોગમાંથી ધીરે ધીરે નિવૃત્તિ ને જ ઈશ્વર સાધના ગણાવી છે. વેદ એ ગહન ચિંતન માંગી લે તેવો ગ્રંથ છે, એટલે જેની પણ આ ગ્રંથમાં રુચિ હોય તેમણે સવારના આ સમયમાં વેદ વિશે ચિંતન કરવું, અને એ રીતે પોતાના નીજી જીવનમાં ફેરફાર કરવા, તેમજ અન્ય સાથે પણ જીવનનું મૂલ્યાંકન એ રીતે કરવું. વૈષ્ણવોના અગિયાર વ્રત છે, એ મુજબ અનુસરીને સીધાસાદા સંસારીઓ એ વૈષ્ણવ બનીને શ્રીકૃષ્ણને ભજવા, એને પણ ઉત્તમ સાધના ગણાવી છે.દુનિયાની આંટીઘૂટીથી મુક્ત રહી જે ઈશ્વરને ભજતો હોય તેને પણ વૈષ્ણવ કહેવાય.

**સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા,**
**દાતાર હોય તેણે દાન કરવું;**
**પતિવ્રતા નારીએ કંથને પૂછવું,**
**કંથ કહે તે તો ચિત્ત ધરવું**

લેખક કે કવિ હોય, તેણે બ્રહ્મ મુહૂર્તમાં બધી જ પ્રકારની નિંદ્રામાંથી બહાર આવીને લોકો તેને વાંચી અને કોઈ શીખ ગ્રહણ કરી શકે, તેવા ગ્રંથો લખવા અને કવિતાની રચના કરવી.દાન ધર્મમાં રુચિ હોય તેમણે સવારના ભાગમાં દાનના સંકલ્પ લેવાં, અને આખો દિવસ એ રીતે અનુસરવું. પતિવ્રતા ધર્મને અનુસરવું એટલે કે નારી એ, પોતાના પતિના પગલે ચાલવું, એને ઉત્તમ ધર્મ કહ્યો છે. તેને એ સિવાય બીજા એક પણ વ્રત કે સાધનાની જરૂર રહેતી નથી, તેની માટે તેનો પતિ એ જ પરમેશ્વર છે. નીજ અનુભવથી એક વાત કહેવા માગું છું, કે જ્યારે જ્યારે આ રીતે બ્રહ્મમુહૂર્તમાં લખાયું, તે શબ્દો સ્વયં કોઈ શક્તિ દ્વારા લખાય છે, એવી એક અનન્ય અનુભૂતિ પણ જીવની રહી છે. કારણ કે આ કોઈ સંસારી જીવના શબ્દો કે ચિંતન હોય ન શકે, અને એમણે કહેલી બીજી વાતને પણ પુર્ણ સમર્થન છે. કારણકે હિંદુ સનાતન ધર્મમાં તો પતિ એ જ પરમેશ્વર છે, અને સદાય એ જ રહેશે. પરંતુ એક જીવ તરીકે આ પૃથ્વી પર પોતાનું કર્તવ્ય શું છે? અથવા તો જન્મ કયા હેતુથી થયો? એવાં એક નાનકડા પ્રશ્ન પર આ ચિંતનની અધ્યાત્મ યાત્રાના મંડાણ થયા હતા, અને એક પણ કર્તવ્ય કર્મ ચૂક્યા વગર, ઈશ્વરીય કર્તવ્ય કર્મ ને અનુસરવા અસ્તિત્વ તરફ પહેલું ડગલું ભરવાની વર્ષો પહેલાં એક નેક કોશિશ આ રીતે થઈ હતી.

**આપણે આપણા ધર્મ સંભાળવા,**
**કર્મનો મર્મ લેવો વિચારી;**
**નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં**
**ફરી નવ અવતરે નર ને નારી**

આપણે આપણા ધર્મ સંભાળવા અને જે કંઇ કર્મ કરી રહ્યા છીએ તેનો મર્મ એટલે કે તે લાભદાયી છે, શુભદાયી છે, કે નુકશાન કર્તા છે, તે વિશે વિચારી લેવું. નર ને નારી ના ભેદથી પરે જતા એ નરસિંહના સ્વામી શ્રી કૃષ્ણની અંતરથી સ્મરી લેવા. સૌથી વધુ તકલીફ ત્યાં જ છે, કે કોઈને પોતાના તરફ જોવું નથી, પોતાના ધર્મ એટલે કે સ્ત્રીનો ધર્મ શું છે? પુરુષનો ધર્મ શું છે? સંતાનનો ધર્મ શું છે? વડીલોનો ધર્મ શું છે? પહેલા તો એ ધર્મ અનુસાર જો પરિવાર અનુસરે તો પરિવારના કલેશો બંધ થાય, જરાક આગળ વધીએ તો સમાજ આવે, સમાજમાં ધર્મને નામે કેટલા અખાડાઓ થઈ ગયા છે, અને દરેકે દરેક જો પોતાના ધર્મને અનુસરતા હોય, તો હજી પણ તકલીફ નથી. પરંતુ મારો ધર્મ શ્રેષ્ઠ એવું દેખાડવા, અને નિંદા ઈર્ષા અને અન્યને ઉતારી પાડવાની જે વાત આજે સમાજમાં વધી ગઈ છે, તે ખરેખર ચિંતનીય છે.નરસિંહના સ્વામીને જ પ્રેમથી પૂજવામાં આવે, તો તે મુક્તિને પામે છે. એટલે કે નર નારી તરીકે તેને અવતાર લેવો પડતો નથી, એવો પણ આ કથનનો અર્થ થઈ શકે. પરંતુ નરસિંહ જે કહેવા માગે છે, તે વાત એ છે કે કૃષ્ણને ભજીએ તો જીવતા જીવ મુક્તિ મળે છે, અને આ નર-નારીના ભેદમાંથી જીવ મુક્ત થઈ પરમ તત્વને પામે છે. તો આપણે સૌ પણ સિદ્ધપુરુષની ગરિમાને પ્રાપ્ત કરી શકીએ, એ માટે થઈને થોડા વહેલા જાગીને ઈશ્વરનું અનુસંધાન કરીએ. થોડી ભોગ માંથી નિવૃત્તિ લઈએ, સારા લેખક કવિને વાંચીને જીવનમાં કંઈક સારી શીખ ગ્રહણ કરીએ, તેમજ પરિવાર પ્રત્યેના આપણા ધર્મને નિભાવીને કલેશો માંથી મુક્ત થઈએ, સામાજિક રીતે જે કોઈ ધર્મને આપણે અનુસરતા હોઈએ, તે ધર્મ આવી નિંદા ઈર્ષાથી મુક્ત હોવો જોઈએ, અને ન્હોય તો તેમાંથી બહાર નીકળી, આપણે માનવતાના મૂળ ધર્મ તરફ આગળ વધીએ. કૃષ્ણ તો પ્રેમના અવતાર છે, એટલે તેના નામનું સ્મરણ કરી, તેની સાથે નિત્ય અનુસંધાન રાખીને જીવન જીવીએ, તો આપણી આસપાસ પણ પ્રેમ નામના આ પરમ તત્વનું એક કવચ બની જશે, જે આપણામાં સદાય સત્ય પ્રેમ અને કરુણા ભાવની પૂર્તિ કરશે. ટૂંકમાં જીવન હવે નવા પ્રયોગને ઝંખી રહ્યું છે, તો કોઈ પણ રીતે જાગીને જીવનને એક નવી દિશા તરફ લઈ જવું રહ્યું. સૌ કોઈ પોતાના જીવનમાં ફેરફારની જરૂર લાગે, ત્યાં આત્મનિરીક્ષણ કરી ફેરફાર કરીને જીવે, જેથી આ નકારાત્મકતા પૂરી થાય, અને જીવન અજવાળા તરફ ગતિ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**નિર્બળ જીવ ઉપર કરૂણા રાખે છે મારું જે કંઈ છેતે તો મે મારા પ્રભુ ને આપી દીધું છે**


# અજવાળું ફેલાવી જાણે એનું નામ ફાનસ.!! બીજા માટે જીવી જાણે તેનું નામ માણસ.!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મિશ્ર કર્મોનાં ફળ ઉભય લોકમાં એટલે આ લોકમાં પણ અને પરલોકમાં પણ મળે છે, એક માણસ ચોરી કરે છે, દારૂ પીએ છે, વ્યભિચાર કરે છે, જુગાર રમે છે, સટ્ટા રમે છે, તેને અહીં પણ રાજદંડ મળે છે અને મર્યા પછી ગંદા વિચારો અને ગંદા સંસ્કારો સાથે તેનું સૂક્ષ્મ શરીર બીજાં શરીરમાં જાય છે, ત્યાં પણ તેને ભારે અજ્ઞાનાધ-કારમાં ભટકવું પડે છે.**

નાસા અંતરિક્ષમાં ૬૭ વર્ષથી ફરતા વિશ્વના સૌથી જૂના વેન્ગાર્ડ -૧ સેટેલાઈટને સુનિતા વિલિયમ્સ ની જેમ પૃથ્વી પર પાછો લાવશે આ ૪/૧૦/૧૯૫૭ સૌથી સ્પુતનિક ૧ પછી ૧૭/૩/૧૯૫૮ના વેન્ગાર્ડ -૧ સેટેલાઈટ તરતો મૂક્યો હતો. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વ્યવહાર શુદ્ધિ એ ગૃહસ્થાશ્રમનો પાયો છે. સર્વ પ્રત્યે સમભાવ અને કોઈના પણ પ્રત્યે કુભાવનો અભાવ એ માનવીજીવનને પરિપૂર્ણ કરવાની ચાવી છે. વૈષ્ણવ થઈને શિવજીના માટે કુભાવ રાખે એની ભક્તિ કદી ફળી નથીને ફળે નહીંએ સ્કંધમાં વ્યાસ ભગવાન બતાવે છે. કારણ કે શિવજી તો ભક્તિ સંપ્રદાયના આચાર્ય છે.ભગવાન શંકર તો જગદ્ગુરુ છે. પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા નહોતા,કારણકે શંકર ભગવાનનું અપમાન થાય ત્યાં પોતે કેવી રીતે જઈ શકે?શિવજીમાં કુભાવ રાખનાર કામ, ક્રોધ,લોભ,મદ, મસ્તર અને મોહનો શિકાર બને છે. શિવજીમાં કુભાવ રાખનારને કદી બ્રહ્મજ્ઞાન થતું નથી એટલે દક્ષનો યજ્ઞ દક્ષને મારનારો બન્યો. દક્ષના મનમાં આયોજકોને પણ સજા થઈ હતી દક્ષના યજ્ઞમાં શિવપૂજન થયા પછી ભગવાન વિષ્ણુ પધાર્યા હતા. શિવજીએ તો કામને બાળીને ભસ્મ કર્યો હતો. રુદ્રનો જન્મ થાય છે.શિવજીનો જન્મ નથી થતો. મહારુદ્ર શિવ અજન્મા છે. ભગવાન શંકર વિશ્વનાથ છે, વિશ્વેશ્વર છે.એમનો દરબાર સદાખુલ્લો જગત જેનો ત્યાગ કરે તેને શિવજી અપનાવે છે.શિવ સ્વરૂપ મંગલમય છે.મથુરામાં ભૂતનાથનું મંદિર છે.દિવસે બ્રાહ્મણો પૂજા કરે છે,રાત્રે ભૂતો એમની પૂજા કરે છે. સાધારણ જીવ લગ્ન કરવા જાય છે ત્યારે કાળ એની છાતી પર ચડી બેસે છે,પણ ભગવાન શંકર લગ્ન કરવા ગયા ત્યારે તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને હાથમાં માળા છે જેના હૃદય માં શ્રીકૃષ્ણ છે એને વળી શ્રૃંગારની શું જરૂર છે? હરિ-હર પૂર્ણ એક સ્વરૂપ છે. જીવ જ્યારે શિવ સાથે લગ્ન કરે છે ત્યારે જ શ્રેય થાય છે. સંપત્તિ થી શાંતિ મળતી નથી. સંપત્તિથી વિકાર સાધના વધે છે એટલે ધર્મ પ્રકરણ પહેલું અને અર્થ પ્રકરણ પછી આવે છે. માનવ પોતાના જીવન-કાળમાં જેટલાં કર્મો કે ક્રિયાઓ કરે છે અને કરી શકે છે, તેના સ્થૂળરૂપે ત્રણ ભાગ પાડવામાં આવે છે. શુભ, અશુભ અને મિશ્ર.શુભ અને અશુભ કર્મની કોઈ નિયતવ્યાખ્યા કરવી એ બહુ કઠિન કાર્ય છે.તેથી તેની ઝીણવટમાં પેસવાની આવશ્યક્તા નથી. સામાન્યરીતે શુભ-અશુભ કર્મની એક જ વ્યાપક પરિભાષા હોઈ શકે છે અને તે એ કે “દેશ અને કાળને અનુસરી અમુક સમાજના હિત ચિંતકો જે કર્મને પોતાના સમાજ કે જ્ઞાતિ માટે કર્તવ્યની સીમામાં લઈ આવ્યા તે શુભ કર્મ અને જેનો ત્યાગ થયો તે અશુભ કર્મ.’’ એ જ વ્યાખ્યાને આધારે આપણે અતીતકાળનાં અને વર્તમાન કાળ નાં ઉભયવિધ કર્મોને ઓળખી શકીએ છીએ. અને વર્તમાનની દષ્ટિએ કોઈ વિરોધ કે વિરોધાભાસ




અતીતકાળમાં પ્રતીત થતો હોય તો તેનું સમાધાન પણ એ જ વ્યાખ્યા કરી શકશે. આપણે જાણીએ છીએ કે ગોમેધ એક વૈદિક યજ્ઞ હતો.તેમાં ગાયનો વધ થતો. આજે એ વાત સાંભળી ને આપણને ગ્લાનિ અને કંપ થાય છે પણ તે સમયે તે ધર્મ હતો. ઠેઠ પરાશરસ્મૃતિ રચાઈ ત્યાં સુધી તે ધર્મ મનાતો. નિર્બળ જીવ ઉપર કરૂણા રાખે છે મારું જે કંઈ છેતે તો મે મારા પ્રભુ ને આપી દીધું છે, હવે મારી પાસે ‘મારી’ કહેવા માટે કોઈ વસ્તુ રહી નથી,એમ માનીને જેણે મમતા ત્યજી દીધી છે,તેમજ આત્માને પણ અહંને પણ એટલે પોતાને પણ મેં મારા માના ચરણે મુકી દીધો છે,હવે ‘તું’ રહ્યો નથી, એમ માનીને જેણે અહંભાવનો ત્યાગ કર્યો છે,દુઃખ અને સુખમાં જે સમાનભાવે રહે છે જે દુઃખમાં ગભરાતો નથી અને સુખમાં ઉભરાતો નથી,તેમ જ શક્તિ હોવા છતાં જે અપરાધી ઉપર કાપ કરતો નથી અથવા જે ત્રિવિધ દુઃખોને શાંતિથી સહન કરી લે છે. ’’સુખ, દુઃખ, હર્ષ, શોક, હાનિ, લાભ ગ્લાનિ અને મ્લાનિમાં સર્વદા સંતુષ્ટ રહે છે, અથવા જે કંઈ મળે તેનાથી જ શરીર-નિર્વાહ કરીને પ્રસન્ન રહે છે, પ્રભુ સાથે કે બા સાથે સદા જોડાયેલો રહે છે, મનને જે સંયમમાં રાખનારો છે, પોતાના નિશ્ચયથી જે જરા પણ ડગતો નથી, હાલતો નથી અને જેણે મન અને બુદ્ધિ પોતાના પ્રભુને જ આપી દીધાં છે.જેને જોઈને કોઈને પણ ગ્લાનિ ન થાય ઉદ્વેગ ન થાય, સૂગ ન ચડે, અને જે પોતે કોઈને જોઈને ગ્લાનિ કે સૂગ ન અનુભવે,જે હર્ષ,સહન શીલતા, ભય, અને પ્રાણ સંકટ કાળ માં પણ ઉદ્વેગથી રહિત હોય છે. જે કોઈ પણ વસ્તુની ન્યૂનતાનો અનુભવ કરતો નથી, અંદર અને બહાર પવિત્ર રહે છે, જેને આ કામ મેં કર્યું છે અને આ નથી કર્યું, એવો સંતાપ હોતો નથી નિરર્થક અથવા અનુપયોગી કર્મો નો જે ત્યાગ કરનારો છે; જે શત્રુ અને મિત્રમાં સમાન ભાવે રહે છે, માન કે અપમાન,હર્ષ કે શોક જૈને સ્પર્શ કરતાં નથી, સર્વ દ્વન્દ્વોને જે સહન શે છે.વિશ્વ કે યુતિમાં પણ જે સ્વસ્થ રહી શકે છે. એવો સમ દ્રષ્ટિ માણસ ભક્ત કહેવડાવવાને પાત્ર છે અને તે જ મને પ્રિય છે.

ભાગવતની ભક્તિ અને ગીતાની ભક્તિમાં જે અંતર છે તે બહુ અગમ્ય નથી, સહેલાઈથી જાણી શકાય, સમજી શકાય તેવું છે. ગીતા નામ-સ્મરણની વાત નથી કરતી, કીર્તનની વાત પણ નથી કરતી,હાથ-પગ દબાવવાની પણ વાત નથી કરતી. તે તો સદાચારની વાત કરે છે.માનવજાતિની છેલ્લી વિકસિત દશાની વાત કરે છે. ભક્તિનું ફળ એ જ હોવું જોઈએ ભાગવતની ભક્તિમાંબહુપવિત્રતા નથી. દુરાચારી માણસો પણ તેટલું કરી શકે છે અને તેટલું કરીને પોતાને ભક્ત,ભક્તરાજ આદિ પદવી અપાવી શકે છે. પણ ગીતા ની ભક્તિને આચરનારમાં અથવા ગીતાએ દર્શાવેલ ભક્તિમાં કોઈ દંભ કે ડોળને અવકાશ જ નથી. ગીતાનો ભક્ત તો ગમે ત્યારે ધધકતી આગમાં અગ્નિપરીક્ષા માટે તૈયાર જ રહી શકે છે. મિશ્ર કર્મોનાં ફળ ઉભય લોકમાં એટલે આ લોકમાં પણ અને પરલોકમાં પણ મળે છે.એક માણસ ચોરી કરે છે, દારૂ પીએ છે, વ્યભિચાર કરે છે, જુગાર રમે છે, સટ્ટા રમે છે. તેને અહીં પણ રાજદંડ મળે છે અને મર્યા પછી ગંદા વિચારો અને ગંદા સંસ્કારો સાથે તેનું સૂક્ષ્મ શરીર બીજાં શરીરમાં જાય છે. ત્યાં પણ તેને ભારે અજ્ઞાનાધ- કારમાં ભટકવું પડે છે. એવા જીવને યમરાજના દરબારમાં કોઈ દંડ મળે છે કે કેમ તે તો ભાગવતના બનાવનાર વ્યાસ ભગવાન જાણે.હું તેમાં સાક્ષી પૂરી શકું નહિ. પણ તેને મૃત્યુકાળે, હું પહેલાં કહી આવ્યો છું તેમ, ઘણું કષ્ટ થાય છે. કદાચ તં તં અવાજ તે સમયે તેને સંભળાતો હશે અને અકળાતો હશે. મૃત દશામાં પણ તેને દુઃખ થાય છે. એનીબેસેન્ટ પોતાના’’મેન એન્ડ હિઝબોડીસ“ નામના પુસ્તક માં લખે છેકે દારૂડિયો જ્યારે અહીંનું સ્થૂળ શરીર છોડીને જાય છે, ત્યારે પોતાની ટેવ પ્રમાણે દારૂ ની ઈચ્છા તૃપ્ત કરવા જ્યાં ત્યાં ફાંફાં માર્યા કરે છે. અને દારૂના પીઠામાં કોઈ દારૂપીતો દારૂડિયો મળી જાય તો તેની આજુબાજુ ભટકયા કરે છે.પોતે તેના શરીરમાં પ્રવેશ કરીને કોઈ રીતે દારૂ પીવાના જે અધમ આનંદમાં તે ફસાયેલો હતો, તે મેળવી લે છે.’’દરેક જાત નાં વ્યસન કરનારાને મર્યા પછી એવું જ કરવું પડે છે. તેથી જ કોઈના શરીરમાં પ્રવેશેલાં ભૂતોને આપણે કહેતા સાંભળીએ છીએ કે મને દારૂ આપ,માંસ આપ, અથવા અમુક વસ્તુ આપ તો તને છોડી દઉં. મને શેઠશ્રી જમનાલાલ જયંતીલાલ શાહ કહેતા હતા કે તેમના કાકા શેઠશ્રી શાંતિલાલ બબલદાસ શાહના નાનાભાઈ હરગોવનભાઈ શાહના શરીરમાં એક શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ ભૂત થઈ ને પ્રવિષ્ટ થયો હતો. તે ભુતે કહ્યું કે મને ભાગવતની સપ્તાહ કથા સંભળાવી દો તો હું તેમને છોડી દઉં. સપ્તાહ કથા વંચાતી હતી ત્યારે વાંચનાર ક્યાંક ભૂલ કરતો તો તે ભૂત સુધારતું, અને કહેતું કે આમ નહિ, આમ બોલ. સપ્તાહ શ્રવણ કરીને તે ભૂત ચાલ્યું ગયું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આપણે યોગ્ય ચિંતન મનન થકી શાંત ચિત્તે સમય પસાર કરી ગરમીમાં બિન જરૂરી બહાર ના નીકળી અને આનંદ મેળવીએ.અસ્તુ..

### એક્શન બાયોગ્રાફી ફિલ્મનું શૂટિંગ ૧૮ એપ્રિલે શરૂ થશે

# રોહિત અને જોહ્ન પહેલી વખત એક બાયોગ્રાફીમાં

રોહિત શેટ્ટીની સિંઘમ ફ્રેન્ચાઈઝીની છેલ્લી ફિલ્મ ભલે ધાર્યા મુજબ ન ચાલી, તે ફરી એક વખત એક્શન ડ્રામા સાથે આવી રહ્યો છે. તે એક નવી એક્શન ડ્રામા ફિલ્મ શરૂ કરી રહ્યો છે, જેમાં આ વખતે પહેલી વખત તે જોહ્ન અબ્રાહમ સાથે કામ કરશે, તેઓ મુંબઈના પૂર્વ પોલિસ કમિશ્નર રાકેશ મારિયાના બાયોગ્રાફી બનાવી રહ્યા છે. તેમની આત્મકથા 'લેટ મી સે ઈટ નાઉ' પર આ ફિલ્મ બનશે અને એપ્રિલના ૧૮ સુધીમાં તેનું શૂટિંગ શરૂ થશે. રોહિત શેટ્ટીની આ પહેલી બાયોગ્રાફીકલ ફિલ્મ છે. કેટલાંક અહેવાલો અનુસાર ટ્રોમ્બેનાં એસેલ સ્ટુડિયોમાં તેનું શૂટિંગ શરૂ થશે, રોહિત શેટ્ટીએ આ ફિલ્મ માટે ચાર મહિનાનું શીડ્યુલ બનાવ્યું છે. જૂન મહિનાના અંત સુધી તેનું શૂટિંગ ચાલશે. રોહિત શેટ્ટી પહેલી વખત કોઈ વાસ્તવિક કથાનક પર આધારીત ફિલ્મ બનાવે છે અને આ ફિલ્મનું બજેટ લગભગ ૧૦૦ કરોડનું નક્કિ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ''રોહિતને હંમેશા વાસ્તવિક કથા સાથે કોપ ફિલ્મ બનાવવાની ઈચ્છા હતી. રાકેશ મારિયાનું જીવન જ એક થ્રિલર ફિલ્મ જેવું છે. તે ઈન્ટેન્સ હોવા છતાં તેમાં ઘણી એવી તીવ્ર કે ઉગ્ર ઘટનાઓ પણ બની છે. તેમની ૧૯૯૩માં મુંબઈ બોમ્બ બ્લાસ્ટના કેસની તપાસથી લઈને ૨૬-૧૧ના હુમલાથી લઈને મુંબઈના અંડરવર્લ્ડ સાથેની તેમની સિદ્ધીઓ ઘણી રસપ્રદ રહી છે.''




સૂત્રએ આગળ જણાવ્યું કે મારિયા અને શેટ્ટી વચ્ચે ઘણાં વખતથી ચર્ચાઓ અને મુલાકાતોનો દોર ચાલે છે. ઓટોબાયોગ્રાફીનો આધાર લેવામાં આવશે, સાથે ફિલ્મમાં એક બાન્દ્રાનો છોકરો કઈ રીતે સુપર કોપ બન્યો તેની વાત, મુંબઈ સાથે તેમનો સંબંધ અને શહેરની સુરક્ષામાં તેમની ભૂમિકા વિશે વાત કરવામાં આવશે. એવા પણ અહેવાલો છે કે રોહિત અને જોહ્નની આ ફિલ્મ મુંબઈમાં ૪૦ સ્થળો પર શૂટ થશે, જેમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, ડોંગરી, તાજ મહાલ પેલેસ હોટેલ સહીતના સ્થળોનો સમાવેશ થાય છે. શૂટના પહેલાં તબક્કામાં મારિયાના શરૂઆતના જીવન પર વધુ ભાર મુકવામાં આવશે. સેટ પર ૧૫૦થી વધુ ક્રૂ મેમ્બર્સ કામ કરશે.

### અનુપમ ખેર 'તન્વી ધ ગ્રેટ' નામની ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે

# અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' કેન્સ માર્કેટમાં ડેબ્યુ કરશે

**અનુપમ ખેર સ્ટુડિયો દ્વારા આ ફિલ્મ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી બનાવાય છે**



અનુપમ ખેર 'તન્વી ધ ગ્રેટ' નામની ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે, જેનું કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રિમીયર યોજાશે. આ પ્રસંગે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા સેલેબ્રિટી હાજર રહેશે, એ વખતે અનુપમ ખેર ફિલ્મની કાસ્ટનો પણ પરિચય કરાવશે. કેન્સમાં દર્શાવવાથી આ ફિલ્મની ઈન્ટરનેશનલ સફરની શરૂઆત થશે. કેન્સ પછી પ્રોડક્શન હાઉસ દ્વારા આ ફિલ્મ લંડન, ન્યૂયોર્ક અને લોસ એન્જલસમાં પણ સ્ક્રીન થશે. આ રીતે સ્ક્રિનિંગ દ્વારા વર્લ્ડ વાઈડ ઓડિયન્સ સુધી પહોંચવાનું ટીમનું આયોજન છે. જોકે આ ફિલ્મ વિશે હજુ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.અનુપમ ખેર સ્ટુડિયો દ્વારા આ ફિલ્મ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી બનાવવામાં આવી છે. આ ફિલ્મ 'કાગઝ'ના લેખક અંકુર સુમન તેમજ 'ઊંચાઈ'ના લેખક અભિષેક દિક્ષિત દ્વારા લખવામાં આવી છે. સાથે અનુપમ ખેરે પણ સહકાર આપ્યો છે. આ ફિલ્મની સિનેમેટોગ્રાફી 'ફર્રે'ના સિનેમેટોગ્રાફર કેઈકો નકાહારા દ્વારા કરવામાં આવી છે. જ્યારે ફિલ્મનું સંગીત 'આરઆરઆર'ના ઓસ્કાર વિજેતા મ્યુઝિક કમ્પોઝર એમ.એમ.કીરવાણી દ્વારા આપવામાં આવ્યું છે. અનુપમ ખેરે ૨૦૦૨માં 'ઓમ જય જગદીશ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું છે.

### ખુશી કપૂરે બહેન જહાન્વીને ફેશન આઇકોન ગણાવી

# 'હું હજુ પણ મારી મમ્મી અને બહેનનાં કપડાં જ પહેરું છું'



શ્રીદેવીની બંને દિકરીઓ બોલિવૂડના રસ્તે આવી છે. જહાન્વીએ પોતાની એક અલગ જગ્યા બનાવી લીધી છે, પરંતુ ખુશી હજુ પણ પોતાનું સ્થાન બનાવવા કોશિશ કરી રહી છે. જોકે, જુનૈદ ખાન સાથેની 'લવયાપા'માં તેના અભિનયના વખાણ થયાં છે, ઈબ્રાહીમ અલી ખાન સાથેની 'નાદાનિયાં' પછી આ તેની બીજી ફિલ્મ હતી. જોકે, અત્યારથી જ ફેશનની દુનિયામાં રૅમ્પ વૉક દ્વારા ખુશી પોતાની એક અલગ ઈમેજ બનાવી ચૂકી છે. તાજેતરમાં જ બોમ્બે ફેશન વીકમાં તે ગુજરાતી ડિઝાઈનર્સ શ્યામલ અને ભૂમિકા માટે શો સ્ટોપર રહી હતી. તેણે સ્કારલેટ રેડ કલરના શીમરી ચોલી પહેર્યાં હતાં.શો પછી ખુશીએ પાપરાઝીને ઈન્ટરવ્યુ પણ આપ્યો હતો, જેમાં તેણે ફેશન અંગે પોતાના વિચારો કહ્યાં હતાં. તેણે કહ્યું, ''મને લાગે છે, ફેશનને સમયના બંધનો નથી હોતાં. હું આજે પણ મારી મમ્મીના કપડાં પહેરું છું, મારી મોટી બહેનના કપડાં પહેરું છું. તો મને લાગે છે, તમે એ કપડાં કઈ રીતે પહેરો છો, તે મહત્વનું છે. કપડાં મહત્વનાં નથી.'' ખુશીને જ્યારે ખરા ફેશન આઈકોન અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ''મને લાગે છે કે મારા માટે મારી મોટી બહેન હંમેશાથી આઈકોન રહી છે.'' પરંતુ આ બાબતને કોઈએ તેનો પીઆર સ્ટંટ ગણવી હતી, આ વીડિયોની કમેન્ટમાં એક વ્યક્તિએ લખ્યું, ''બધો પીઆર સ્ટંટ છે, પોતાને રિલેટેબલ પુરવાર કરવા માટેનો.''

# સિદ્ધાર્થ મલ્હોત્રા પણ કોમેડીના રસ્તે, મહાવીર જૈન સાથે કોમેડી ફિલ્મ કરશે

**આ ફિલ્મમાં તેની સાથે સારા અલી ખાન લીડ રોલમાં હશે, આ ફિલ્મનું કામ પણ ૨૦૨૫માં શરૂ થઈ જશે**

સિદ્ધાર્થ મલ્હોત્રા અને જહાન્વી કપૂર હાલ તો તેમની ફિલ્મ 'પરમ સુંદરી'ના શૂટમાં વ્યસ્ત છે. બંનેની આ ફિલ્મ તો જુલાઈમાં રિલીઝ થવાની તૈયારીઓ છે, પરંતુ આ એક્શન અને લવસ્ટોરી ફિલ્મ પછી હવે આખરે સિદ્ધાર્થ મલ્હોત્રા પણ હવે કોમેડી તરફ વળ્યો છે. એવા અહેવાલો છે કે તે મહાવીર જૈને પ્રોડ્યુલ કરેલી કોમેડી ફિલ્મ કરવાનો છે. તેનું શૂટિંગ આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થશે.આ ફિલ્મ વિશેના અહેવાલો અનુસાર રાજ શાંડિલ્ય આ ફિલ્મ ડિરેક્ટ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ સુધી આ ફિલ્મનું નામ જાહેર થયું નથી પરંતુ, ''આ એક ખુબ મોટા બજેટની કોમેડી એન્ટરટેઈનર ફિલ્મ હશે. તેના માટે સિદ્ધાર્થ મલ્હોત્રા, રાજ શાંડિલ્ય અને મહાવીર જૈન સહીત સમગ્ર ટીમ ખુબ ઉત્સાહીત છે. તેઓ ૨૦૨૫ના બીજા ભાગમાં ફિલ્મનું કામ શરૂ કરી દેશે. આ ફિલ્મના પાત્રો અને દુનિયા એવી રીતે તૈયાર કરાશે કે આ એક અલગ ફ્રેન્ચાઈઝી બની શકે છે.'' સૂત્રએ આગળ જણાવ્યું, ''આ ફિલ્મની સ્ક્રિપ્ટ અનોખી છે, આ એક ક્રીચર કોમેડી હશે. જેનું કામ ખુબ મોટા પાયા પર કરવામાં આવશે. આ ફિલ્મના પ્રોડ્યુસરનો હેતુ આ સિરીઝમાં એકથી વધુ ફિલ્મ બનાવવાનો છે, તેનું કામ પણ આગળ વધી રહ્યું છે.''



આ ઉપરાંત સિદ્ધાર્થ મેડોક ફિલ્મ્સની હોરર કોમેડી દુનિયામાં પણ ડેબ્યુ કરી રહ્યો છે, તે મેડોકની વી-વન-ફોર્સમાં પણ કામ કરી રહ્યો છે. આ એક જંગલ આધારીત ફિલ્મ છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મનું એક પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં એક માણસ ધોતી પહેરીને દોડી રહ્યો છે, તેના હાથમાં એક મશાલ છે. ઉપરથી જંગલને આંખો હોય અને તેની વચ્ચેથી એક શેરડો પસાર થતો હોય એવું પોસ્ટર છે. આ પોસ્ટર શેર કરીને સિદ્ધાર્થે લખ્યું હતું, ''આ ફોક થ્રિલરનો ભાગ બનીને ઘણો ઉત્સુક છું.'' આ ફિલ્મ અરુનભકુમારે અને દીપક મિશ્રાએ ડિરેક્ટ કરી છે. આ ફિલ્મ ૨૦૨૫માં છઠના દિવસે રિલીઝ થવાની છે. અનુરભ ધ વાયરલ ફીવર પ્રોડક્શન્સ માટે પંચાયત સહીતની સિરીઝ ડિરેક્ટ કરી ચૂક્યા છે.

# બાબિલ ખાન પર કેમ ભડકી હુમા કુરૈશી

બોલિવુડ અભિનેત્રી હુમા કુરૈશી હાલમાં મુંબઈમાં એક ઈવેન્ટમાં સામેલ થઈ હતી. આ દરમિયાન તે ઈરફાન ખાનના દીકરા બાબિલ ખાન પર ભડકી જાય છે. તેમની વચ્ચેની વાતચીતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં બાબિલ ખાન હુમાને કોઈની ફરિયાદ કરી રહ્યો છે. અભિનેતા બાબિલના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે તેની આગામી ફિલ્મ લોગઆઉટની રિલીઝ માટે તૈયાર છે બાબિલ કહી રહ્યો છે કે, 'તેણે મારો ફોન પણ ન ઉપાડ્યો' જોકે, અભિનેત્રીએ જાહેરમાં વાતચીત ટાળવાનો પ્રયાસ કર્યો અને તેણે જવાબ આપ્યો કે, 'પછી વાત કરીશુ'. જોકે, બાબિલનો સવાલ અહીં જ પૂરો ન થયો, તેણે ફરીથી પૂછ્યું, 'તે મારા પર ગુસ્સે છે?', પરંતુ હુમા 'મને ખબર નથી' એમ કહીને જતી રહી. ત્યારપછી હુમા શિખા તલસાનિયા સાથે વાત કરી રહી હતી કે, 'મને એમ થાય છે કે હું તેને લાફો મારી દઉં.'જોકે, બાદમાં હુમા અને બાબિલે પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ પણ આપ્યા, પરંતુ નેટીઝન્સે બંને વચ્ચે તણાવ અનુભવ્યો. એક યુઝરે લખ્યું કે, તમારે શીખવું જોઈએ કે, એક છોકરી અને મહિલા સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ? અન્ય એક યુઝરે લખ્યું કે, તે કરી શું રહ્યો છે? તે પરિપક્વ નથી. બાબિલના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે તેની આગામી ફિલ્મ લોગઆઉટની રિલીઝ માટે તૈયાર છે. આ એક મિસ્ટ્રી ડ્રામા છે. આ ફિલ્મમાં રસિકા દુગ્ગલ પણ છે. આ ફિલ્મ ૧૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ OTT પર સ્ટ્રીમ થશે. હુમાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો 'મહારાની'વના આગામી સિઝનમાં જોવા મળશે. તેની પાસે 'જોલી એલએલબી ૩' પણ છે.



### કરીના સાથે પૃથ્વી સુકુમારન અને મેઘના ગુલઝાર કામ કરશે

# કરીના 'ડ્રીમ ટીમ' સાથે 'દાયરા'ની જાહેરાત કરી



**મેઘના ગુલઝારે આ પહેલાં 'રાઝી', 'તલવાર' અને 'સેમ બહાદુર' સહીતની ફિલ્મો બનાવી છે**

મેઘના ગુલઝાર અને પૃથ્વી સુકુમારનની ફિલ્મ 'દાયરા'માં કરીના કપૂર પણ જોડાઈ છે. થોડાં દિવસો પહેલાં કરીના કપૂર અને પૃથ્વી સુકુમારન મુંબઈમાં સાથે દેખાયાં હતાં. ત્યારે હવે કરીનાએ કન્ફર્મ કર્યુ છે કે તે પૃથ્વી સાથે મેઘના ગુલઝારની ફિલ્મમાં 'દાયરા'માં કામ કરી રહી છે. મેઘના ગુલઝારે આ પહેલાં 'રાઝી', 'તલવાર' અને 'સેમ બહાદુર' સહીતની ફિલ્મો બનાવી છે આ પોસ્ટ જોતાં જ તેના ફૅન્સ પણ ઉત્સાહમાં આવી ગયાં હતાં. કરીનાએ આ જાહેરાત કરતાં આ ફિલ્મની ટીમને 'ડ્રીમ ટીમ' ગણાવી હતી. કરીનાએ સોમવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. તેમાં તેણે પૃથ્વી સુકુમારન અને મેઘના ગુલઝાર સાથે તસવીરો શેર કરી હતી. તેમાંથી એક તસવીરમાં કરીના અને પૃથ્વી ઈન્ટેન્સ લૂકમાં દેખાય છે. જ્યારે અન્ય એક તસવીરમાં આ ત્રણેય હસતાં દેખાય છે. આ તસવીરો શેર કરતાં કરીનાએ લખ્યું, ''મેં હંમેશા કહ્યું છે કે હું ડિરેક્ટરની એક્ટર છું અને હવે હું આપણી પાસે રહેલાં શ્રેષ્ઠ ડિરેક્ટર્સમાંના એક એવાં મેઘના ગુલઝાર સાથે કામ કરવા અતિ ઉત્સુક છું, સાથે સાથે પૃથ્વી સુકુમારન, જેમના કામની હું પહેલાંથી જ પ્રસંશક રહી છું. મારી ડ્રીમ ટીમ 'દાયરા'..''આ પોસ્ટ થતાં જ કરીનાની પોસ્ટ પર કમેન્ટનો વરસાદ થઈ ગયો હતો. કોઈએ કરીના અને પૃથ્વીને પોતાના મનપસંદ કલાકારો ગણાવ્યા હતા, મેઘના ગુલઝારે આ પહેલાં 'રાઝી', 'તલવાર' અને 'સેમ બહાદુર' સહીતની ફિલ્મો બનાવી છે તો કોઈએ આ ત્રણેયને 'ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ -ગોટ' કોમ્બિનેશન ગણાવ્યું હતું. તો કોઈએ આ પ્રોજેક્ટને રસપ્રદ ગણાવ્યો હતો. મેઘના ગુલઝારે આ પહેલાં 'રાઝી', 'તલવાર' અને 'સેમ બહાદુર' સહીતની ફિલ્મો બનાવી છે. ફરી એક વખત આ એક ક્રાઈમ ડ્રામા ફિલ્મ હશે, જેમાં કરીના અને પૃથ્વી લીડ રોલમાં હશે. આ ફિલ્મ મેઘના સાથે યશ અને સીમાએ સાથે મળીને આ ફિલ્મ લખી છે અને હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે.

# બોલિવૂડ ગાયક શાને પુણેમાં દસ કરોડ રૂપિયાનો વૈભવી બંગલો ખરીદ્યો

**૩૦,૦૦૦ રૂપિયાની નોંધણી ફી**

**આ સમાચાર પર શાન તરફથી હજુ સુધી કોઈ ટિપ્પણી આવી નથી**

બોલિવૂડ ગાયક શાંતનુ મુખર્જી,કેજે શાન તરીકે પ્રખ્યાત છે, તેમણે તેમની પત્ની રાધિકા મુખર્જી સાથે મળીને પુણેના પ્રભાચીવાડીમાં ૧૦ કરોડ રૂપિયામાં એક વૈભવી બંગલો ખરીદ્યો છે. આ વ્યવહાર માર્ચ ૨૦૨૫ માં નોંધાયેલો હતો. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, દંપતીએ એક ભવ્ય પ્લોટ-પ્લસ-બંગલો ખરીદ્યો છે. આ પ્લોટ આશરે ૦.૪ હેક્ટરમાં ફેલાયેલો છે, જ્યારે બિલ્ટ-અપ એરિયા ૫,૫૦૦ ચોરસ ફૂટ છે. આ મિલકત પર ૫૦ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦,૦૦૦ રૂપિયાની નોંધણી ફી વસૂલવામાં આવી હતી.આ સમાચાર પર શાન તરફથી હજુ સુધી કોઈ ટિપ્પણી આવી નથી. પ્રભાચીવાડી મહારાષ્ટ્રના પુણે જિલ્લાના માવલ તાલુકામાં આવેલો એક વિસ્તાર છે. તે પુણે મેટ્રોપોલિટન વિસ્તારમાં સ્થિત છે અને તેના ગ્રામીણ વાતાવરણ, ખુલ્લી જમીનના ટુકડાઓ અને વિકાસશીલ રહેણાંક પ્રોજેક્ટ્સ દ્વારા વર્ગીકૃત થયેલ છે. સ્ક્વેર યાર્ડ્સ અનુસાર, આ વિસ્તાર મુંબઈ-પુણે એક્સપ્રેસ વે સહિત અનેક મુખ્ય હાઈવેની નજીક છે. આનાથી તે પુણે શહેર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારો સાથે જોડાયેલું દેખાય છે.શાંતનુ મુખર્જી એક પ્રખ્યાત ભારતીય પ્લેબેક સિંગર છે જેમની કારકિર્દી બે દાયકાથી વધુ લાંબી છે. તેણીએ બોલિવૂડમાં ઘણા ચાર્ટ-ટોપિંગ હિટ ગીતો આપ્યા છે જેમાં કલ હો ના હો, તનુ વેડ્સ મનુ અને દસ જેવી ફિલ્મોના ગીતોનો સમાવેશ થાય છે. શાન પણ રિયલ એસ્ટેટમાં રોકાણ કરનારા ગાયકોની યાદીમાં જોડાયો છે.એક અહેવાલ મુજબ, આ વર્ષે જાન્યુઆરીમાં, જુબિન નૌટિયાલે મુંબઈના મડ આઈલેન્ડ વિસ્તારમાં ૪.૯૪ કરોડ રૂપિયામાં ૪ BHK એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું. સ્ક્વેર યાર્ડ્સ અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરીમાં, બોલિવૂડ સંગીતકાર અને ગાયક અનુ મલિક અને તેમની પત્ની અંજુ મલિકે મુંબઈના સાંતાક્રુઝ વેસ્ટ વિસ્તારમાં બે એપાર્ટમેન્ટ ૧૪.૪૯ કરોડ રૂપિયામાં વેચ્યા હતા.



# કંગનાની મોઢાંમોઢ કહી દેવાની ટેવ સારી નથી

**કંગના રનૌત તેને નિશાન બનાવી રહી હતી - અભિનેતા રણદીપ હુડ્ડા**

કંગના રનૌત દ્વારા આલિયા ભટ્ટ પર કરવામાં આવેલી ટિપ્પણી પર અભિનેતા રણદીપ હુડ્ડાએ વર્ષો પછી પોતાનું મૌન તોડ્યું છે. કંગના રનૌત અંગે તેમણે કહ્યું કે તે બિનજરૂરી રીતે આલિયા ભટ્ટને નિશાન બનાવી રહી છે. ફિલ્મ 'જાટ'માં અભિનેતા રણદીપ હુડ્ડાની ખલનાયકની ભૂમિકા દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સારું પ્રદર્શન કરી રહી છે. હવે આ દરમિયાન, અભિનેતા રણદીપ હુડ્ડાનું એક નિવેદન સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યું છે. જેમાં તે અભિનેત્રીઓ કંગના રનૌત અને આલિયા ભટ્ટ વિશે વાત કરતો જોવા મળે છે.વાસ્તવમાં રણદીપ હુડ્ડા પોતાની ફિલ્મ 'જાટ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ સમય દરમિયાન, તેમણે પોડકાસ્ટમાં ઘણા મુદ્દાઓ પર નિખાલસતાથી પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ દરમિયાન તેમને આલિયા ભટ્ટ અને કંગના રનૌત વચ્ચેના જૂના વિવાદ વિશે પૂછપરછ કરવામાં આવી.વર્ષ ૨૦૨૦ માં, કંગનાએ ફિલ્મ ગલી બોયમાં આલિયાના અભિનયની સરેરાશ ગણાવીને ટીકા કરી હતી. જેના પર રણદીપે આલિયા ભટ્ટનો બચાવ કરતા ટ્વિટ કર્યું હતું. જેમાં તેમણે કંગનાનું નામ તો લીધું નથી પણ આડકતરી રીતે લખ્યું છે કે તેઓ ખુશ છે કે આલિયાએ બીજાના મંતવ્યોને પોતાના કામ પર પ્રભુત્વ ન આપવા દીધું.હવે ઈન્ટરવ્યુ દરમિયાન, રણદીપે સ્વીકાર્યું કે તે (કંગના) આલિયાને ખૂબ નિશાન બનાવી રહી હતી. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે તેમને કંગના સાથે ક્યારેય કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નહોતી. મને લાગ્યું કે વારંવાર આલિયાને નિશાન બનાવવી યોગ્ય નથી. કંગના ખૂબ જ સારી અભિનેત્રી છે, હું તેની પ્રતિભાનો આદર કરું છું પણ તેણે એવું કંઈ ન કહેવું જોઈએ જે બીજાને નીચું લાવે. આ બધું તેને શોભતું નથી.રણદીપે વધુમાં કહ્યું કે હાઈવે ફિલ્મને કારણે, મને હંમેશા તેની (આલિયા) સાથે મજબૂત જોડાણનો અનુભવ થયો છે. મને ખાતરી નથી કે તેણી પણ આવી જ લાગણી અનુભવે છે કે નહીં, પણ મને તેણી અને તેના પાત્ર વીરા સાથે સમાન જોડાણ લાગે છે.



**કંગના રનૌત દ્વારા આલિયા ભટ્ટ પર કરવામાં આવેલી ટિપ્પણી પર અભિનેતા રણદીપ હુડ્ડાએ વર્ષો પછી પોતાનું મૌન તોડ્યું છે**




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજરોજ પોષણ પખવાડિયા અંતર્ગત ઝાલોદ cmtcમાં sam બાળકોની માતાઓને thr ના ઉપયોગથી લાઈવ વાનગી બનાવીને નિદર્શન કરાવવામાં આવ્યુ તેમજ thr માંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું. Cmtc માં ૧૨ બાળકો દાખલ હતા તેમજ વિસ્તારના અન્ય sam બાળકોની માતાને બાળકોને cmtc માં દાખલ કરાવવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ sam બાળકોની માતાને પોષણ ટોપલીનું વિતરણ કરવામાં આવ્યું.પોષણ પખવાડિયાની ઉજવણીમાં cdpo શ્રી નીલુબેન માછી, Tho શ્રી તુષાર ભાભોર, Rmo ડો. ચંદ્રા પારવાણી, ન્યુટ્રીશન આસિસ્ટન્ટ ભારતીબેન, rbsk mo, મુખ્યસેવીકા તેમજ અન્ય સ્ટાફ હાજર રહેલ.

# નર્મદા પરિક્રમાના સુચારુ સંચાલન વ્યવસ્થાપન માટે શુદ્રઢ આયોજન અંગે રણછોડરાય મંદિર ખાતે જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીએ બેઠક યોજી

## નર્મદા પરિક્રમા તેના મધ્યાહન ભાગમાં પહોંચી છે બાકીની પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં સારી રીતે સંપન્ન થાય તે માટે સૌએ સાથ સહકારથી કામ કરવાનું છે

। (માહિતી) નર્મદા, તા.૧૬ ।

નર્મદા જિલ્લામાં ચૈત્ર માસ દરમિયાન એક મહિનો માં નર્મદાની પરિક્રમા યોજાય છે. આ પરિક્રમા ગત તા. ૨૯ માર્ચથી ૨૭મી એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલશે. હાલમાં આ પરિક્રમા તેના મધ્યાહાન ભાગમાં પહોંચી છે. ૧૫ દિવસની યાત્રા સારી રીતે પૂરી થઈ છે. ગત શનિ-રવિની રજામાં શ્રદ્ધાળુઓને ઘસારો અને વધુ ભીડ ઉમટતા વ્યવસ્થાઓ ટૂંકી પડી હતી. જેના પગલે તેમાં સુધારો-વધારો કરવા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી શ્રી રાજેન્દ્રકુમાર દ્વારા જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસવડા અને પરિક્રમાના નોડલ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિડીયો કોન્ફરન્સના સંદર્ભમાં આજે જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. મોદી દ્વારા રણછોડરાય મંદિર ખાતે બપોરે એક ખાસ તાકીદની જિલ્લા સંબંધિત અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠન અને ધાર્મિક આગેવાનો તથા આશ્રમવાસીઓ,



યાત્રાધામ વિકાસ બોર્ડની એજન્સીઓ સાથે બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, હયાત સુવિધા છે તેમાં સુધારો-વધારો કરવામાં આવે છે અને શ્રદ્ધાળુઓને અને કોઈ તકલીફ ન પડે તે માટેનો એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરશ્રીએ ચાર ઘાટ પર વધારાના ડોમ, બેઠક વ્યવસ્થા, ખુરશી, નાહવા માટેના ફુવારા જ્યાં લાઈટ બંધ હોય ત્યાં લાઈટની સુવિધા, રેલીંગ, બેરીકેટીંગ નમી ગઈ હોય તો તેને મજબૂત કરી દેવાની રહેશે.

# ભરૂચ જિલ્લાનાં આંગણવાડી કેન્દ્રો ખાતે અન્નપ્રાસન દિવસ અને બાળ દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) ભરૂચ, તા.૧૬ ।

ભરૂચ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના આઈસીડીએસ કાર્યક્રમ હેઠળ પોષણ પખવાડિયા અંતર્ગત ભરૂચ જિલ્લાના તમામ તાલુકાઓની આંગણવાડી કેન્દ્રો ખાતે અન્નપ્રાસન દિવસ અને બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પ્રોટીનયુક્ત આહાર, THR (ટેક હોમ રાશન) અને તેમાંથી મળતા વિટામિન્સ અને તેના ફાયદા જાણી ઘરમાં બનતી વાનગીઓમાં તેનો ઉપયોગ કરવા માટે સગર્ભા માતા અને વાલીઓને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં ૬ મહિના પૂર્ણ કરેલા બાળકોને ઉપરી આહારની શરૂઆત કરાવવામાં આવી હતી. ધાત્રી માતા અને સગર્ભા બહેનોને માતૃશક્તિ,



બાલશકિતના ફાયદા વિશે માહિતી આપી તેનો નિયમિત ઉપયોગ કરવા સમજાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પોષણ પખવાડિયામાં જન આંદોલનન થકી પોષણ અને આરોગ્ય વિશે જાગૃતિ ફેલાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

# રેશનકાર્ડ ધારકોએ ૩૦ એપ્રિલ ૨૦૨૫ સુધી ફરજિયાત e-KYC કરાવી લેવું

। અમદાવાદ, તા.૧૬ ।

વિરમગામ તાલુકામાં રેશનકાર્ડ ધારકોની e-KYC કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં વિરમગામ તાલુકામાં ૭૭.૪૧% અનાજ મેળવતા લાભાર્થીઓ દ્વારા e-KYC કરવામાં આવ્યું છે. બાકી રહેલા લાભાર્થીઓએ આપની નજીકની વાજબી ભાવની દુકાન (સસ્તા અનાજની દુકાન), ગ્રામ પંચાયત કચેરી અથવા મામલતદાર કચેરી ખાતે જઈ રેશનકાર્ડમાં તમામ સભ્યોના e-KYC કરાવી લેવા વિનંતી છે. તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં e-KYC નહી થયેલા રેશનકાર્ડ પર સબસિડી હોલ્ડ થઈ શકે છે, જેથી તમામને તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં e-KYC કરાવી લેવા વિરમગામ મામલતદારની અખબારી યાદી જણાવવામાં આવ્યું છે.

# ઉનાળાની સીઝનમાં ગરમી (લૂ-હિટ સ્ટ્રોક) સામે રક્ષણ મેળવવાના અગત્યના ઉપાય

। અમદાવાદ, તા.૧૬ ।

ગરમીનો પ્રકોપ દીવસે ને દીવસે વધી રહ્યો છે ત્યારે તેની સામે રક્ષણ મેળવવા શું-શું કરી શકાય તે અંગે જિલ્લા પંચાયત, અમદાવાદની આરોગ્ય શાખા દ્વારા જાહેર જનતાની કાળજી લઈ કેટલાક ઉપાયો અને પ્રાથમિક સ્તરની જાણકારીનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે. ભારે ગરમી તથા ગરમ હવા ઉત્પન્ન થાય ત્યારે તાપમાન અત્યંત ઉંચા સ્તર પર પહોંચે છે અથવા ગરમી અને ભેજ સાથે મળે ત્યારે હિટ સ્ટ્રોકની પરિસ્થિતી સર્જાય છે. આ હિટ સ્ટ્રોકની અસર વૃધ્ધો, બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ, તેમજ મજૂરી કામ કરતા લોકોને વધુ અને જલ્દીથી અસર કરે છે. હિટ સ્ટ્રોકની પરિસ્થિતી સર્જાય ત્યારે માથામાં દુખાવો થવો, પરસેવો ના થવો, ચામડી લાલ, સૂકી અને ગરમ થવી, ઉલટી થવી, અશક્તિ અનુભવવી, આંખો લાલ થવી જેવા લક્ષણો જોવા મળે છે. આ પ્રકારની પરિસ્થિતીથી બચવા પાણી વધુ પીવું જોઈએ, નાહવાનું પ્રમાણ વધારવું જોઈએ, સફેદ અને હલકા રંગના કપડા પહેરવા જોઈએ, બંધ કારમાં બેસવાનું ટાળવું જોઈએ, તેમજ આલ્કોહોલ અને કેફી પદાર્થોનું સેવન ન કરવું જોઈએ અને કામ વગર બહાર પણ ન નિકળવું જોઈએ. જો વ્યક્તિ હિટ સ્ટ્રોકનો ભોગ બને તો તેણે અથવા તેની આસપાસના વ્યક્તિએ ૧૦૮ ઈમર્જન્સી સેવાનો સંપર્ક સાધવો તેમજ સારવાર મળે ત્યાં સુધી ભોગ બનેલ વ્યક્તિને તેના પગ જમીનથી થોડા ઉંચા રહે તેમ સુવડાવવો, પંખાની સીધી હવા તેના શરીર પર આવે તે રીતે સુવડાવવો, દર્દીના બગલમાં, કમર પર તથા ગળાની નીચે ભીના કપડા, ટુવાલ, બરફ મુકવો તેમજ તેને ઠંડુ સાદુ પાણી પીવડાવતા રહેવું જોઈએ.

# ૧૭ થી ૧૯ એપ્રિલ સુધી ઝખવાડા-વિરોચનનગર સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નં.૩૭ (સચાણા ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ઝખવાડા અને વિરોચનનગર સ્ટેશનોની વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નં. ૩૭ (સચાણા રેલવે ફાટક) કિમી ૫૪૬/૩૪-૩૬ પર આકસ્મિક આવશ્યક મરમ્મત કાર્ય માટે ૧૭ એપ્રિલ ૨૦૨૫ના સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૧૯ એપ્રિલ ૨૦૨૫ના સાંજે ૧૮:૩૦ વાગ્યા સુધી બંધ રહેશે. રસ્તા ઉપયોગકર્તાઓ આ સમયગાળામાં રેલવે ક્રોસિંગ નં. ૩૯ અને ૪૦ મારફતે મુસાફરી કરી શકે છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીના ભાગરૂપે મેદસ્વિતામુક્ત ગુજરાત થીમ પર યોગશિબિર યોજાઇ



। અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીના ભાગરૂપે 'મેદસ્વિતામુક્ત ગુજરાત' થીમ પર લાલ દરવાજા વિસ્તારમાં યોગશિબિર યોજાઈ હતી. જેમાં રાજ્ય યોગ બોર્ડના ઝોન કોર્ડીનેટર પ્રીતિ પાંડે, મનપાના કોર્ડીનેટર ડો.પારૂલ પટેલ, જિલ્લા કોર્ડીનેટર હીના ચાવડા, ક્લાસ ઈન્સ્પેક્ટર નવનીત શેલડીયા, સોશિયલ મીડિયા કોર્ડીનેટર હિરલ દવે, યોગબોર્ડના કોચ નરેન્દ્ર કારીયા, ભાસ્કર રાઉત તેમજ યોગ ટ્રેનરોએ યોગમય ગુજરાત અને મેદસ્વિતામુક્ત ગુજરાત વિશે ઉપયોગી જાણકારી આપી અને ટ્રેનરોને સર્ટિફિકેટ વિતરણ કર્યું હતું. રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા.૧૫ થી ૩૧ મે દરમિયાન સમર કેમ્પ અને તા.૧ થી ૩૧ મે સુધી મેદસ્વિતામુક્ત કેમ્પ યોજાશે જેમાં જોડાવા ઈચ્છતા નાગરિકો મો.૯૪૨૯૪૮૬૨૯૪ ઉપર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવી શકે છે એમ યોગ બોર્ડના સુરત કોર્ડીનેટરની યાદીમાં જણાવાયું છે.

## ટ્રમ્પે પ્રોસિક્યુટર્સ દ્વારા દોષિત ઘણા પ્રતિવાદીઓને માફી આપી

# અદાણી જૂથ માટે ખુશખબરઃ વ્હાઈટ કોલર કાયદાઓ મામલે ડોનાલ્ડ ટ્રંમ્પની પીછેહઠ

। અમદાવાદ, તા.૧૬ ।

અદાણી જૂથ માટે ફરી એકવાર સારા સમાચાર આવ્યા છે, શેરબજારમાં અદાણીના શેરમાં તોફાની તેજી બાદ અમેરિકન સરકાર તરફથી મોટી રાહત મળી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે લાંચ વિરોધી કાયદાઓ પ્રત્યે નરમ વલણ રાખતા તેને લાગુ નહીં કરવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ચોક્કસ પ્રકારના વ્હાઇટ-કોલર ગુનાઓ સામે કેસ ચલાવવાથી પાછળ હટવાનો નિર્ણય લીધો છે. જેનાથી અદાણી ગ્રુપને ફાયદો થવાની સંભાવના છે.

રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે લાદેલા 'ટેરિફ ટેરર'થી વિશ્વભરના બજારોમાં ઉથલપાથલ મચી ગઈ છે. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર ચોક્કસ પ્રકારના વ્હાઇટ-કોલર ગુનાઓ લાગુ કરવાથી પીછેહઠ કરી રહ્યું છે. જેમાં વિદેશી લાંચ, જાહેર ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને ક્રિપ્ટો માર્કેટ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યાના બે મહિનામાં જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે યુએસ ન્યાય વિભાગને વિદેશી વ્યાપાર સોદા મેળવવા માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવાના આરોપમાં અમેરિકનો પર કાર્યવાહી બંધ કરવાનો નિર્દેશ આપે છે.

વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબ ન્યાય વિભાગમાં એટર્ની જનરલ પામ બોન્ડીએ ફરિયાદીઓને મની લોન્ડરિંગ અને પ્રતિબંધો ચોરી વિરોધી પ્રયાસો ડ્રગ કાર્ટેલ અને આંતરરાષ્ટ્રીય ગુના સંગઠનો પર કેન્દ્રિત કરવાનો આદેશ આપ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે વહીવટીતંત્ર વ્યવસાયિક આચરણના કેસોમાં ગુનો શું છે તે અસરકારક રીતે ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યું છે. આ નિર્ણયોનો હેતુ અમેરિકન નાગરિકોને રાહત આપવાનો છે.

સૌથી મોટી વાત એ છે કે, આ નિર્ણયથી અમેરિકન કોર્ટમાં આરોપોનો સામનો કરી રહેલી કંપનીઓ અને તેમના અધિકારીઓને પણ ફાયદો થઈ શકે છે. અદાણી ગ્રુપના કેટલાક ટોચના અધિકારીઓ જેઓ હાલમાં યુએસમાં લાંચના આરોપોનો સામનો કરી રહ્યા છે. જો કે, અદાણી ગ્રુપે આ આરોપોને 'પાયાવિહોણા' ગણાવ્યા છે,'' સૂત્રોના મતે નવી નીતિ એઝ્યુર પાવરને રાહત આપે તેવી શક્યતા છે. જેના સોલાર પ્રોજેક્ટ માટે અદાણી ગ્રુપની કંપની સાથે કરાર હતો.

ન્યાય વિભાગ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને ૨૦૨૪માં ૨૬ FCPA-સંબંધિત અમલીકરણ કાર્યવાહી દાખલ કરી હતી, જેમાં વર્ષના અંત સુધીમાં ઓછામાં ઓછી ૩૧ કંપનીઓ તપાસ હેઠળ હતી.

WSJ એ જણાવ્યું હતું કે ટ્રમ્પે મેનહટનમાં ફેડરલ પ્રોસિક્યુટર્સ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા ઘણા પ્રતિવાદીઓને માફી આપી છે. માર્ચના અંતમાં તેમણે નિકોલાના સ્થાપક ટ્રેવર મિલ્ટનને માફ કરી દીધા હતા. તેમને ઈરો-એમિશન ટ્રક અને ટેકનોલોજીના વિકાસ વિશે રોકાણકારો સાથે છેતરપિંડી કરવા મામલે દોષી ઠેરવવામાં આવ્યા હતા. અગાઉ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DoJ) દ્વારા અદાણી ગ્રુપના અધિકારીઓ સામે લગાવવામાં આવેલા આરોપોને સંપૂર્ણપણે અમેરિકાની ચાલ ગણાવી રાજનેતાઓએ ફગાવ્યા હતા.

## સરદાર સરોવર ડેમ સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં હાલની સ્થિતિએ ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી

# ઉનાળામાં રાજ્યમાં પીવાના પાણીના આયોજન અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરીય બેઠક

## પાણી પુરવઠા વિભાગ-જળ સંપતિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેય વિભાગો લોકોને પૂરતો પાણી પુરવઠો મળે તે માટે સંકલન કરશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉનાળા દરમિયાન નાગરિકોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજનની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર પાણી પુરવઠા વિભાગ, જળ સંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા નિર્દેશો આપ્યા હતા.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી શ્રી મુકેશ પટેલ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી રાઠૌર, નર્મદા નિગમના સી.એમ. ડી. શ્રી મુકેશ પુરી, અધિક મુખ્ય સચિવ(નર્મદા) શ્રી સી.વી. સોમ અને વરિષ્ઠ સચિવો આ બેઠકમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બેઠકમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યના જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી સંગ્રહિત થયેલું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન



જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

રાજયના કુલ ૧૮૧૫૨ ગામો/ ૨૯૨ શહેરો પૈકી ૧૫૭૨૦ ગામો/ ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જુથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦૬૫૯ ગામો/ ૧૯૦ શહેરોને નર્મદા આધારીત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ આધારીત યોજનાથી પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે તેની વિગતો પાણી પુરવઠા વિભાગે પુરી પાડી હતી.

આ ઉપરાંત પાણી પુરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા માટે ગાંધીનગરમાં 24X7 કંટ્રોલ રૂમ અને ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. તેની અને હેન્ડ પંપ રિપેરીંગ માટે ૧૧૯ જેટલી ટીમો નિયુક્ત કરવામાં આવી છે તેની વિગતો અગ્ર સચિવ શ્રીમતી શાહમીના હુસેને આ બેઠકમાં આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ તે પછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસ નો સમય તમારી પાસે સારો એવો હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જઈ શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે.



**કર્ક (ડ,હ) :**

આજના વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા. આ રાશિ ના લોકોએ આજે પોતાને માટે સમય લેવા ની જરૂર છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.



**તુલા (ર,ત) :**

તમારા કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. તમારા ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**ધન (ભ,ધ,ફ) :**

સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.



**મકર (ખ,જ) :**

આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમય પત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.



**કુંભ (ગ,શ,સ) :**

આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજનો દિવસ આનંદમય રહે તે માટે માનસિક તાણ અને તણાવ ટાળો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.



અમરાવતીના નવાઠે ચોક ખાતે ધારાસભ્ય રવિ રાણા અને ભૂતપૂર્વ સાંસદ નવનીત રાણા સાથે અમરાવતી એરપોર્ટ અને પેસેન્જર ફ્લાઇટ સેવાઓનું ઉદ્ઘાટન પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

### ફોર્મમાં ન હોવું તે ગુનો નથી

# રોહિતનું ફોર્મ મુંબઈને આઈપીએલમાં સ્થિર થવા દેતું નથીઃ અંજુમ ચોપરા

### આ આઈપીએલમાં મુંબઈની ટીમના ભૂતપુર્વ સુકાની રોહિત શર્માનું યોગદાન ખાસ યાદગાર રહ્યું નથી



। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં (આઈપીએલ)માં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે રવિવારે દિલ્હી કેપિટલ્સ સામે વિજય નોંધાવ્યો પરંતુ તેમ છતાં મુંબઈની ટીમ તેની પ્રતિષ્ઠા મુજબનું પ્રદર્શન કરી રહી નથી. આ માટે ભારતની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર અને કેપ્ટન અંજુમ ચોપરાનું માનવું છે કે રોહિતના કંગાળ ફોર્મને કારણે આ ટી૨૦ ક્રિકેટ લીગમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હજી સુધી સેટ થઈ શકી નથી. વર્તમાન આપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ હજી સુધી માત્ર બે જ મેચ જીતી શકી છે. તેમાં ૩૧મી માર્ચે કોલકાતા નાઈટ રાઈડર્સ અને બે દિવસ અગાઉ દિલ્હી કેપિટલ્સ સામેની સફળતાનો સમાવેશ થાય છે. આ દરમિયાન મુંબઈની ટીમના ભૂતપુર્વ સુકાની રોહિત શર્માનું યોગદાન ખાસ યાદગાર રહ્યું નથી. તેણે અત્યાર સુધીમાં ૦,૮,૧૩, ૧૭ અને ૧૮ રનના કંગાળ સ્કોર રજૂ કર્યા છે.મુંબઈ હાલમાં ચાર પરાજય અને બે વિજય સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા ક્રમે છે. ભૂતપૂર્વ ક્રિકેટર અને હાલમાં ટીવી કોમેન્ટેટર અંજુમ ચોપરાએ જણાવ્યું હતું કે તમે ફોર્મવિહોણા હોઈ રહી છો. ફોર્મમાં ન હોવું તે કોઈ ગુનો નથી. મૂળ વાત એ છે કે તમારા ફોર્મથી મુંબઈ ઈન્ડિયન્સને કોઈ મદદ મળતી નથી. આ જ કારણે મુંબઈ ઈન્ડિયન્સ જરૂરી એવો પ્રારંભ કરી શકી નથી અને હાલમાં કંગાળ સ્થિતિમાં છે. અંજુમ ચોપરાએ એવું સૂચન કર્યું હતું કે જો રોહિતની પ્રતિષ્ઠિત ઓપનરની પોઝિશન યોગ્ય વળતર આપી શકતી ન હોય તો નવા ઉપાય તરીકે ટીમ તેને નીચેના ક્રમે ઉતારવાની વિચારણા કરતી થઈ જશે. મારો કહેવાનો અર્થ એ છે કે ટીમ પાસે વિકલ્પ છે.

## ન્યૂઝ બ્રિફ

### ડોનાલ્ડ ટ્રમ્પે હાર્વર્ડ યુનિવર્સિટીનું ૨.૨ અબજ ડોલરનું ફંડિંગ અટકાવ્યું



। (એજન્સી) બોસ્ટન, તા.૧૬ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વની પ્રતિષ્ઠિત હાર્વર્ડ યુનિવર્સિટીને તાત્કાલિક અસરથી $2.2 બિલિયનની ફંડિગ રોકી દીધી છે. ટ્રમ્પે યુનિવર્સિટી પર યહૂદીઓ વિરુદ્ધ વધતી નફરત અને પેલેસ્ટાઈનના સમર્થનમાં થઈ રહેલા પ્રદર્શનોને રોકવામાં નિષ્ફળ જવાનો આક્ષેપ મુકીને આ નિર્ણય લીધો છે. ટ્રમ્પે આને ફેડરલ કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું અને કહ્યું કે આવી યુનિવર્સિટીને સરકારી ભંડોળનો કોઈ અધિકાર નથી. ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડને અનેક શરતો સાથેનો એક પત્ર મોકલ્યો હતો. સરકાર ઈચ્છે છે કે હાર્વર્ડ એ કેમ્પસમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો ખાસ કરીને પેલેસ્ટિનિયન તરફી આંદોલનોનો અંત લાવે. આ ઉપરાંત માસ્ક પહેરવા પર પ્રતિબંધ હોવો જોઈએ જેથી વિરોધીઓને ખુલ્લા પાડી શકાય. વહીવટીતંત્રે વ્યાપક સરકારી અને નેતૃત્વ સુધારાઓની હાકલ પણ કરી હતી જેના માટે હાર્વર્ડને 'મેરિટ-આધારિત' પ્રવેશ અને ભરતી કરવાની જરૂર પડશે. આ મુદ્દે હાર્વર્ડના પ્રમુખ એલન ગાર્બરે આ શરતોને સ્પષ્ટપણે નકારતા કહ્યું હતું કે, આ માંગણીઓ આપણી સ્વતંત્રતા પર હુમલો છે.

### મંદિરોમાં શક્તિ હોત તો લૂંટારા દેશમાં ન આવ્યા હોતઃ સપા MLA



। (એજન્સી) કૌશામ્બી, તા.૧૬ ।

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને સપા ધારાસભ્ય ઈન્દ્રજીત સરોજે મંદિર, હિન્દુ દેવી-દેવતાઓ અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે મંદિરોનું અપમાન કરતા એવી ટિપ્પણી કરી હતી કે, જો ભારતના મંદિરોમાં શક્તિ હોત તો મોહમ્મદ બિન કાસિમ, મહમૂદ ગઝનવી અને મોહમ્મદ ઘોરી જેવા લૂંટારા દેશમાં ન આવ્યા હોત. ઉલ્લેખનીય છે કે હાલમાં રાણા સાંગા અંગે સપા સાંસદ રામજીલાલ સુમનના નિવેદન મામલે દેશભરમાં હોબાળો થઈ રહ્યો છે.મંઝનપુરના ધારાસભ્ય ઈન્દ્રજીત સરોજે કહ્યું હતું કે, તાકાત સત્તામાં છે. તાકાત સત્તાના મંદિરમાં છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર પણ કટાક્ષ કરતા કહ્યું હતું કે, બાબા પોતાનું મંદિર છોડીને સત્તાના મંદિરમાં બેઠા છે. લૂંટારા આવ્યા અને લૂંટીને જતા રહ્યા. તે સમયે દેવી-દેવતાઓ શું કરી રહ્યા હતા? દેવી-દેવતાઓ શક્તિશાળી નહોતા. આપણા ભગવાન આંબેડકર છે.સરોજના વિવાદાસ્પદ નિવેદન પર પ્રતિક્રિયા આપતાં ભાજપે કહ્યું કે, મોહમ્મદ ઘોરી અને ઔરંગઝેબ અહીંના દેશદ્રોહીઓના કારણે ભારત આવ્યા હતા. ભારતમાં હજુ પણ દેશદ્રોહીઓ જીવંત છે. આ જ કારણ છે કે આ લોકો આવી વાતો કહે છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પોતાની પાર્ટીના ધારાસભ્યના નિવેદન પર પ્રતિક્રિયા આપીને કહ્યું કે, મેં રામજીલાલ સુમનનું નિવેદન સાંભળ્યું નથી.

### ભારતથી સસ્તા ભાવે દોરા આયાત કરવાથી સ્થાનિક ટેક્સટાઇલ ઉદ્યોગને ભારે નુકસાન થઈ રહ્યાંનો દાવો કરાયો

# બાંગ્લાદેશની યુનુસ સરકારનું ભારત વિરોધી પગલું લીધું

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

બાંગ્લાદેશના નેશનલ બોર્ડ ઑફ રેવન્યુ (NBR) એ ભારતથી દોરાની આયાત પર તાત્કાલિક પ્રભાવથી પ્રતિબંધ લગાવી દીધો છે. આ નિર્ણય હેઠળ બેનાપોલ, ભોમરા, સોનામસ્જિદ, બંગલાબંધા અને બુરિમારી જેવા પ્રમુખ ભૂમિ બંદરો દ્વારા દોરાની આયાતની મંજૂરી હવે નહીં મળે. આ પગલું BTMA (બાંગ્લાદેશ ટેક્સટાઈલ મિલ્સ એસોસિએશન)ની ફરિયાદ બાદ લેવામાં આવ્યો છે. ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ભારતથી સસ્તા ભાવે દોરા આયાત કરવાથી સ્થાનિક ટેક્સટાઈલ ઉદ્યોગને ભારે નુકસાન થઈ રહ્યું છે. BTMAનું કહેવું છે કે, ભારતથી જમીન માર્ગે આયાત કરવામાં આવતા દોરાની કિંમત સમુદ્રી માર્ગે આવતા દોરાની તુલનામાં ઘણી ઓછી છે, જેનાથી સ્થાનિક મિલને પ્રતિસ્પર્ધામાં નુકસાન વેઠવું પડી રહ્યું છે. ઉદાહરણ રૂપે, બાંગ્લાદેશમાં ૩૦ સિંગલ દોરાની કિંમત ૩.૪૦ ડૉલર પ્રતિ કિલોગ્રામ છે, જોકે ભારતમાં તે ૨.૯૦ ડોલર અને વિયેતનામમાં ૨.૯૬ ડોલર પ્રતિ કિલોગ્રામ છે. આ સિવાય, BTMA એવો પણ આરોપ લગાવ્યો કે, જમીન માર્ગના બંદરો પર



પૂરતી માળખાગત સુવિધાઓ અને ચેકિંગ સુવિધાઓનો અભાવ આયાતકારો ખોટી ઘોષણા દ્વારા કરચોરી કરી રહ્યા છે. જોકે, બાંગ્લાદેશના ગાર્મેન્ટ નિકાસકારોએ આ નિર્ણયને ''આત્મઘાતી'' ગણાવ્યો છે. BKMEA (બાંગ્લાદેશ નીટવેર મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિએશન)ના પ્રમુખ મોહમ્મદ હાતેમે કહ્યું કે, આ પગલાંથી તૈયાર કપડાના નિકાસકારોનોટે ખર્ચ વધશે અને નાના-મધ્યમ ઉદ્યોગો (SMBs) માટે બજારમાં સ્પર્ધા કરવાનું વધુ મુશ્કેલ બનશે. બાંગ્લાદેશનો ગાર્મેન્ટ ઉદ્યોગ દેશના અર્થતંત્રનો આધારસ્તંભ છે. તે ભારતમાંથી થતી લગભગ ૯૫% દોરાની આયાત પર આધારિત છે. બાંગ્લાદેશે ૨૦૨૪ માં ૧.૨૫ મિલિયન મેટ્રિક ટન દોરાની આયાત કરી હતી, જે ૨૦૨૩ કરતાં ૩૧.૫% વધુ છે.આ નિર્ણયથી ભારત-બાંગ્લાદેશ વ્યાપાર સંબંધોમાં હાલ તણાવોમાં આ એક નવું પગલું છે. હાલમાં જ ભારતે બાંગ્લાદેશને ત્રીજા દેશોમાં માલ નિકાસ માટે તેના લેન્ડ કસ્ટમ સ્ટેશનો દ્વારા ટ્રાન્સશિપ મેન્ટ સુવિધા રદ કરી હતી. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ સુવિધાથી ભારતીય એરપોર્ટ અને બંદરો પર ભીડ વધી રહી છે, જેના કારણે ભારતના પોતાના નિકાસ માટે વિલંબ અને ખર્ચમાં વધારો થઈ રહ્યો છે.આ સિવાય, બાંગ્લાદેશની વચગાળાની સરકારના પ્રમુખ સલાહકાર મોહમ્મદ યુનુસના તાજેતરના નિવેદનથી બંને દેશો વચ્ચેનો રાજકીય તણાવ વધારી દીધો છે. યુનુસે ભારતના પૂર્વોત્તર રાજ્યોને 'જમીનથે ઘેરાયેલો' વિસ્તાર બતાવ્યો અને ચીનના ક્ષેત્રમાં આર્થિક ઉપસ્થિતિ વધારવા માટે આમંત્રિત કર્યું હતું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વ્યાપારિક સંબંધ દક્ષિણ એશિયામાં સૌથી મજબૂત રહ્યા છે પરંતુ, હાલની ઘટનાઓએ આ સંબંધને પ્રભાવિત કર્યો છે.

### હાઇકોર્ટે ૧૩ આરોપીઓને આપેલા જામીન રદ કર્યા હતાં

## વ્યક્તિની સ્વતંત્રતા મૂલ્યવાન હક, પરંતુ તે નિયંત્રિત છેઃ સુપ્રીમ કોર્ટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આંતરરાજ્ય માનવ તસ્કરી કેસમાં ૧૩ આરોપીના જામીન રદ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે વ્યક્તિના જીવનમાં સ્વતંત્રતા સૌથી મૂલ્યવાન મૂળભૂત હક છે, પરંતુ નિયંત્રિત છે. સમાજનો કોઈ પણ તત્વ એવી રીતે કાર્ય કરી શકતો નથી જે બીજાના જીવન અને સ્વતંત્રતાને જોખમમાં મૂકે. સુપ્રીમ કોર્ટે છ મહિનામાં બાળ તસ્કરીના કેસોની સુનાવણી પૂર્ણ કરવા માટેના આદેશો જારી કરવા તમામ હાઈકોર્ટોની તાકીદ પણ કરી હતી. માનવ તસ્કરીને સમાજ માટે સૌથી મોટો ખતરો ગણાવીને ન્યાયાધીશ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બનેલી ખંડપીઠે આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે ૧૩ આરોપીઓને આપેલા જામીન રદ કર્યા હતાં. ખંડપીઠે જણાવ્યું હતું કે એ સ્પષ્ટ છે કે સ્વતંત્રતા વ્યક્તિના જીવનમાં ખૂબ મૂલ્યવાન હોવા છતાં, તે નિયંત્રિત અને અંકુશિત છે અને સમાજનો કોઇ પણ તત્વ એવી રીતે કાર્ય કરી શકતું નથી જેના પરિણામે બીજાના જીવન અથવા સ્વતંત્રતા જોખમમાં મુકાય. સર્વોચ્ચ અદાલતે ગંભીર ગુનાઓમાં આરોપીઓને જામીન આપવા અને જામીન રદ કરવા અંગેના તેના કાનૂની સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે અમે સંપૂર્ણપણે સભાન છીએ કે વ્યક્તિની સ્વતંત્રતા સાથે હળવાશથી વ્યવહાર ન કરવો જોઈએ, કારણ કે વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લેવાથી વ્યક્તિના મન પર ભારે અસર પડે છે.વ્યક્તિગત સ્વતંત્રતાને વ્યાપક સામાજિક હિતથી નિયંત્રિત કરવામાં આવે છે. જો વ્યક્તિને સ્વતંત્રતા વંચિત રાખવામાં આવે તો તે માટે કાયદાની યોગ્ય મંજૂરી હોવી જોઈએ. વ્યવસ્થિત સમાજમાં વ્યક્તિ ગૌરવ સાથે જીવન જીવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આની સાથે વ્યક્તિ કાયદા અને અન્યના અધિકારોનો આદર કરે તેવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. આ એક સર્વસ્વીકૃત સિદ્ધાંત છે કે સ્વતંત્રતાનો ખ્યાલ નિરંકુશતાના દાયરામાં નથી, પરંતુ તેને નિયંત્રિત કરી શકાય છે.

### અમેરિકામાં દર ૧૦ લાખ વ્યક્તિએ ૧૫૦ જજ

## ભારતમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દર ૧૦ લાખની વસતીએ માત્ર ૧૫ જજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

લો કમિશનની ભલામણ મુજબ ભારતમાં દર ૧૦ લાખની વસતીએ ૫૦ જજ હોવા જોઈએ. જ્યારે ૨૦૨૫ની સ્થિતિ સંદર્ભે રજૂ થયેલા રિપોર્ટ મુજબ, ભારતમાં દર ૧૦ લાખની વસતીએ માત્ર ૧૫ જજ છે. ભારતના વિવિધ રાજ્યોમાં ન્યાય પાલિકાની સ્થિતિ અંગે ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ મંગળવારે પ્રસિદ્ધ થયો છે. આ રિપોર્ટ મુજબ, દેશનટ્ટી વિવિધ હાઈકોર્ટમાં મંજૂર માળખાની સરખાણીએ જજની ૩૩ ટકા જગ્યા ખાલી છે. અમેરિકામાં જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૧૦ લાખની વસતીએ ૧૫૦ જજ છે અને યુરોપમાં ૨૦૨૨ની સ્થિતિએ ૧૦ લાખની વસતી સામે ૨૫૦ જજ છે. દેશભરમાં ૧.૪ અબજ વસતીની સામે જજની સંખ્યા ૨૧,૨૮૫ છે. આમ, દર ૧૦ લાખની વસતીમાં માત્ર ૧૫ જજ છે. ૧૯૮૭ના વર્ષમાં લો કમિશને કરેલી ભલામણ મુજબ, દર ૧૦ લાખની વસતીએ ૫૦ જજ હોવા જોઈએ.

૨૦૨૫ ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વિવિધ હાઈકોર્ટમાં મંજૂર મહેકમની સામે ૩૩ ટકા જગ્યા ખાલી છે અને ૨૦૨૫માં ૨૧ ટકા જગ્યા ખાલી છે. સમગ્ર દેશમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જજ દીઠ ૨,૨૦૦ કેસનું ભારણ છે. અલાહાબાદ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જજ દીઠ ૧૫,૦૦૦ કેસ છે. જિલ્લા ન્યાયપાલિકાઓમાં ૨૦૧૭માં મહિલા જજની સંખ્યા ૩૦ ટકા હતી.

### મસ્કના ખાસ જેરેમી વિદેશી સહાયનો હવાલો ધરાવતા વિભાગના વડા બન્યાં

## ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી સહાય પર કાપની જવાબદારી મસ્કને સોંપી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

યુએસ પ્રમુખ ટ્રમ્પ દ્વારા સરકારી ખર્ચમાં કાપ મૂકવા માટે ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળ DOGEની રચના કરવામાં આવી છે. વિદેશમાં સેવાકાર્યોના ખર્ચ મૂકવાની કામગીરી પણ મસ્કને આપતાં ટ્રમ્પે સ્ટેટ ડીપાર્ટમેન્ટના ખર્ચમાં કાપ મૂકવા જેરેમી લેવિનની નિમણૂક કરી છે. જેરેમીને અગાઉ યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટને નિષ્ક્રિય કરવાની જવાબદારી સોંપાઈ હતી. ટ્રમ્પ તંત્ર સાથે સંકળાયેલા ઉચ્ચ પદાધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, જેરેમીની નિમણૂક સાથે ટ્રમ્પ સરકારમાં મસ્કની ટીમને સત્તાવાર રીતે સર્વોચ્ચ જવાબદારી સોંપવામાં આવી છે. ૨૦૨૪ના વર્ષમાં અમેરિકાએ વિદેશમાં વિકાસ, આરોગ્ય અને માનવતાવાદી કાર્યો માટે ૫૨ અબજ ડોલરનો ખર્ચ કર્યો હતો. આ ખર્ચને નહીવત બનાવવાના હેતુથી ટ્રમ્પે મસ્કની ટીમના જેરેમીની નિમણૂક કરી છે. વિદેશી સહાય તંત્રના વડા પીટ મારોક્કોની અગાઉ ટ્રમ્પે નિમણૂક કરી હતી. પરંતુ તેમની વિદાય પછી આ જવાબદારી જેરેમીને સોંપવામાં આવી છે. મારોક્કોના કાર્યકાળ દરમિયાન USAID હેઠળ થતા ખર્ચ પર કાપ મૂકીને મોટા પાયે સ્ટાફની છટણી કરવામાં આવી હતી. જો કે મારોક્કોને સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિનો તથા સંસદ-તંત્રના અગ્રણીઓ સાથે મનમેળ નહીં થતાં તેમને વિદાય અપાઈ હતી.

### લીઝ કરારના મુદ્દે કોર્ટનો નિર્ણય ૨૦૨૬ના અંત ભાગમાં આવવાની શક્યતા

# લંડનમાં આઇકોનિક ભારતીય રેસ્ટોરન્ટ બંધ થવાના આરે

### બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટ રિન્યૂ ન કરવાનો નિર્ણય કરતાં ૧૦૦મી વર્ષગાંઠ પહેલા મુશ્કેલી

। (એજન્સી) લંડન, તા.૧૬ ।

બ્રિટનમાં સૌથી જૂના ભારતીય રેસ્ટોરન્ટમાં સ્થાન ધરાવતાં વીરસ્વામી રેસ્ટોરન્ટ સામે બંધ થવાનું જોખમ ઊભું થયું છે. બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટ રિન્યૂ ન કરવાનો નિર્ણય કર્યો હોવાથી આ રેસ્ટોરન્ટ સેન્ટ્રલ લંડનની પ્રતિષ્ઠિત રિજન્ટ સ્ટ્રીટ પરની જગ્યા ખાલી કરવી પડે તેવી શક્યતા છે.આ રેસ્ટોરન્ટ વિક્ટરી હાઉસ બિલ્ડિંગમાં આવેલું છે. વિક્ટરી હાઉસ બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટને રિન્યૂ ન કરવાનો નિર્ણય કર્યો છે. માલિક સમગ્ર બિલ્ડિંગનું વ્યાપક નવીનીકરણ કરવા માગે છે. એપ્રિલ ૧૯૨૬થી ચાલતું આ રેસ્ટોરો ૧૦૦ વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે ત્યારે આ મુશ્કેલી ઊભી થઈ છે. જૂન મહિનામાં લીઝ એગ્રીમેન્ટ પૂરી થઈ રહી છે ત્યારે વીરસ્વામીની માલિકી કંપની MW ઈટે તેના ભાડાપટ્ટા અધિકારો હેઠળ લીઝ એગ્રીમેન્ટને રિન્યૂ કરવા માટે કોર્ટમાં અરજી કરી છે. એમડબ્લ્યુ ઈટના ડિરેક્ટર રણજિત મથરાણીએ જણાવ્યું હતું કે વીરસ્વામી એક જીવંત સંસ્થા છે અને લંડનના હાઈ ક્વોલિટી ફૂડનો એક અભિન્ન હિસ્સો છે. અમારા મહેમાનોમાં સ્વર્ગસ્થ મહારાણી એલિઝાબેથ ટુ, પ્રિન્સેસ રોયલ (પ્રિન્સેસ એન) અને અન્ય વિદેશી રાજવી પરિવારના સભ્યોનો સમાવેશ થાય છે. ક્રાઉન એસ્ટેટે ૨૪ જૂન પછી અમારા લીઝને લંબાવવાનો ઈનકાર કર્યો છે અને અમારા જગ્યા ખાલી કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. બ્રિટિશ રાજાની પ્રોપર્ટી પોર્ટફોલિયોનું સંચાલન કરતી ક્રાઉન એસ્ટેટની યોજનાઓ વિશે જાણ થઈ ત્યારથી કંપની લીઝના મુદ્દે ચર્ચા કરી રહી છે અને રેસ્ટોરન્ટને તેના ઐતિહાસિક પરિસરમાં ચાલુ રહી શકે તેવા વિકલ્પો આપી રહી છે. જોકે ક્રાઉન એસ્ટેટ ઈતિહાસની પરવા કર્યા વગર સમગ્ર બિલ્ડિંગને ઓફિસમાં તબદિલ કરવા માગે છે. લીઝ કરારના મુદ્દે કોર્ટનો નિર્ણય ૨૦૨૬ના અંત ભાગમાં આવવાની શક્યતા હોવાથી રેસ્ટોરન્ટ તાત્કાલિક બંધ થવાનો કોઈ ભય નથી.

### કેરળમાં દારૂડિયા દુકાનદારે મહિલાને જીવતી સળગાવી

। (એજન્સી) કાસરગોડ, તા.૧૬ ।

કેરળના કાસરગોડ જિલ્લામાં એક દારૂડિયા દુકાનદારે બદલો લેવા માટે ૩૨ વર્ષીય મહિલાને આગના હવાલે કરી દીધી હતી. જેના કારણે દાઝી જવાથી મહિલાનું મોત થયું છે. આ ઘટના આઠમી એપ્રિલે બપોરે ૩:૩૦ કલાકે બની છે. પીડિતાએ આરોપી રામામૃતમ સામે ફરિયાદ નોંધાવી હતી કે કે તે દારૂ પીને લોકોને પરેશાન કરે છે.રમિથા અને રામામૃતમ બંને એક જ બિલ્ડિંગમાં દુકાન ધરાવતા હતા. પીડિતા ત્યાં કરિયાણાની દુકાન ચલાવતી હતી અને બાજુમાં આરોપી ફર્નિચરની દુકાન ચલાવતો હતો. પોલીસ અધિકારીના કહેવા મુજબ પીડિતાની ફરિયાદ પછી બિલ્ડિંગના માલિકે રામામૃતમને દુકાન ખાલી કરવાનું કહ્યું હતું. જેનાથી નારાજ થઈને રામામૃતમે આઠમી એપ્રિલે પોતાની કરિયાણાની દુકાનમાં બેઠેલી રમિયા પર થિનરની બોટલ ફેંકી દીધી અને એમાં આગ લગાડી દીધી હતી.

### અફઘાનિસ્તાનમાં ૫.૯ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આંચકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હી-એનસીઆરમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઘટના વિશે માહિતી આપતાં રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રએ કહ્યું કે આજે અફઘાનિસ્તાનના હિંદુ કુશ વિસ્તારમાં ૫.૯ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો જેની અસર દિલ્હી એનસીઆર સહિત ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળી હતી. એનસીએસના અહેવાલ અનુસાર ભૂકંપનું કેન્દ્ર ૭૫ કિ.મી. ઊંડે હતું. ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ ભારે નુકસાન પહોંચાડવા માટે પૂરતું ગણાય છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કેટરિંગ સર્વિસ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનમાં કેટરિંગ એકમોમાં કેટરિંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે નીચેની સૂચિ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | વર્ગ | ઇ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| NFR-ADI-1-25 | જાહેરાત અને વિવિધ-સ્થિર-સેવાઓ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 24.04.2025 ના રોજ 12:00 કલાકે શરૂ થશે |
| CTG-ADI-01-25 | કેટરિંગ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 28.04.2025 ના રોજ 10:00 કલાકે શરૂ થશે |
| MPS - ADI-01-25 | એમપીએસ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 28.04.2025 ના રોજ 12:00 કલાકે શરૂ થશે |
| CTG-ADI - 02-25 | કેટરિંગ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 28.04.2025 ના રોજ 13:00 કલાકે શરૂ થશે |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉપરોક્ત કેટલોગ નંબરો હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

011

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## મહાનગરો અને મોટા શહેરોમાં ફ્લેટ અને મકાનો મોંઘા થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

છેલ્લા કેટલાક મહિનાઓમાં રિયલ એસ્ટેટ વ્યવસાયમાં જબરદસ્ત તેજી આવી છે. આ કારણે, ગુજરાતના અમદાવાદ અને રાજધાની દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા મહાનગરો અને મોટા શહેરોમાં ફ્લેટ અને મકાનો મોંઘા થયા છે. આ વર્ષે અમદાવાદમાં મકાનો અને ફ્લેટ ખૂબ મોંઘા થયા છે.ગુજરાત સ્ટેમ્પ સુધારા અધિનિયમ ૨૦૨૫ ની કલમ ૩૯ માં કરવામાં આવેલા ફેરફારોને કારણે, ૨૭ એપ્રિલ, ૧૯૮૨ થી ૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ની વચ્ચે સહકારી મંડળીઓમાં ફ્લેટ ખરીદનારા લોકો અને ૧૨ એપ્રિલ, ૧૯૯૪ થી ૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ની વચ્ચે નોન-ટ્રેડિંગ એસોસિએશનોને ફાળવવામાં આવેલી જમીન પર બનેલી મિલકતો ખરીદનારા લોકોને હવે તેમની બાકી સ્ટેમ્પ ડ્યુટી પર ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીના ચાર ગણા દંડ ચૂકવવા પડશે. પરિણામે, જો લોકોને નવો ફ્લેટ ખરીદતી વખતે ૫૦,૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે છે, તો આવી સ્થિતિમાં તેમને ૨ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની ફરજ પડશે. અત્યાર સુધી, સ્ટેમ્પ ડ્યુટી ઉપરાંત માત્ર ૨૫૦ રૂપિયાનો દંડ ચૂકવીને ડ્યુટી જવાબદારી દૂર થઈ શકતી ન હતી. નવા સુધારેલા કાયદા મુજબ, માસિક બે ટકા દંડ વસૂલવામાં આવશે. અગાઉ, જો બાંધકામ પછી પહેલી વાર ફ્લેટ વેચવામાં આવે તો તેના પર કોઈ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવતી ન હતી. આ મકાનો ફક્ત ફાળવણી પત્ર પર જ આપવામાં આવતા હતા. પરંતુ જેમણે ૧૯૮૨માં ફાળવણી પત્ર પર ફ્લેટ કે મિલકત ખરીદી હતી તેમને ૨૦૨૨ સુધી કોઈ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની રહેશે નહીં. વર્ષ ૨૦૨૨માં, સરકારે અચાનક એક પરિપત્ર બહાર પાડીને ૨૭ એપ્રિલ ૧૯૮૨ થી ૧ સપ્ટેમ્બર ૨૦૦૧ વચ્ચે ફાળવણી પત્રો પર મિલકત વસૂલવાનો નિર્ણય લીધો. તેથી, જ્યારે જૂના ફ્લેટ માટે સોદો કરવામાં આવે છે, ત્યારે આજના દરે લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી વ્યવહારની રકમના આધારે ચૂકવવાની રહેશે. આ ઉપરાંત, ફાળવણી પત્ર પર લેવામાં આવેલા ફ્લેટની તે સમયની પ્રવર્તમાન કિંમત મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિણામે, ૧૯૮૨ થી ૨૦૦૧ દરમિયાન ફ્લેટ ભાડે રાખનારા લોકોને ભારે ખર્ચનો બોજ સહન કરવો પડે છે.

**રાજકોટમાં હાહાકાર ।** સિટીબસના ચાલકે એક સાથે બે રીક્ષા તેમજ પાંચથી છ જેટલા ટુ વહીલર વાહનોને અડફેટે લીધા હતા

# સિટીબસના બેફામ ચાલકે અનેક લોકોને અડફેટે લેતા ૪નાં મૃત્યુ



। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

ગુજરાતના રાજકોટમાં સિટી બસ ચાલકે અનેક લોકોને ટક્કર મારી અકસ્માત સર્જ્યો છે. જેમાં ચાર લોકોના મૃત્યુ થયા છે. રાજકોટના ઈન્દિરા સર્કલ નજીક ટ્રાફિક સિગ્નલ ખુલતાની સાથે જ પાછળથી આવતી સિટીબસના ચાલકે એક સાથે બે રીક્ષા તેમજ પાંચથી છ જેટલા ટુ વહીલર વાહનોને અડફેટે લીધા હતા. આ અકસ્માત બાદ રોષે ભરાયેલા લોકોના ટોળાએ સીટી બસમા તોડફોડ કરી હતી. સિટી બસ ચાલકને પણ માર માર્યો હતો. આ અકસ્માતની જાણ થતા જ પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી. રાજકોટમાં વધુ એક વખત આજે સવારમાં હાહાકાર મચી ગયો. એક સિટી બસ બેકાબૂ બની ગઈ હોય એમ નાગરિકો તથા વાહનો પર ફરી વળી. શહેરના અતિ વ્યસ્ત ઈંદિરા સર્કલ વિસ્તારમાં આજે સવારમાં આ ભયાનક અકસ્માતને કારણે સમગ્ર રાજકોટ શહેરમાં ભારે ગમગીની અને ભયંકર આક્રોશની સ્થિતિઓ જોવા મળી. રાજકોટના ઈન્દિરા સર્કલ નજીક ટ્રાફિક સિગ્નલ ખુલતાની સાથે જ સિટીબસના ચાલકે એક સાથે બે રીક્ષા તેમજ પાંચથી છ જેટલા ટુ વહીલર વાહનોને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં ૪ લોકોના મૃત્યુ નિપજ્યા છે જયારે બસચાલક સહીત કુલ ત્રણથી ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે જેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અકસ્માતના મામલે RMC મૃતકોને ૨ લાખ, ઈજાગ્રસ્તોને ૨ લાખની સહાય કરશે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે જેમાં બસચાલક દ્વારા સિગ્નલ ખુલતાની સાથે જ બસને આગળ હંકારી અકસ્માત સર્જી નિર્દોષ લોકોને અડફેટે લેવામાં આવ્યા હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. પોલીસ દ્વારા હાલ FSL તેમજ RTOની મદદ લઈ મિકેનિકલ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટના ઈન્દિરા સર્કલ પાસે બનેલા આ બનાવના પગલે લોકોમાં આક્રોશની લાગણી છે. હાલમાં પોલીસ દ્વારા FSL તેમજ RTOની હાજરીમાં બસનું મિકેનિકલ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે જેમાં બસની બ્રેક ફેઈલ થઇ હતી કે કેમ તેમજ બસચાલક નશાની હાલતમાં હોવાની લોકોની ફરિયાદ હોવાથી તેના બ્લડ સેમ્પલ મેળવી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**હાઉસિંગ સોસાયટીઓને મોટો ઝટકો ।** ગુજરાતમાં લગભગ ૧ લાખથી વધારે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સ

# લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સના મેન્ટેનન્સમાં ૧૮% GST લાગશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

કેન્દ્રીય બજેટમાં જે લક્ઝૂરીયસ એપાર્ટમેન્ટ્સમાં માસિક ૭૫૦૦ રૂપિયાથી વધુ મેન્ટેનન્સ હોય તેમના પર ૧૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાદવાની જોગવાઈ કરાઈ હતી. આ જોગવાઈનો અમલ શરૂ કરાતાં અમદાવાદમાં હજારો લક્ઝૂરીયસ એપાર્ટમેન્ટ્સ GSTની ચપેટમાં આવી ગયા છે.

ગુજરાતમાં લગભગ ૧ લાખથી વધારે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સ અને બંગલાઓની બનેલી હાઉસિંગ સોસાટીઓને ૧૮ ટકા જીએસટી લાગૂ પડશે. GST અધિકારીઓ દ્વારા અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં તમામ લક્ઝૂરિયસ એપાર્ટમેન્ટ્સનો સર્વે શરૂ કરાયો છે. સાથે સાથે ક્યાં ક્યાં એપાર્ટમેન્ટ્સમાં માસિક ૭૫૦૦ રૂપિયાથી વધારે મેન્ટેનન્સ લેવાય છે તેની વિગતો એકઠી કરવા માંડી છે. તેના આધારે જે હાઉસિંગ સોસાટીઓએ GST નંબર નથી લીધા તેમને નોટિસ આપીને જીએસટી નંબર મેળવી લેવા તાકીદ કરાશે. એક અંદાજ પ્રમાણે અમદાવાદમાં ૩,૦૦૦થી વધારે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સના રહીશોએ દર મહિને ૭૫૦૦ રૂપિયાના ૧૮ ટકા એટલે કે ઓછામાં ઓછો રૂપિયા ૧૩૫૦ જીએસટી ભરવો પડશે.

આ જોગવાઈ તમામ રેસિડેન્શિયલ વેલફેર એસોસિએશન્સ (RWA)ને પણ લાગુ પડશે, તેથી બંગલાઓની હાઉસિંગ સોસાયટીમાં રહેતા રહીશોએ પણ ૧૮ ટકા લેખે જીએસટી ચૂકવવો પડશે. જીએસટીના પરિપત્ર પ્રમાણે, કોઈ હાઉસિંગ સોસાયટી એટલે કે રેસિડેન્શિયલ વેલફેર એસોસિએશન (RWA)નું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૨૦ લાખથી વધુ હોય અને કોઈ વ્યક્તિગત ફ્લેટ માલિક દર મહિને રૂ. ૭,૫૦૦થી વધુ રકમ મેન્ટેનન્સ તરીકે ચૂકવતો હોય તો ૧૮ ટકા જીએસટી ફક્ત રૂપિયા ૭,૫૦૦ થી વધુની રકમ પર જ નહીં, પરંતુ સંપૂર્ણ મેન્ટેનન્સની રકમ પર લાગુ થશે.

મતલબ કે, મેન્ટેનન્સ ૯૦૦૦ રૂપિયા આવતું હોય તો જીએસટી પૂરેપૂરી ૯૦૦૦ રૂપિયાની રકમ પર લાગુ પડશે. જે લોકો હાઉસિંગ સોસાયટી અથવા રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સમાં બે કે તેથી વધુ રહેણાંક કે એપાર્ટમેન્ટ ધરાવતા હોય તેમણે પોતાની માલિકીના દરેક રહેણાંક એપાર્ટમેન્ટ માટે દર મહિને જીએસટી ભરવાનો રહેશે.

### મોરબીમાં આગ લાગી કે લગાડી?

## ગરીબ જનતાને અપાતો અનાજનો સડેલો જથ્થો રફેદફે કરવાનું કારસ્તાન

। (એજન્સી) મોરબી, તા.૧૬ ।

મોરબીના યમુનાનગર પાસે સ્મશાન ભૂમિ પાસે આગ લાગવાનો બનાવ સામે આવ્યો હતો. જ્યારે ફાયર વિભાગ ઘટના સ્થળે આગ ઠારવા પહોંચ્યું ત્યારે ત્યાં મોટા પ્રમાણમાં સરકારી અનાજનો જથ્થો મળી આવ્યો હતો. જેથી કરીને આ જથ્થો કોણ ફેકી ગયું ? નાગરિકો સુધી તે કેમ નહીં પહોંચ્યો? તેવાં સવાલો ઉભા થયા છે. જ્યારે નાગરિક અન્ન પુરવઠા અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મોરબીમાં સ્મશાન પાસે કચરામાં આગ લાગવાની ઘટના સામે આવી હતી અને આ આગ બુજાવતી વેળાએ મોટા પ્રમાણમાં અનાજનો જથ્થો જોવા મળ્યો હતો. જેમાં ઘઉં, દાળ તેમજ ચોખાનો જથ્થો જોવા મળ્યો હતો અને આ જથ્થો પ્રાથમિક દ્રષ્ટિએ સરકારી હોવાનું જણાતાં પુરવઠા વિભાગ દ્વારા ચકાસણી કરતા આ જથ્થો ગુજરાત અને મધ્યપ્રદેશનો અનાજનો જથ્થો એક્સપાયરી ડેટ હોવાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું.

### જુહાપુરા વિસ્તારની ઘટના

## અસંખ્ય વાહનોને ટક્કર માર્યા બાદ કારચાલકનું ભેદી સંજોગોમાં મૃત્યુ

। (એજન્સી) અમદાવાદ, તા. ૧૬ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી રહે છે. ત્યારે હવે આવી જ એક ઘટના અમદાવાદના જુહાપુરમાંથી ગત રાતે સામે આવી છે. અમદાવાદમાં મોડી રાત્રે જુહાપુરામાં સંખ્યાબંધ વાહનોને ટક્કર મારનાર કારચાલકનું ભેદી સંજોગોમાં મૃત્યુ નિપજ્યું હતું. કૌશિક ચૌહાણ નામના એક ટેક્સીચાલકે આ અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે કાર ચાલકે વાસણા વિસ્તારથી જુહાપુરા સુધીમાં લગભગ સાતથી આઠ વાહનોને અડફેટે લેતા અફરાતફરી મચી ગઈ હતી. મળતા અહેવાલ પ્રમાણે કાર ચાલક નશાની હાલતમાં વાસણાથી અકસ્માત કરતો આવ્યો હતો. ત્યારે આ કાર ચાલકને દબોચવા માટે સ્થાનિક વાહન ચાલકો પાછળ પડ્યા હતા. જુહાપુરા વિસ્તારમાં આઈશા મસ્જિદ પાસે આ ઘટના બની હતી. કાર ચાલકે અંદાજીત ૫થી ૬ ગાડીઓને ટક્કર મારી હતી.

## અંબાજી ભક્તોને ગુજરાત રેલવેની મોટી ભેટ, નવા રેલ પ્રોજેક્ટને વેગ મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

૧૧૬.૬૫ કિમી લાંબી તારંગા ટેકરી-અંબાજી-આબુ રોડ નવી રેલ્વે લાઈન પર કામ ચાલી રહ્યું છે અને પ્રોજેક્ટના ભાગ રૂપે પોશીના તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં ૧.૩ કિમી લાંબી ટનલનું બાંધકામ શરૂ થઈ ગયું છે. આ ટનલ ગુજરાતની સૌથી મોટી ટનલ હશે, જેની ઊંચાઈ ૮ મીટર અને પહોળાઈ ૧૦ મીટર હશે. કેન્દ્રીય રેલ્વે મંત્રાલય અને ગુજરાત સરકાર સંયુક્ત રીતે આ પ્રોજેક્ટને પાંચ તબક્કામાં પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૨,૭૯૮.૧૬ કરોડ છે. આ કામ આગામી ૫ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ રેલ્વે લાઈન ૬ નદીઓ અને ૬૦ ગામડાઓમાંથી પસાર થશે, જેનો લાભ ગુજરાતના ૩ જિલ્લાઓના ૧૦૪ ગામડાઓને મળશે. આ રૂટ પર ૧૧ ટનલ, ૫૪ મોટા પુલ અને ૧૫૧ નાના પુલ બનાવવામાં આવશે. આ લાઈનમાં ગુજરાતમાં ૧૧ સ્ટેશન અને રાજસ્થાનમાં ૪ સ્ટેશનનો સમાવેશ થશે. આ પ્રોજેક્ટ, જે ૨૦૨૨ ના ઉત્તરાર્ધમાં શરૂ થવાનો છે, તેને ૫ વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ગુજરાતના શક્તિપીઠ અંબાજીમાંથી પસાર થતા આ રેલ્વે ટ્રેક પર ૧૩ ટનલ બનાવવામાં આવશે, જેની લંબાઈ ૧૩ કિમી હશે. આ રેલ્વે લાઈન પરનો સૌથી ઊંચો પુલ આબુ રોડ બ્લોકના સુરપાગલા ગામ નજીક બનાવવામાં આવશે, જેની ઊંચાઈ ૮૦ મીટર હશે. આબુરોડ બ્લોકના કુઇ, ચંદ્રાવતી, સિયાવા વગેરે વિસ્તારોમાં રેલ્વે લાઈન નાખવા માટે, તેને એકસમાન બનાવવા માટે જમીનનું સ્તરીકરણ કરવામાં આવશે, વૃક્ષો કાપવા અને માટી પરીક્ષણ વગેરે જેવા કામો ચાલી રહ્યા છે. સિયાવાના માલિયાવાસ વિસ્તારમાં એક બેઝ કેમ્પ બનાવવામાં આવ્યો છે. આ રેલ્વે રૂટ પર આબુ રોડ સહિત કુલ ૧૫ રેલ્વે સ્ટેશન હશે. સૌથી મોટું સ્ટેશન ગુજરાતના અંબાજી ખાતે હશે, જ્યાં મુસાફરો માટે આરામ કરવા માટે છ માળનો રેસ્ટ રૂમ બનાવવામાં આવશે. આનાથી ધાર્મિક કાર્યક્રમોમાં આવતા લાખો ભક્તોને પણ સુવિધા મળશે.

### પશ્ચિમ રેલવે: ૭૦મો રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહ

# અમદાવાદ મંડળને સતત ચોથી વખત મળી મહાપ્રબંધકની પ્રતિષ્ઠિત સમગ્ર કાર્યકુશળતા શીલ્ડ સહીત ઉત્કૃષ્ટ કાર્ય માટે ૬ પ્રતિષ્ઠિત દક્ષતા શીલ્ડ



પ્રથમ તસ્વીરમાં પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોકકુમાર મિશ્ર અમદાવાદ મંડળને તેમના ઉત્કૃષ્ટ સમગ્ર કામગીરી માટે ૨૦૨૪-૨૫ માટે મહાપ્રબંધકની સમગ્ર કાર્યકુશળતા શીલ્ડ પ્રદાન કરતાં જોવા મળે છે અને બીજી તસ્વીરમાં મંડળના વાણિજ્ય વિભાગને વાણિજ્ય કાર્યક્ષમતા શીલ્ડ, ત્રીજી તસ્વીરમાં મંડળના એંજીન્યરિંગ વિભાગને અંતર-મંડળીય શીલ્ડ તથા ચોથી તસ્વીરમાં મંડળના રેલવે સુરક્ષા બલને સુરક્ષા શીલ્ડ પ્રદાન કરતાં જોવા મળે છે.

। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે વર્ષ ૨૦૨૪-૨૫ ના દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માના નેતૃત્વમાં સમગ્ર પ્રદર્શન કરતા ઉત્કૃષ્ટ કાર્ય બદલ સતત ચોથી વખત મહાપ્રબંધક ની પ્રતિષ્ઠિત સમગ્ર કાર્યકુશળતા શિલ્ડ સહીત પ્રતિષ્ઠિત ૬ દક્ષતા શિલ્ડ મેળવી છે. જેને ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ વાય.બી. ચવ્હાણ ઓડિટોરિયમ નરીમન પોઈન્ટ મુંબઈ ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન પ્રદાન કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળને મહાપ્રબંધક ની પ્રતિષ્ઠિત સમગ્ર કાર્યકુશળતા શીલ્ડ સહીત ૬ દક્ષતા શીલ્ડ પ્રાપ્ત થયા છે જે મંડળ માટે ગર્વની વાત છે. અમદાવાદ મંડળે પ્રતિષ્ઠિત વાણિજ્ય શીલ્ડ, સુરક્ષા શીલ્ડ, લેવલ ક્રોસિંગ ને સમાપ્ત કરવાની દિશામાં સર્વ શ્રેષ્ઠ માર્ગ સુરક્ષા કામગીરી માટે આંતરમંડળીય શીલ્ડ, સિવિલ એન્જિનિયરિંગ શીલ્ડ વડોદરા ની સાથે સંયુક્તરૂપે, ઓપરેટિંગ શીલ્ડ મુંબઈ સેન્ટ્રલ ની સાથે સંયુક્તરૂપે અને સર્વે અને કન્સ્ટ્રક્શન શીલ્ડ Dy CE(C)-V, અમદાવાદ ને Dy CE(C)-II, રતલામ ની સાથે સંયુક્તરૂપે મેળવેલી છે, જે મંડળ માટે નોંધપાત્ર સિદ્ધિ છે. અમદાવાદ મંડળે વિત્તીય વર્ષ ૨૦૨૪-૨૫ માં યાત્રી રાજસ્વ રૂ. ૧૬૯૭.૪૭ કરોડ ની રેકોર્ડ આવક હાંસલ કરી, જે અત્યાર સુધીનું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન છે અને આ પાછલા વર્ષ ૨૦૨૩-૨૪ના રૂ.૧૫૬૯.૪૪ કરોડ ની તુલનાએ ૮.૧૬% વધારે છે. નોન ફેર રેવન્યૂ (NFR) પણ રૂ. ૧૦.૬૮ કરોડ રહ્યો, જે આ ક્ષેત્રમાં અત્યાર સુધીનો સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન છે અને પાછલા વર્ષના રૂ. ૭.૧૭ કરોડ કરતાં ૪૮.૯૫ % ની વૃદ્ધિ દર્શાવે છે. કન્ટેનર રેવન્યૂ રૂ. ૨૨૪૧.૧૪ કરોડ રહ્યો જેમાં ૪.૨૭ %ની વૃદ્ધિ નોંધાઈ છે, જ્યારે પાછલા વર્ષે તે રૂ. ૨૧૪૯.૩૮ કરોડ હતું. ઓટોમોબાઈલ લોડિંગ થી રૂ. ૨૨૮.૧૭ કરોડની આવક થઈ, જે ૧૦.૭૦% ની વૃદ્ધિ છે, અને પાછલા વર્ષે તે રૂ.૨૦૬.૧૨ કરોડ હતી. ઓસીએચ આવકથી રૂ. ૨૫૧.૪૮ કરોડની આવક પ્રાપ્ત થઈ, જે નિર્ધારિત લક્ષ્ય રૂ. ૨૫૦ .૦૬ કરોડ થી ૦.૫૭% વધારે છે. "પે એન્ડ યુઝ" આવકમાં પણ ૮૪.૯૧% ની વૃદ્ધિ થઈ, જે રૂ. ૦.૯૮ કરોડ રહી જ્યારે ૨૦૨૩-૨૪ માં તે રૂ. ૦.૫૩ કરોડ હતી. યાત્રિકો ની સંખ્યામાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી – કુલ ૩૭૦.૪૭ લાખ યાત્રિકો એ અમદાવાદ મંડળથી મુસાફરી શરૂ કરી, જે પાછલા વર્ષ કરતાં ૮.૩૨% વધુ છે. આ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ અમદાવાદ મંડળને પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા "વાણિજ્ય કાર્યક્ષમતા શીલ્ડ"થી સન્માનિત કરવામાં આવ્યો, જેમાં યાત્રિક અને માલવાહક આવકમાં વૃદ્ધિ, નવીનતા અને ગ્રાહક સંતોષ જેવા મહત્વપૂર્ણ પરિમાણો સામેલ હતા.

માર્ગ સુરક્ષા ક્ષેત્રે અમદાવાદ મંડળે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન નોંધપાત્ર કામગીરી બજાવી છે. લેવલ ક્રોસિંગ પર વાહન વ્યવહાર સરળ બનાવવો અને માર્ગ વપરાશકર્તાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંડળ દ્વારા વિવિધ માળખાકીય કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવી. મંડળ દ્વારા માર્ચ ૨૦૨૫ સુધીમાં કુલ ૪ આરઓબી નું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું, જે વર્ષ ૨૦૨૪-૨૫ ના નિર્ધારિત વાર્ષિક લક્ષ્યાંકને અનુરૂપ છે. આ જ અવધિમાં કુલ ૩૧ આરયુબી નું નિર્માણ કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે, જે વાર્ષિક લક્ષ્યાંક ૩૧ મુજબ ૧૦૦% સિદ્ધિ દર્શાવે છે. માર્ગ સુરક્ષા ની દિશામાં માટે એક અન્ય મહત્વપૂર્ણ પગલાંરૂપે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૬ લેવલ ક્રોસિંગનું ઈન્ટરલોકિંગ કાર્ય પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે, જેના કારણે રેલ અને માર્ગ વાહન વ્યવહાર બંને ના સંચાલન અને સુરક્ષા ની કાર્યક્ષમતામાં વધારો થયો છે. તે ઉપરાંત માર્ચ ૨૦૨૫ ના મહિના સુધીમાં કુલ ૩૪ લેવલ ક્રોસિંગ્સ સમાપ્ત કરવામાં આવ્યા છે, જે નિર્ધારિત વાર્ષિક લક્ષ્યાંક ૩૦ ના કરતાં વધારે છે. આ સિદ્ધિ માત્ર લક્ષ્ય થી વધુ નથી, પણ મંડળની પ્રતિબદ્ધતા અને કાર્યક્ષમતા દર્શાવે છે. આ શ્રેષ્ઠ કામગીરી બદલ અમદાવાદ મંડળને મહાપ્રબંધક પશ્ચિમ રેલ્વે દ્વારા લેવલ ક્રોસિંગ ને સમાપ્ત કરવાની દિશામાં "સર્વોત્તમ માર્ગ સુરક્ષા કાર્ય ના અમલ માટે આંતરમંડળીય શીલ્ડ"થી સન્માનિત કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના દરમિયાન આરપીએફ અમદાવાદ દ્વારા રેલવે સુરક્ષા અને યાત્રિક સેવા ના વિવિધ ક્ષેત્રો માં ઉત્તમ કામગીરી કરતા "સિક્યુરિટી શીલ્ડ" પ્રાપ્ત કરવામાં આવી. રેલવે સંપત્તિની સુરક્ષા, યાત્રિક ગુનાની અટક, યાત્રિક સહાય, સ્ટાફ કલ્યાણ અને રમતો જેવા તમામ ક્ષેત્રોમાં આરપીએફ નું કાર્ય પ્રશંસનીય રહ્યું. વર્ષ દરમિયાન ચોરી થયેલી સંપત્તિમાંથી ૯૭.૨૮% સફળતાપૂર્વક પુનઃપ્રાપ્ત કરવામાં આવી તેમજ યાત્રી સામાનની ચોરીમાં સંડોવાયેલી ૩ ગેંગો ને ઝડપવામાં આવી. ઉચ્ચ મૂલ્યની ઘટનાઓના ઉકેલમાં પણ સફળતા મળી અને ટ્રેનોમાં એસ્કોર્ટ ડ્યુટી વધારવામાં આવી જેથી યાત્રિયોની સુરક્ષા સુનિશ્ચિત થાય. 'રેલ મદદ' પ્લેટફોર્મ પર યાત્રિકોની ફરિયાદોના ઝડપી નિવારણમાં પણ અમદાવાદ આરપીએફનું પ્રદર્શન કાર્ય પ્રશંસનીય રહ્યું. ઉપરાંત, આરપીએફના કચેરીઓ અને બેરેક્સના અપગ્રેડેશન અને નિર્માણકાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું. રમતોના ક્ષેત્રે પણ મંડળે ગૌરવ મેળવ્યું છે, જ્યાં "અખિલ ભારતીય આરપીએફ બેડમિન્ટન ચેમ્પિયનશિપ" સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી હતી અને વિવિધ સ્પર્ધાઓમાં ઘણા મેડલ જીતવામાં આવ્યા. આ સફળતાઓ આરપીએફ ની નિષ્ઠાપૂર્વકની સેવા ભાવના અને બહુમુખી કાર્યક્ષમતાનું પ્રતિબિંબ છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્માએ આ તમામ સિદ્ધિઓ માટે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા અને ભવિષ્યમાં પણ એજ ઉત્સાહ અને સમર્પણ સાથે આગળ વધવા માટે પ્રેરણા આપી. તેમણે જણાવ્યુ કે આ તમામ પ્રતિષ્ઠિત શીલ્ડ્સ મંડળના અધિકારીઓ અને કર્મચારીઓના પરિશ્રમ, નિષ્ઠા અને લગનનું પરિણામ છે.